Chap-A-1

## : શ્રીમદ્ ભાગવત :

મધ્ય યુગના સગુણભાવથી ભકિત કરનારા ભકતોની વાત બરાબર સમજવા માટે તેમના શાસ્ત્રીય મતવાદને જાણવાની જરુર છે. પરંપરાથી એ વાતાવરણમાં ઉછેરલા સહૃદયને એ મતમાં કોઈ વિચિત્રતા કે વિરોધ ન લાગે, પણ બહારની વ્યકિત સમજી નહિ શકે કે વૈરાગ્ય ને ભકિતના પ્રચારક ભકતો પણ કેવી રીતે ચીરહરણ અને પનઘટલીલાઓનું ગાન કરતા હોવા છતાં અપૂર્વ ભાવરસમાં નિમગ્ન થઈજાય છે!

મધ્યકાળના આ શ્રેણીના ભકતોનો પ્રધાન ઉપજીવ્ય ગ્રંથ ' ભાગવતપુરાણ' રહયો છે, પણ તેઓએ અન્ય પુરાણોને પણ પ્રમાણરુપે સ્વીકાર્યા છે. વિદ્દાનોનું અનુમાન છે કે ઈ: ૧૦૦૦ બાદ બધા પુરાણોએ વર્તમાનરુપ ગ્રહણ કરી લીધું હશે. જો કે એમાં જે પ્રાચીન રુપોનો આભાસ મળે છે તે સારો એવો પ્રાચીન હશે. વૈષ્ણવપુરાણોમાં સૌથી વધારે પ્રાચીનતાના ચિહ્નોવાળું ' વિષ્ણુપુરાણ' છે. એ બધા વૈષ્ણવોને માટે પ્રમાણ અને આદરનું પાત્ર છે, પરંતુ ભકિતતત્ત્વનું વિશદ્વર્ણન એમાં નથી. આ વિષયમાં 'શ્રીમદ્ ભાગવત્ ' બેજોડ છે. શું કવિત્વશકિત કે શું શાસ્ત્રીયત્વ કે શું જ્ઞાનચર્ચા - ભાગવત્ નો પ્રતિદ્દન્દ્દી ગ્રંથ કોઈ નથી. કહેવાય છે કે વિદ્દાનોની પરીક્ષા ભાગવત્માં થાય છે.[૧] આ મહાપુરાણે સમસ્ત ભારતચિંતનને પ્રભાવિત કર્યું છે. મધ્યયુગમાં તો ઉકત બે ગ્રંથો કરતાં એનો પ્રભાવ અધિકરહયો છે.[૨]

શ્રીમદ્ભાગવત્ વાસ્તવમાં એક બૃહત્ તથા અત્યંત મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે. બ્રહ્મપુરાણ કે વિષ્ણુપુરાણ કરતાં વધારે વંચાતું, કથા માટે વપરાતું, વધારે લોકપ્રિય તો ભાગવત્ જ છે. એ ભકિતનું આખ્યાન છે. પાઞ્ચરાત્ર સંહિતાઓ જેમ દ્રાવિડદેશમાં તેમ ઉત્તર ભારતમાં ભાગવત પ્રચલિત છે.

વૈષ્ણવ માત્રને ભાગવત્નો ગ્રંથ પ્રાણાધિક પૂજ્ય છે. વેદ, ગીતા અને બ્રહ્મસૂત્ર - ત્રણેનો સાચો અર્થ સમજવો હોય તો તે ભાગવત્ વાંચ્યે સમજાશે. તેથી જ કહેવાયું છે

કે અઢાર પુરાણ રચતાં વ્યાસદેવને જે આત્મસંતોષ ન થયો તે સંતોષ ભાગવત રચતાં થયો.[3]

શ્રી રસેશ કૃષ્ણભગવાનની લીલાના વર્ણનમાં શ્રી વ્યાસજીનું ચિત્ત શાંત થયું. આવો એ 'હરિલીલા' નો પ્રભાવ છે. તેથી શ્રી વલ્લભાચાર્યજી ~~સ્વાખ્યાકરણીઓ~~ એને વ્યાસજીનો સમાધિભાષાવાળો ગ્રંથ ગણે છે.[4] તેના ગાયકશ્રી, ગર્ભયોગી શુકદેવજી છે. કેવલાદ્વૈતમતના આચાર્ય શ્રી, શંકરાચાર્ય પણ તેને પૂજ્ય ગ્રંથ ગણે છે, તો વિશિષ્ટાદ્વૈત, દ્વૈત, દ્વૈતાદ્વૈત અને શુધ્ધાદ્વૈત વેદાન્ત સિધ્ધાંતના આચાર્યો એક સરખા માનથી આ પુરાણ તરફ મમતા ધરાવે છે. ( ~~તો પછી અન્ય આચાર્યો રામાનુજ, મધ્વ, નિમ્બાર્ક, વલ્લભ ચૈતન્ય વગેરે તેને શિરોમાન્ય રાખે તેમાં શી નવાઈ ?~~ ) ભાગવતકારને મતે તે નિગમ કલ્પતરુનું સ્વયંગલિત ફલ છે,[5] જેને શુકદેવજીએ પોતાની મધુર વાણીમાં ગૂંથી અમૃતમય બનાવ્યું છે. તે ભકિતશાસ્ત્રનું સર્વસ્વ છે. વૈષ્ણવધર્મના અવાંતરકાલમાં લગભગ સમસ્ત ધાર્મિક સંપ્રદાય ભાગવતથી પ્રભાવિત થયા છે- વિશેષત: વલ્લભ સંપ્રદાય અને ચૈતન્ય સંપ્રદાય, જે પ્રસ્થાન -ત્રયીની સાથે ભાગવતપુરાણને પોતાનું ઉપજીવ્ય માને છે.

વલ્લભસંપ્રદાય પર ભાગવતનો ઘણો પ્રભાવ છે. આ કારણે જ આ સંપ્રદાય આટલો અધિક સરસ અને રસસ્નિગ્ધ છે. ભાગવતમાં સરસ ગેયગીતોની પ્રધાનતા સાથે ભગવાનની સ્તુતિઓ એટલી આધ્યાત્મિકતાથી પૂર્ણ છે કે એને બુધ્ધિગત કરવી એ વિશેષ શાસ્ત્રજ્ઞ, મર્મજ્ઞોનું કાર્ય છે.

ભાગવતઅદ્વૈતવાદનું પ્રતિપાદન સ્પષ્ટ શબ્દોમાં કરે છે. એનો આધ્યાત્મિક પક્ષ છે, પૂર્ણ અદ્વૈત તથા વ્યવહારપક્ષ છે, વિશુધ્ધભકિત. તે અદ્વૈતજ્ઞાન સાથે ભકિતનું સામંજસ્ય ઉપસ્થિત કરે છે, એજ તેની વિશેષતા છે. તેના દાર્શનિક સિધ્ધાંતો અને વિશુધ્ધ ભકિતએ ગુજરાતી કૃષ્ણ ભકિતકાવ્યને ઘણું પ્રભાવિત કર્યું છે.

એમાં વિષ્ણુના ૨૨ અવતારોનું વર્ણન છે, જેમાં કૃષ્ણાવતારનું વર્ણન મુખ્ય છે. વિષ્ણુના મહિમાનું વર્ણન કરવું એની એક મોટી વિશેષતા છે. વિષ્ણુપરક હોવા છતાં આ પુરાણમાં અન્ય કોઈ દેવતા પ્રતિ અનુદાર દષ્ટિકોણ નથી.

ભાગવતપુરાણ એ ભાગવત સંપ્રદાયનું પુરાણ છે. આજે પણ એ વૈષ્ણવોનું સૌથી મહત્ત્વનું ને સૌથી લોકપ્રિય પુરાણ છે. ભાગવત એટલે ભગવત્( ભગવાન્)ના ઉપાસક.

વૈષ્ણવધર્મ ભાગવતધર્મ કહેવાવાનું કારણ એ કે ઉપનિષદો , ચરક, સુશ્રુત જેવા વૈદ્યોના પ્રાચીનતમ ગ્રંથો અને બૌધ્ધસૂત્રો ઈત્યાદિમાં જેમ ઉપદેશક માટે 'ભગવત્' શબ્દ વપરાયો છે, તે રીતે તે કાળના રિવાજને અનુસરીને શ્રીમદ્ ભગવદ્ગીતાના ઉપદેશક વાસુદેવ માટે ' ભગવત્ ' શબ્દ વાપરીને, વાસુદેવના શબ્દોની શરુઆતમાં ' ભગવાને કહયું ' એમ ગીતામાં કહેવાયું છે. પાછળથી વાસુદેવના અનુયાયીઓમાં ' ભગવત્ ' નામ વાસુદેવનો પર્યાય થઈ ગયું. પરિણામે વાસુદેવનો ભકત તે 'ભાગવત્ ' અને વાસુદેવની ભકિતનો માર્ગ તે'ભાગવતધર્મ' એમ ' ભાગવત ' શબ્દ રુઢિથી વપરાવા લાગ્યો.

વૈષ્ણવોને માટે ' ભાગવત' શબ્દ મહાભારતના પ્રામાણિક ભાગોમાં મળતો નથી. પરંતુ ' નારાયણીય ઉપાખ્યાન ' માં ભીષ્મયુધિષ્ઠિરના સંવાદની બહાર જે અધ્યાયો પાછળથી ઉમેરાયેલા છે, તેમાં જરુર મળી આવે છે. આ અધ્યાયો ' પંચરાત્ર સંપ્રદાય' ના સંપૂર્ણ વિકાસ પછીના છે. તેથી એની પ્રાચીનતા સંદિગ્ધ છે. છતાં ૧લી સદી જેટલો આ શબ્દ જૂનો હોવાની શંકા જ નથી.

કેમકે 'શુંગ' વંશના રાજાઓ ' પરમ ભાગવત' કહેવાયા છે. એથીયે પહેલાં ઈ.પૂ ૨જી સદીમાં ' ભાગવત ' શબ્દ આ રીતે વપરાતો એમ વિદિશાના

ગરુડધ્વજના લેખથી જણાય છે.

ગુપ્તવંશના રાજાઓ ભાગવતમાર્ગના અનુયાયીઓ હતા, અને એ માર્ગને ભારે વેગ આપનાર હોઈ, એમના યુગના ઉત્કીર્ણલેખોમાં ' પરમ ભાગવત' નું વિશેષણ એમના નામની આગળ આપવામાં આવતું. ભીલસામાં આવેલા ' ગરુડસ્તંભના સંસ્થાપક વૈષ્ણવ બનેલા ગ્રીક દૂત હેલિયોડોરસના ત્યાંના લેખમાં એને ' પરમ ભાગવત' કહયો છે.

ભાગવત તો ' ભાગવતપ્રધાન' શબ્દોથી વૈષ્ણવો જ છે એમ કહે છે. ' ભગવત: અયં ભાગવત: ।'[2] - આ ભગવાનને લગતો, ભગવાન વિષાયક માર્ગ કે ધર્મ હોવાને કારણે ' ભાગવત' અને ભગવાનના ભકતો તે પણ આજ રીતે ' ભાગવત' છે. ભાગવત સંપ્રદાય ભગવાનને રસરુપ અને આનંદરુપ માની તેની પ્રાપ્તિને માટે સતત ઉદ્યોગશીલ રહે છે.

શ્રીમદ્ ભાગવત એનાં પુરોગામી સાહિત્ય કરતાં ઘણી બધી બાબતોમાં ભિન્ન પ્રતીત થાય છે. તે એક પુરાણ હોવા છતાં ભકિતમાર્ગનો પ્રમાણભૂત ગ્રંથ છે. કારણ કે એમાં ભકિતનો નવો સિધ્ધાંત, નવો દષ્ટિકોણ રજૂ કરવામાં આવ્યો છે. અને એમાં જ એની વાસ્તવિક મહત્તા દષ્ટિગોચર થાય છે.

ગીતા પછીનું આંતરઅનુભવથી રંગાયેલું ભકિતતત્ત્વનું ઘણું ઊંડું વિવરણ ભાગવતમાં મળે છે. ગીતાના ભકિતવિષાયક વિચારોનો સંગ્રહ કરવા ઉપરાંત ગીતા પછીના આલવારો જેવા ભકતોની ઈશ્વરપ્રીતિના અનુભવનું રહસ્ય પકડીને ભકિત વિશે ઘણી નવી વાતો વિસ્તારથી ભાગવતમાં કહેલી છે.

ભાગવતમાં ઈશ્વરનું સ્વરુપ ઔપનિષાદ બ્રહ્મને મળતું વર્ણવેલું છે. પણ જૂના ઉપનિષાદનું વલણ નિર્ગુણ બ્રહ્મ તરફ છે, ત્યારે ભાગવતનું નિર્ગુણ- સગુણનો અભેદ માનીને

પણ સગુણ તરફ વલણ છે. ત્રિમૂર્તિની ભાવના ગીતામાં કે નારાયણીપર્વમાં નથી. માત્ર વિષ્ણુપુરાણ અને ભાગવતમાં છે. ત્રિમૂર્તિમાં વિષ્ણુ ભાગવતકારના ઇષ્ટદેવ છે. વિષ્ણુ સાથે તેના અવતારોની એકતા સ્વીકારી લઈને વિષ્ણુ કે બ્રહ્મ એજ કૃષ્ણ છે, એમ ભાગવતકાર કહે છે. જે જે પુરાણોમાં મુખ્યત્વે તત્ત્વચિંતન છે, તેમાં તદ્વિષયક ઝીણામાં ઝીણી વાતને પણ જતી કરવામાં આવી નથી. તેનું ઉદાહરણ ભાગવત પૂરું પાડે છે. જોકે મહાભારતમાં રાજધર્મ, મોક્ષધર્મ, તેમજ બીજે પણ ઘણે સ્થળોએ મનુષ્યકર્તવ્ય, ચાર પુરુષાર્થો વગેરેનાં વર્ણન આવે છે, તેમ છતાં પરમશ્રેયના વિષયમાં જે સ્વરુપ ભાગવતમાં મળે છે, તેટલા પૂર્ણ સ્વરુપે તેમાં નથી મળતું ! હરિવંશ' અને ' વિષ્ણુપુરાણ' માં કૃષ્ણના ચરિતનું વર્ણન છે, પરંતુ જે વિશદતાથી અને સમર્થ રીતે ભાગવતમાં છે, તેવું તેમાં નહીંજ. શ્રી: દુર્ગાશંકર શાસ્ત્રીના શબ્દોમાં જોઈએ : ' વિષ્ણુપુરાણની ભકિત કરતાં ભાગવતની ભકિત વધારે ઊંડી, વધારે સૂક્ષ્મ, વધારે કવિત્વમય તથા વધારે તીવ્ર છે.[6] આગળ જતાં અન્ય પુરાણો કરતાં ભાગવતની વિશિષ્ટતા દર્શાવતાં તેઓ જણાવે છે: પુરાણોમાં શ્રીમદ્‌ભાગવત ઘણી રીતે ભાત પાડે છે. ઘણાં પુરાણો સંગ્રહાત્મક છે. જુદે જુદે સ્થળેથી, મહાભારતમાંથી, રામાયણમાંથી, બીજા પુરાણોમાંથી, કંઠસ્થ પૌરાણિક સાહિત્યમાંથી, વૈષ્ણવ, શૈવ અને શાકત વગેરે સાંપ્રદાયિક' સાહિત્યમાંથી- એમ વસ્તુનો અને ઘણીવાર શબ્દોનો પણ સંગ્રહ કર્યો છે, પણ શ્રી ભાગવત એક કર્તાની સ્વતંત્ર રચના છે.[7]

ભાગવતમાં વિષ્ણુના જુદા જુદા અવતારોનાં, ભકતોનાં ચરિત્રો, કૃષ્ણનો ગુણાનુવાદ, ભકિતનું સ્વરુપ દાખલાઓથી સમજાવવા માટે સવિસ્તર ગાયેલાં છે. આમ વૈષ્ણવભકિતનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ ભાગવત જ કહી શકાય. પુરાણોમાં શ્રીમદ્ ભાગવત વેદની સમકક્ષ મનાય છે. ' પુરાણોના તત્ત્વાર્થ પરજ વિકસિત થઈ વૈષ્ણવભકિત પોતાની

પ્રૌઢાવસ્થા સુધી પહોંચી.[8]

વિશેષત: કૃષ્ણની લીલાઓનું, તેમની પરાક્રમી, કરુણાપૂર્ણ તથા પ્રેમપૂર્ણ જીવનનું વિસ્તૃત વર્ણન ભાગવતમાં મળે છે. ભાગવતમાં પ્રેમમય જીવનનું તથા માધુર્યભાવનું જે વર્ણન કરવામાં આવ્યું છે તેજ મધ્યયુગમાં વિભિન્ન ભકિત સંપ્રદાયોનો પ્રેરણાદાયક આધાર બન્યું છે.[9] ભાગવત પૂર્ણરુપે કૃષ્ણભકિતનો સુંદરતમ ગ્રંથ છે અને કૃષ્ણભકતોનો પ્રાણ છે. વેદરુપી કલ્પતરુના નિચોડરુપે રહેલું ( ભા ૧.૧-૩) આ ભાગવત અન્ય પુરાણો કરતાં તત્વચિંતનના વિષયમાં ઘણું જ આગળ છે. કપિલના સેશ્વર સાંખ્યનું તૃતીય સ્કંધના અંતભાગમાં (અ.૨૫,૨૬ ) વિસ્તૃત સ્વરુપ ભાગવતમાં જ મળે છે. તે ઉપરાંત, યોગનું સ્વરુપ ત્યાં જ (અ.૨૭,૨૮ ) પ્રાપ્ત થાય છે. ઉપનિષદો અને ગીતામાં સૂચવાયેલા અદ્વૈતવાદનું સ્વરુપ બારીકમાં બારીક રીતે ભાગવતમાં જ મળે છે. શ્રીમદ્ ભગવદ્ગીતાનું તો આ જાણે ભાષ્ય ના હોય તેમ લાગે છે.

શ્રીમદ્ ભગવદ્ગીતાની ભકિત એ જ્ઞાનયોગમિશ્ર ભકિત[10] છે. ભકિતમાર્ગના વિકાસ સાથે ધીમે ધીમે જ્ઞાનયોગથી ભકિત સ્વતંત્ર થતી જાય છે અને ભાગવતમાં એનું પૂર્ણ સ્વતંત્ર રૂપમાં દર્શન થાય છે. જ્ઞાનયોગને બાજુ પર રાખીને કેવળ ભકિતને કેળવવાનો માર્ગ ભાગવતકારના વખતમાં ભગવદ્ભકતોના હાથમાં આવી ગયો. પણ એજ સ્થિતિ અંત:કરણની વૃત્તિઓના સમન્વયની દષ્ટિએ એનું ભયસ્થાન છે. ભકિત જ મોક્ષનું સાધન અને જ્ઞાન, વૈરાગ્ય, યોગ વગેરેની અંત:કરણને ઉન્નત કરનારી કેળવણી સિવાયની શુધ્ધ ઈશ્વર પ્રીતિ એ જ ભકિત . આ માન્યતાને પરિણામે સમાજમાં અજ્ઞાન, સ્ત્રૈણભાવ અને નિર્બળતા વધે એ સ્વભાવિક છે.

કેવળ ભકિતનું તાત્વિક નિરુપણ કરવું એ ભાગવતકારનું લક્ષ્ય નથી. ' ભગવાન હરિમાં માણસોની ભકિત થાય ' એ માટે વિષ્ણુના અવતારોની ચાલી આવતી કથાઓ વિસ્તારીને કહેવી એ એનું લક્ષ્ય છે. ભકિતની પ્રેરણા આપે એવી આકર્ષક

વાણીમાં ભાગવતકારે વિષ્ણુના વરાહ, વામન, કપિલ વગેરે અવતારોની કથા, મુખ્ય વિષય હોય એ રીતે કૃષ્ણચરિત, ધ્રુવ, પ્રહલાદ, અક્રૂર વગેરે ભક્તોના ચમત્કાર ભરેલા પ્રભુકૃપાના નિદર્શક ચરિત્રો લખેલ છે.

અન્ય પુરાણો કરતાં ભાગવતનું ખાસ વિશિષ્ટત્વ એ છે કે બીજાં પુરાણોમાં સર્ગ, પ્રતિસર્ગ, વંશ, મન્વન્તર અને વંશાનુચરિત પાંચ લક્ષણ પ્રાપ્ત થાય છે ત્યારે ભાગવતમાં સર્ગ ,વિસર્ગ, સ્થાન, પોષણ, ઉતિ, મન્વન્તર, ઈશાનુકથા,નિરોધ, મુકિત અને આશ્રય એવાં દશ લક્ષણો પ્રાપ્ત થાય છે.[११] ત્રીજા સ્કંધથી બારમા સ્કંધ સુધીમાં ક્રમે ક્રમે આ લક્ષણોને અનુકૂળ વર્ણનો પ્રાપ્ત થાય છે.

આમ ભાગવત અતિ વિશદ્ સ્વરુપમાં ૧-તત્ત્વજ્ઞાન, ૨.પરમ પુરુષાર્થ, ૩. મનુષ્ય કર્તવ્ય, ૪. મનુષ્યોની જગતનાં અન્ય યાવજ્જીવજાત તરફ ફરજ અને ૫. અનેક પ્રકારનાં કર્મોનાં પરિણામે પ્રાપ્ત થતા અનેક પ્રકારના દેહો - એ દરેકને ઈષ્ટ પાંચે પ્રશ્નોનો ઉકેલ આપે છે. સેશ્વરવાદી હો કે નિરીશ્વરવાદી હો , એ ઉભયને આ પુરાણ જો નિષ્પક્ષપાત દષ્ટિથી વિલોકવામાં આવે તો ઉપકારક જ નીવડે તેમ છે. આ મહત્તાને લીધે બધાં પુરાણો કરતાં શ્રેષ્ઠ પુરાણ તરીકે ભાગવતપુરાણની ગણના છે.

' હરિવંશ,' 'બ્રહ્મપુરાણ' અને 'વિષ્ણુપુરાણ ' કરતાં ભાગવતમાં ઘણો નવો ઉમેરો છે. ઉદાહરણ તરીકે કૃષ્ણચરિત્રનું વર્ણન ' વિષ્ણુપુરાણ' માં ૩૮ અધ્યાયને ઠેકાણે ભાગવતમાં ૯૦ અધ્યાયમાં આપેલું છે. આ નવો ઉમેરો ' પરસ્પર હરિનું સ્મરણ કરાવતા ભક્તજનો '(ભા.૧૧-૩-૩૦ ) માં પ્રચલિત કથાઓમાંથી આવ્યો છે. ભાગવતકારની કલ્પનાશકિતનું પરિણામ આવો ઉમેરો હોવાના સંભવની ના પાડવી મુશ્કેલ છે પણ ભગવાનના અવતારોની, ભક્તોની, ગ્રંથો મારફતે કે મોઢે ચાલી આવતી કથાઓને આકર્ષક શૈલીમાં કહેવામાં, વિસ્તારવામાં ભાગવતકારે પોતાની

અસાધારણ કવિત્વશકિત , કલ્પનાશકિત વાપરી છે. નવી કથા ભાગ્યેજ કલ્પી છે. યશોદાને શ્રીકૃષ્ણ પોતાના મોઢામાં સમસ્ત વિશ્વ દેખાડે છે. યશોદા તેને દોરડાંઓથી બાંધે છે,-ઈત્યાદિ કથાઓ ભગવાનનું માહાત્મ્ય દર્શાવવાના, વાત્સલ્ય ભકિતના દાખલા આપવાના, ભગવાન ભકિતવશ - એ તત્ત્વ સમજાવવાના- ઉદ્દેશથી ઉમેરાઈ છે.[૧૨]

ભાગવતમાં નવધા ભકિતનું નિરુપણ કરવામાં આવ્યું છે પણ એમાં કયાંય કાન્તાભકિત કે દાંપત્યભકિતનો ઉલ્લેખ નથી: છતાં ભકિત એટલે ખરી રીતે તો ભગવાન ઉપર ભાવ કે પ્રેમ, એ પણ ' પ્રણય ' અને ' પ્રેમ' જેવા શબ્દો વાપરીને કહ્યું છે. એનું મહત્ત્વ સૂચવતાં કહ્યું છે : ' માત્ર ભાવથી જ ગોપીઓ, ગાયો, પક્ષીઓ વગેરે મને સાક્ષાત્ પ્રાપ્ત થાય છે '[૧૩] મૂર્તિપૂજાને ભાગવતમાં ઘણું ગૌણ સ્થાન છે.[૧૪] કર્તાની અન્તર્દષ્ટિએ શ્રી કૃષ્ણનું અમૂર્ત પરમેશ્વરરૂપ જ હોવા છતાં પોતે અવતારી માનવરૂપધારી શ્રીકૃષ્ણની કથા કહે છે, એ વાત પર ધ્યાન આપે છે. એ બન્ને રૂપ એકજ છે, બંનેમાં જરા પણ અંતર નથી ' શ્રીકૃષ્ણ માયાથી શરીરધારી હોય એવા લાગે છે.'[૧૫] બાકી ' એ છે તો ભગવાન પોતે જ '[૧૬] - એવી કર્તાની માન્યતા હોવાથી જે વર્ણન સર્વાન્તર્યામી ઈશ્વર સંબંધમાં કરવામાં વાંધો નહિ, તે વર્ણન માનવરૂપધારી શ્રીકૃષ્ણના સંબંધમાં કરે છે. આ મનઃસ્થિતિને પરિણામે ગોપીઓ અંતર્યામી પરમાત્મારૂપે શ્રીકૃષ્ણને જાણે છે અને તેની ભકિત જ માગે છે.[૧૭] 'શ્રીકૃષ્ણને ગોપીઓ જાર બુધ્ધિથી પ્રાપ્ત થઈ અને તેનો બ્રહ્મભાવ નહોતી જાણતી'[૧૮]- એવું સ્વોકતવિરોધી કથન પણ કરે છે.

ભાગવતકારનો આ માનસિક ગુંચવાડો રાસપંચાધ્યાયીના અંતના પ્રશ્નોત્તરમાં સ્પષ્ટ દેખાય છે.[૧૯] ભાગવતકારે રાસક્રીડાનું વર્ણન એને ભકિતપોષક માનીને કર્યું છે એ એના ચોથા ખુલાસાથી સમજાય છે. એ ઉપરાંત , ગ્રંથ સ્તુતિ જેવા એના છેલ્લા -૪૦ મા શ્લોકમાં કર્યું છે.

Kalpana's

કૃષ્ણચરિત્રની કથાને ઐતિહાસિક દૃષ્ટિએ ભાગવતકારે નથી જોઈ, એ વાત 'હરિવંશ,' 'વિષ્ણુપુરાણ' અને 'ભાગવત'ના કૃષ્ણચરિત્રોને સરખાવી જોવાથી સમજાશે. તેની દૃષ્ટિમાં તો એ ભગવાનની ભક્તિપ્રેરક કથા છે. સમગ્રકથા કે ભાગવતકારના બધા ઉમેરાઓ રહેવા દઈ, ભક્તિમાર્ગના ઈતિહાસમાં જેનો મહત્ત્વનો ફાળો છે એ ગોપીઓ અને કૃષ્ણની ક્રીડા જોઈએ.

ગોપીઓ સાથે શ્રીકૃષ્ણને નાચગાનવાળી ક્રીડા કર્યાની કથા તો 'હરિવંશ' 'વિષ્ણુપુરાણ' માં હોઈને જૂના વખતથી ચાલી આવતી. તેનો ભાગવતકારે ભક્તિ પોષક કલ્પનાથી પુષ્કળ વિસ્તાર કર્યો છે. 'વસ્ત્રહરણલીલા[20] જેવા નવા પ્રસંગો ઉમેર્યા છે. ગાઢ ભક્તિના વેગમાં ભક્તો લોકલાજ, લોકબુધ્ધિ, લોકવ્યવહાર ને છોડી દે છે. એ પોતાના સિધ્ધાંતનો[21] દાખલો વસ્ત્રહરણલીલાના વર્ણન દ્વારા ભાગવતકારે આપ્યો છે.

રાસક્રીડાનાં વર્ણનના 'વિષ્ણુપુરાણ'ના એક અધ્યાયના ભાગવતકારે પાંચ અધ્યાયો કરી, એને વિસ્તારથી મહત્ત્વ આપ્યું; એટલું જ નહિ, એ વર્ણનમાં એવી સરસતા મૂકી છે કે રાસપંચાધ્યાયી પાંચ અંકનું ગીતમય નાટક હોય એટલી સ્વતંત્રતા એ વર્ણનને મળી.

'વિષ્ણુપુરાણ' ના કર્તાની જેમ ભાગવતકારને પણ ગોપીઓ સાથેની રાસક્રીડામાં વ્યભિચારનો ભાસ થયો છે અને પોતે કરેલ ક્રીડાવર્ણનને ખૂબ સ-રસ બનાવવા માટે જે ઉમેરા ભાગવતકારે કર્યા છે. તેમાંના કેટલાંક શબ્દો તો નાચવાળી સાદી રમતગમતની મર્યાદાને ઓળંગી જાય છે.[22] પણ તેણે જેમ વિલાસનું તત્ત્વ ગાઢ કર્યું તેમ ભક્તિતત્ત્વને ગાઢતર કર્યું છે.

ભાગવતકારનો સિધ્ધાંત: 'કોઈ પણ રીતેકૃષ્ણમાં મનને જોડવું'-[23] છે. હવે ભગવાનના ગુણશ્રવણથી એનામાં મન જોડાઈ જાય તો ઉત્તમ, પણ 'કામથી,

ભયથી, દ્વેષથી કે સ્નેહથી પણ ભકિતથી ભગવાનમાં જેવું મન જોડાય, તેવું મન જોડનાર પાપથી છૂટી સદ્ગતિ પામે'[24] અને કામથી ભગવાનમાં મન રાખનારનો દાખલો ગોપીઓનો આપ્યો છે.[25] ગોપીઓ કામવશ થઈને શ્રીકૃષ્ણ તરફ આકર્ષાઈ. તેઓ કાંઈ એને ઈશ્વર જાણીને ભજતી નહોતી. છતાં શ્રીકૃષ્ણ તો સાક્ષાત્ ભગવાન છે અને તેને કામથી ભજનારની પણ કામવાસના છૂટી જાય અને તે પરમગતિ પામે એવો તેનો મહિમા છે- એમ કર્તા આ રાસલીલા પ્રકરણથી જાણે કહેવા માગે છે.

'રાધા' નો નિર્દેશ આ ગ્રંથમાં નથી મળતો. એથી કહી શકાય કે 'રાધા' પછીના સમયની કલ્પના છે પરંતુ એમાં વર્ણિત ગોપીઓમાં એક ગોપી કૃષ્ણને વિશેષ પ્રિય છે, જેને કૃષ્ણની સાથે એકલી વિહાર કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. એના સૌભાગ્યને જોઈ અન્ય ગોપીઓ કલ્પના કરે છે કે નકકી એ ગોપીઓ પોતાના પૂર્વજન્મમાં વિશેષ નિષ્ઠા અને પ્રેમથી કૃષ્ણની ભકિત કરી હશે, જેના ફલસ્વરુપે આજે તે કૃષ્ણના વિશેષ સ્નેહની કૃપાપાત્ર બની શકી છે. અહીંથી જ રાધાની કલ્પનાનો આરંભ થયો હશે એવું સાર્થક અનુમાન કરવામાં આવે છે. 'રાધા' શબ્દની વ્યુત્પત્તિ 'राध्' ધાતુથી થઈ હશે, જેનો અર્થ થાય છે- 'પ્રસન્ન અથવા પ્રમુદિત કરનારી.' 'आराधना' શબ્દમાંથી પણ તેની વ્યુત્પત્તિ સંભવે છે. કયા ગ્રંથમાં રાધાનો ઉલ્લેખ સર્વપ્રથમ થયો હશે, એનો નિશ્ચિત રુપમાં નિર્ણય કરવો કઠિન છે: તો પણ રાધાવલ્લભીય સંપ્રદાયની રચના 'ગોપાલતાપનીય ઉપનિષદ' માં એનો સર્વપ્રથમ ઉલ્લેખ થયો હશે એવી સંભાવના વિચારવામાં આવી છે.[26]

કાવ્યરસ બ્રહ્માસ્વાદ સહોદર છે પણ ભાગવતરસ તો સ્વયં બ્રહ્માનંદ- બ્રહ્માસ્વાદ જ છે. અહીં કહી શકાય કે શ્રીમદ્ ભાગવત અને મૂર્ત સ્વરૂપ ભગવાનશ્રીકૃષ્ણ – એ બન્નેનું એવું ઐકય છે કે શ્રીકૃષ્ણ એજ ભાગવત અને ભાગવત એ જ કૃષ્ણ છે એ સિધ્ધ છે.

ભાગવત પછી જ ' ગીતગોવિંદ ' જેવી કૃતિઓનો પ્રવાહ સારાયે દેશમાં આવ્યો. પરંતુ રાધાકૃષ્ણ અને ગોપીકૃષ્ણની ક્રીડાઓનું શૃંગારરસપૂર્ણ નિરુપણ કરનારાં કાવ્યના બધા કર્તાઓમાં અને ભોકતાઓમાં ભાગવતકારનાં જ્ઞાન વૈરાગ્ય નથી હોતાં. શૃંગારની છાપ પાડે અને કામવાસના જગાડે એવો સંભવ પણ ખરો ' ગીતગોવિંદ' થી તે આજ સુધી આ દેશના સમાજ ઉપર આવી અનિષ્ટ અસર પુષ્કળ થઈ છે. ભાગવતથી જ ભકિતમાર્ગની જે નીચી ગતિ થઈ છે તે આ રસ્તે થઈ છે.

જો કે ભાગવતકારે નિરતિશય ભક્તિનો અપૂર્વ ગ્રંથ જગતને આપ્યો છે. અને એ વ્દારા પરાભકિત અને પરમાત્માનો સાક્ષાત્કાર કરાવ્યો એ નિર્વિવાદ સત્ય છે.

Kalpana's

પાદટીપ

૧: વિદ્યાવતાં ભાગવતે પરીક્ષા :

૨: વિભિન્ન ભારતીય ભાષાઓમાં આ ગ્રંથના અનુવાદો વિપુલ સંખ્યામાં થયા છે.

૩: ભાગવત ધર્મની પ્રતિષ્ઠા, ચડિયાતાપણું ને ભાગવતની રચનાના ઈતિહાસના સંબંધમાં ભાગવતમાં એક કથા છે -' વ્યાસજીને થયું કે મહાભારત અને ગીતા માં પ્રતિપાદિત નૈષ્કર્મ્ય પ્રધાન ભાગવતધર્મમાં ભક્તિનું યથાર્થરૂપ ઉઠાવ નથી પામ્યું ત્યારે તેમણે નારદમુનિને પોતાની મનોવ્યથા કહી. નારદમુનિએ તે દૂર કરવાનો ઉપાય બતાવ્યો : ' હે મહર્ષિ, સમાધિથી પરમાત્મ સ્વરૂપનું જ્ઞાન મેળવી ભગવાન શ્રી કૃષ્ણની લીલાઓનું વિસ્તારથી વર્ણન કરો' આથી મહર્ષિ વ્યાસે આ સાત્ત્વત સંહિતાનું પ્રણયન કર્યું, વિસ્તારથી ભાગવતધર્મ અને વાસુદેવના ચરિત્રનું વર્ણન કર્યું. આમ તેઓ ભક્તિપ્રધાન' ભાગવત પુરાણની રચના કરી અપૂર્વ સંતોષ પામ્યા.

૪: વેદા: શ્રીકૃષ્ણાનિ વાક્યાનિ વ્યાસસૂત્રાણિ ચૈવ હિ :
સમાધિભાષા વ્યાસસ્ય પ્રમાણં તચ્ચ તુષ્ટયમ્ ::

-શ્રી: વલ્લભાચાર્ય : (સર્વ પ્રકરણ નિર્ણય)

~~બ્રહ્મસૂત્ર પરનું અણુભાષ્ય :૧:૧:૧ ના ભાષ્યમાં~~

~~આપેલી કારિકા:~~

જે પરમ તત્ત્વોની અનુભૂતિ વ્યાસજીને સમાધિ દશામાં થઈ હતી. તેનું વિસ્તૃત વર્ણન વ્યાસજીએ ભાગવતમાં કર્યું છે.

૫: શ્રીમદ્ ભાગવત :૧:૧:૨ .

૬: પુરાણવિવેચન : પૃ: ૧૮૭

૭: પુરાણ વિવેચન : પૃ:૨૦૪:

૮: રાધાવલ્લભ સંપ્રદાય , સિધ્ધાંત ઔર સાહિત્ય : શ્રી: વિજયેન્દ્ર સ્નાતક પૃ: ૧૩:

૯: An outline of the Religious Literature in India:Folknar: P:230.

૧૦: શ્રીમદ્ ભગવદ્ગીતા: ૭:૧૯: , ૯:૧૩:

૧૧: શ્રીમદ્ ભાગવત્ :૨:૧૦:૧ :

૧૨: ભાગવતકારના પોતાના શબ્દો: શ્રીમદ્ ભાગવત: ૧૦:૮:૫૧: ૧૦:૯:૧૮:૧૯

૧૩: શ્રીમદ્ ભાગવત :૧૧:૧૨:૮

૧૪: ભાગવત પહેલાં લગભગ ૧૦૦૦ વર્ષથી આ દેશમાં ચાલુ થયેલી મૂર્તિપૂજાને ભાગવતકારે પ્રાકૃત ગણી છે. એ સંસ્કૃતિના ઈતિહાસની દષ્ટિએ મહત્ત્વનું છે.

૧૫ : શ્રીમદ્ ભાગવત :૧૦:૧૪:૫૫

૧૬: એજન: ૧:૩:૨૪

૧૭: એજન: ૧૦:૨૯:૩૧,૩૨,૩૩,૧૦:૩૧:૪.

૧૮: એજન: ૧૦:૨૯:૧૧,૧૨.

૧૯: એજન: ૧૦:૩૩:૨૮: ૩૦થી ૩૮

૨૦: એજન: ૧૦:૨૨

૨૧: એજન: ૪:૨૯:૪૬

૨૨: એજન: ૧૦:૨૯:૪૬

૨૩: એજન: ૭:૨:૩૧.

૨૪: એજન: ૭:૧:૩૩,૩૪.

૨૫: એજન: ૭:૧:૩૫

૨૬: The Religious Quest of India.

## : શ્રીમદ્ ભાગવત – દશમસ્કંધ :

શ્રીમદ્ ભાગવતને ખાસ ઉત્કૃષ્ટતા દશમસ્કંધ અને એકાદશસ્કંધ અર્પે છે. આમાં દશમસ્કંધ અનન્યભકિતને આદર્શ દૃષ્ટાંતદ્વારા અભિવ્યકત કરે છે, જ્યારે એકાદશસ્કંધ ભકિત સ્વરુપ અને ભકિત-માર્ગાનુકૂળ અનેક પ્રકારનાં સાધનો રજૂ કરે છે. છૂટોછવાયો ભકિત-યોગ તે ઉપરાંત બીજા સ્કંધોમાં પણ મળે છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં ' સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ' (૧૮-૬૬) – આમાં જે શરણ માર્ગનું સૂચન છે, તેનો જ વિસ્તાર દશમસ્કંધ પૂરો પાડે છે.

શ્રીકૃષ્ણના બાલ્યકાળના પરીક્ષણ, નિરીક્ષણ કરવાના હેતુથી ભાગવતનું શરણ લેવું પડે છે. કારણ આ પુરાણમાં તેમની જીવનચર્યા વિસ્તૃત રુપમાં વર્ણિત છે. આમ તો ભાગવતમાં અન્ય અવતારોની પણ કથા છે. પણ મુખ્ય રુપમાં શ્રીકૃષ્ણચરિત્રની પ્રધાનતા છે. એ પોતાની રીતનું અદ્વિતીય, સાહિત્યિક અને સરસ પુરાણ છે.

શ્રીમદ્ ભાગવતમાં કુલ ૧૨ સ્કંધ છે. દશમસ્કંધમાં જ કેવળ શ્રીકૃષ્ણચરિત્ર છે. એ સૌથી મોટો સ્કંધ છે. લગભગ સમસ્ત પુરાણનો એક ચતુર્થાંશ ભાગ કરતાં ય વધુ વિસ્તાર ધરાવે છે. આ સ્કંધ ૯૦ અધ્યાયનો છે, જ્યારે બીજા બધા સ્કંધોમાં લાંબામાં લાંબો સ્કંધ માત્ર ૩૩ અધ્યાયનો છે. પાંચ સ્કંધ તો ૧૦ થી ૧૯ અધ્યાયના છે.

સમસ્ત ભાગવતપુરાણનો સૌથી મહત્ત્વનો અને સૌથી લોકપ્રિય સ્કંધ દશમસ્કંધ છે. એના બે ભાગ પડે છે. એકમાં ૪૯ અધ્યાય અને બીજામાં ૪૧ અધ્યાય છે. પહેલા ભાગમાં શ્રીકૃષ્ણની વૃંદાવનીય તથા મથુરાની લીલાઓ વર્ણિત છે, બીજામાં કૃષ્ણના ઉત્તરીય જીવનની કથા છે, જેનો દ્વારિકા સાથે સંબંધ છે. આમ ૯૦ અધ્યાયમાં કૃષ્ણથી સંબધ્ધ વિશદ વર્ણન છે.

વંશની જેમ વંશાનુચરિત એ પુરાણોનો એક મુખ્ય વિષય છે. એમાં શ્રીકૃષ્ણ વાસુદેવના ચરિત્રનો અહીં આટલો બધો વિસ્તાર કરવામાં આવ્યો છે. યદુકુલસંહાર અને દેહોત્સર્ગની અંતિમ ઘટનાઓનો વૃત્તાંત એકાદશ સ્કંધમાં આપવામાં આવ્યો છે. તે સિવાયનું સમગ્ર

કૃષ્ણચરિત્ર દશમમાં નિરુપાયું છે. ભાગવતમાંથી દશમ બાદ કરો તો આત્મા વિનાના કલેવર જેવું લાગે.

શ્રીકૃષ્ણના ચરિતના કેટલાક પ્રસંગ મહાભારતમાં પ્રાસંગિક રીતે આલેખાયા છે. ' હરિવંશ' માં બાલલીલા વગેરેના પૂરક પ્રસંગો નિરુપાયા છે. આથી શ્રીકૃષ્ણનું આખું સાંગ ચરિત એમાં ઉપલબ્ધ થતું નથી. એ સંક્ષેપમાં ઉપલબ્ધ થાય છે. વિષ્ણુપુરાણ અને ' બ્રહ્મપુરાણ' માં પણ કૃષ્ણચરિત મળે છે, પરંતુ એનું વિસ્તૃત સાંગ નિરુપણ થયું હોય તો તે પહેલવહેલું ભાગવત પુરાણમાં.

ભાગવત સંપ્રદાય ભગવાનને રસરુપ અને આનંદ સ્વરુપ માને છે. રસોપાસનાનો મૂળ મંત્ર તો ઉપનિષદ્‌ના આ પ્રખ્યાત વાકયમાં અંતર્નિહિત છે. રસો વૈ સઃ એ મૂળ તત્ત્વ સ્વરુપ છે. શ્રીમદ્ ભાગવતમાં રસોપાસનાનું બીજ મુખ્યત્વે ' દશમસ્કંધ' માં જોવા મળે છે.

' દશમસ્કંધ ' ની કથાને આકર્ષક શૈલીમાં કહેવામાં, વિસ્તારવામાં ભાગવતકારે પોતાની અસાધારણ કવિત્વશકિત, કલ્પનાશકિત વાપરી છે. ભકિતને રસની પરાકોટિએ પહોંચાડતા આ સ્કંધમાં કવિએ ભગવાનનું માહાત્મ્ય દર્શાવવાનો , વાત્સલ્ય, દાસ્ય, સખ્ય ઈત્યાદિ ભકિતનાં દષ્ટાંત આપવાનો, ભગવાન ભકિતવશ છે એ તત્ત્વ સમજાવવાનો ઉપક્રમ રાખ્યો હોય તેમ લાગે છે. અને એથી જ અન્ય પુરાણોમાં ન હોય એવા કેટલાક ઉમેરા કવિએ આ સ્કંધમાં કર્યા છે. ઉદાહરણ તરીકે : વિશ્વરુપદર્શન, ઉખલબંધનલીલા વસ્ત્રાહરણલીલા ઈ. ગાઢ ભકિતના વેગમાં ભકતો લોકલાજ , લોકબુધ્ધિ, લોકવ્યવહારને છોડી દે છે, એ પોતાના સિધ્ધાંતનું દષ્ટાંત વસ્ત્રાહરણલીલાના વર્ણન દ્વારા ભાગવતકારે આપ્યું છે, તો રાસક્રીડાનું વર્ણન પણ ભકિતપોષક માનીને કર્યું છે. ' હરિવંશ' અને વિષ્ણુ પુરાણ' માં ચાલી આવતી રાસક્રીડાની કથાનો કવિએ ભકિતપોષક કલ્પનાથી પુષ્કળ વિસ્તાર કર્યો છે. એમાંના વિલાસના તત્ત્વને કવિએ ગાઢ કર્યું છે. તો એના ભકિતતત્ત્વને ગાઢતર કર્યું છે.

લલિત, કોમળ ભાવોના આ વર્ણનપરક કાવ્યમાં ગોપીલીલા ખૂબ મહત્ત્વની છે. શ્રીકૃષ્ણ પ્રત્યેની ભક્તોની માધુર્યમયી ભક્તિનું, વિશુધ્ધપ્રેમનું મનોરમ પ્રતીક છે.

' દશમસ્કંધ' માં સંનિહિત શૃંગારિક તત્ત્વ એક વિશેષ ઉલ્લેખનીય તથા મહત્ત્વપૂર્ણ વાત છે. જોકે એનો શૃંગાર વસ્તુતઃ ઉદાત્ત અને દિવ્ય શૃંગાર છે. એને એની પોતાની વિશિષ્ટ દાર્શનિક પૃષ્ઠભૂમિ પણ છે, તો પણ શૃંગાર વર્ણનમાં શૃંગારરસની બધી ઉદ્ભાવનાઓને સ્થાન આપ્યું છે. કાવ્યત્વની દૃષ્ટિએ આવાં વર્ણનો ઘણાંજ સુંદર, કલાત્મક અને હૃદયસ્પર્શી પ્રતીત થાય છે.

ભક્તિરસપ્રધાન આ સ્કંધમાં રસનાયક રસેશ શ્રીકૃષ્ણ છે. આ નાયકભૂત શ્રીકૃષ્ણમાં
૧ નિયન્તૃત્વ રમણીય ભાસે છે. નાયક તરીકે અનુકૂળ છે, ધૃષ્ટ છે, દક્ષિણ છે, દાનશૂર છે, દયાશૂર છે, યુધ્ધવીર છે. આમ આ સ્કંધ સર્વરસમય એક અદ્ભુત પુરુષને - સાક્ષાત્ પરબ્રહ્મને યથાર્થ રીતે વર્ણવે છે.

શ્રીમદ્ ભાગવત, તેમાંયે ' દશમસ્કંધ-' એક મધુરતમ કાવ્ય છે. એમાં અનુપમ મનોહરતાવાળાં વેણુગીત, ગોપીગીત, યુગલગીત, વિયોગગીત, અને ભ્રમરગીત, આદિ છે. આ ગીતોમાં માનવહૃદયની સુંદરતમ અભિવ્યક્તિ છે. આ ગીતોમાં સ્નિગ્ધતા તથા ગેયતા એની પૂર્ણ શ્રીથી સભર છે. આ ગીતોને કારણે જ ભાગવતમાં માધુર્યનો વિશેષ જોવા મળે છે. આ ગીતોને કારણે જ તે મધ્યયુગના પ્રત્યેક કૃષ્ણપરક વૈષ્ણવ સંપ્રદાયનો પ્રામાણિક માન્ય ગ્રંથ રહયો છે. ભાગવતકારે આ ગીતોનો નાદ સંભળાવી ' સ્ત્રીશૂદ્રહૂણશબરાઃ ' આદિ અખિલ જગતને એકરૂપ કર્યું, એને ભક્તિરસનું છલોછલ પાન કરાવ્યું, જીવનના પરમ રસનો અને રાસનો અનુભવ કરાવ્યો, એણે જ વૈષ્ણવ ભક્તિના કાવ્યોને મૌલિક પ્રેરણા પ્રદાન કરી, પછી તે સંસ્કૃતમાં રચાયું હોય કે દેશીભાષામાં.

ભાગવતમાં વર્ણવાયેલી કૃષ્ણલીલાઓ જોઇશું તો લીલાસ્થળની દૃષ્ટિએ કૃષ્ણચરિતને ત્રણ વિભાગમાં વિભાજિત કરી શકીએ :૧: વ્રજલીલા ૨: મથુરાલીલા ૩: દ્વારકાલીલા

વ્રજલીલામાંથી કેટલીક ગોકુલમાં બને છે, કેટલીક વૃંદાવનમાં બને છે. બંને પાછી અલૌકિક છે, લૌકિક પણ છે.

કૃષ્ણજન્મ પૂર્વે પૃથ્વીની પ્રાર્થનાથી દ્રવિત થઈ હરિએ ભૂભાર ઉતારવાને નિમિત્તે અવતાર ધારણ કરવાનું વચન આપ્યું. દેવપત્નીઓ યાદવસ્ત્રીઓ થઈ અવતાર લે છે.

વસુદેવ દેવકી સાથે લગ્ન કરી રથમાં બેસી જવા નીકળે છે, ત્યારે કંસ બેનને સારું લગાડવા પોતે રથ હાંકવા બેઠો. ત્યાં જ આકાશવાણી સંભળાય છે કે તું જેનો રથ હાંકે છે, તેનો આઠમો ગર્ભ તારો નાશ કરશે. તરત જ પાપીને ખલ બુધ્ધિવાળા કંસે હાથમાં તલવાર લઈ બેનનો ચોટલો પકડી તેને મારવા માંડી. અહીં વસુદેવ પોતાના ક્રૂર સાળાને મૃત્યુની અવશ્યંભાવિતા અને કર્મયોગ વિશે સમજાવે છે. આમ સામ અને ભેદથી સમજાવવા છતાં ક્રૂર સ્વભાવનો તે સમજયો નહિ. છેવટે દેવકીના બધા પુત્રો જન્મતાવેંત તેને સ્વાધીન કરવાનું વચન સાંભળી કંસ બેનને મારતાં અટકયો.

ત્યાર પછી સમય જતાં દેવકીએ છ પુત્રોને જન્મ આપ્યો, જેને કંસે મારી નાખ્યા. સાતમા ગર્ભમાં શેષ ભગવાન બળદેવજીરૂપે આવ્યા. ભગવાનની માયાથી યોગમાયાએ દેવકીના ઉદરમાં રહેલા અનંતને રોહિણીના ઉદરમાં મૂકર્યાં. આથી તે 'સંકર્ષણ' રૂપે ઓળખાયા. છેવટે દેવકીએ આઠમો ગર્ભ ધારણ કર્યો. ત્યારે તેની દેહકાંતિથી શોભતાં દેવકીને જોઈ કંસ અનેક તર્કવિતર્ક કરવા લાગ્યો. પ્રત્યેક ક્ષણે તે બાળકના જન્મની રાહ જોવા લાગ્યો. દેવો, મુનિઓ અને પાર્ષદો ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા.

રોહિણીનક્ષત્રમાં મધ્યરાત્રિએ શ્રીકૃષ્ણનો જન્મ થયો. એ નવજાત શિશુનું સ્વરુપ કેવું ? ચતુર્ભુજ, શ્રીવત્સના લાંછનવાળું કૌસ્તુભમણિવાળું, પીતાંબરધારી, કિરીટકુંડળધારી કાંચ- અંગદ - કંકણાદિ થી શોભતું પ્રકાશતું હતું. વસુદેવ અને દેવકી તેમની સ્તુતિ કરવા લાગ્યાં. કૃષ્ણના કહેવાથી જ વસુદેવ તેમને ગોકુળ લઈ ગયા, જશોદા પાસે તેને મૂકી, જશોદાની પુત્રી લાવી દેવકીને સોંપી.

પુત્રીનો જન્મ થયો જાણી કંસ ધસી આવ્યો. દેવકીની અનેક આજીજીઓ છતાં દુષ્ટ કંસે પુત્રીને ખેંચી, બંને પગે ઝાલી મોટી શિલા ઉપર પછાડી- પછાડતાં જ યોગમાયાએ પોતાનું દિવ્ય સ્વરુપ ધારણ કરી, ' તારો નાશ કરનાર તો કોઈક ઠેકાણે જન્મી ચૂકયો છે ' કહયું. આમ થતાં કંસ પસ્તાયો. બેન - બનેવીની ક્ષમા યાચી, તેમને બેડીમાંથી છૂટાં કર્યાં.

બીજે દિવસે કંસે મંત્રીઓને બોલાવી, યોગમાયાનું કહેવું સત્ય માની, દશ દિવસનાં બાળકોને મારી નાખવાનું નકકી કર્યું. સનાતન ધર્મને ઉચ્છેદી, ઋષિઓનો નાશ કરવા તત્પર થયા.

બીજી બાજુ , ગોકુલમાં પુત્રજન્મ થવાથી નંદરાયે પુત્રનું જાતકર્મ કરાવી બે લાખ ગાયો અને તલનું દાન આપ્યું. બંદીજનો આશીર્વાદનાં મંગલ વચન ઉચ્ચારવા લાગ્યા. દુંદુભિ વાગવા લાગ્યાં. તોરણો બંધાયાં, ગાયો, બળદોને શણગાર્યાં- ગોપી- ગોવાળો વસ્ત્રાભૂષણથી સજ્જ થઈ, ભેટ લઈ નંદજીને ત્યાં ગયાં, બાળકને આશીર્વાદ આપવા લાગ્યાં. આમ આ મહોત્સવ ઉજવાયો.

પછી નંદ ગોવાળિયાઓને લઈ કંસને વાર્ષિક કર આપવા ગયા. ત્યાં તેઓ પોતાના પરમમિત્ર વસુદેવને પ્રેમથી મળ્યા, ભેટયા ને બંનેએ પરસ્પરની ખબરઅંતર પૂછી. ગોકુળમાં ઉત્પાતોનો ભાસ વસુદેવને થતાં, નંદાદિક ગોકુળ પરત આવ્યા.

તે દરમ્યાન, કંસે પ્રેરેલી પૂતના નાનાં બાળકોને મારતી ગોકુલમાં આવી. માયાથી સુંદર સ્ત્રી બનેલી તે વ્રજવાસીઓનાં મનહરતી, નંદ ઘેર જઈ, કૃષ્ણને ખોળામાં લઈ વિષભરેલું સ્તનપાન કરાવવા લાગી. આથી રોષે ભરાયેલા ભગવાને તેને ધાવવા લાગ્યા. પૂતનાનાં સર્વ અંગોમાં મર્મભેદક પીડા થવા લાગી. અંતે તે મૃત્યુ પામતાં રાક્ષસી રુપ ધારણ કરી ઢળી પડી.

પછી તૃણાવર્ત વંટોળિયાનું રુપ લઈ કૃષ્ણને ઉપાડી આકાશમાં લઈ ગયો. ઘણો ભાર લાગવાથી તે તેમનો ત્યાગ કરવા લાગ્યો. પરંતુ ભગવાને ગળું પકડવાથી તે ગુંગળાઈ

પ્રાણરહિત થઈ બાળક સહિત વ્રજમાં પડ્યો. બંને પ્રસંગોમાં નંદ જશોદા તથા ગોપીગોવાળો આશ્ચર્ય અને આનંદ પામ્યાં. બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવ્યાં.

એકવાર બગાસું ખાતાં કૃષ્ણના મુખમાં જશોદાએ વિશ્વરૂપદર્શન કર્યું. એકાએક ધ્રુજારી છૂટી ને તેણે આશ્ચર્યથી આંખો મીચી દીધી.

વસુદેવની પ્રેરણાથી ગર્ગાચાર્ય નંદજીને ત્યાં આવ્યા ને કૃષ્ણ બલરામનો નામકરણ-સંસ્કાર કર્યા. અહીં કૃષ્ણની બાલ્યાવસ્થાની અનેકવિધ ક્રીડાઓનું કવિએ સુંદર વર્ણન કર્યું છે,— ઘૂંટણીયે ચાલતાં, પહેરેલી ઝાંઝરીઓને રણકાવતા, વાછડાંનાં પૂછડાં પકડી ઉભા થતા, ચાલતા, દોડતા, સમાન મિત્રો સાથે રમતા, વાછડાં છોડી મુકતા, દહીં દૂધનો માખણ ચોરતા, વાનરો ને મિત્રોને ખવડાવતા, ઢોળતા, સંતાડતા, મટકીમાં છિદ્ર પાડતા ઈત્યાદિ અનેક બાલક્રીડા કરી માતપિતા તથા ગોપીઓને આનંદ પમાડતા, હસાવતા, ખીજવતા.

મૃદ્‌ભક્ષણ કરતાં માતાને મુખમાં વિશ્વરૂપ દેખાડ્યું તેથી માતાને પરમાત્મતત્ત્વનું જ્ઞાન થયું, પણ ત્યાં જ પ્રભુએ પુત્રસ્નેહ કરાવતી માયા ફેલાવી.

દૂધ ઉભરાતાં, જશોદા ધાવતા કૃષ્ણને મૂકી દોડયાં . ગુસ્સે થયેલા કૃષ્ણે પથ્થર મારી દહીંની ગોળી ફોડી નાખી ને ઘરમાં જઈ એકાંતમાં માખણ ખાવા લાગ્યા. માતાએ આવીને જોયું તો ખાંડણિયા પર ચડી, તે વાનરોને માખણ ખવરાવતા હતા. જશોદાને લાકડી લઈને આવતાં જોઈ, કૃષ્ણ નાઠા. પણ છેવટે પકડાતાં, જશોદા તેમને નેતરથી બાંધવા લાગ્યાં. પરંતુ અનેક નેતરાં બાંધવા છતાં બે આંગળ ઓછું પડવા લાગ્યું. માતાને થાકેલી જાણી તે જાતે બંધાયા. નલકૂબર અને મણિગ્રીવનો ઉદ્ધાર કરવા કૃષ્ણ ખાંડણિયા સાથે યમલાર્જુન વૃક્ષો ની વચમાંથી નીકળતાં, બંને ઝાડ પડી ગયાં ને તેમાંથી નીકળેલા બે દેવતાઓએ ભગવાનની સ્તુતિ કરી.

બાળકોની સાથે વાછડાં ચરાવતાં વત્સાસુર, બકાસુરનો વધ કૃષ્ણે કર્યો, તો અજગરના રૂપને ધારણ કરીને વાછડાં તથા ગોવાળિયાઓને ગળી ગયેલા અઘાસુરને કોપાયમાન થયેલા ભગવાને મારી નાખ્યો. ત્યાર પછી ભૂખથી અકળાયેલા મિત્રો સાથે કૃષ્ણ ભોજન કરવા

બેઠા. ત્યારે વાછરડાં ઘાસ ચરતાં દૂર જતાં રહયાં. કૃષ્ણ તેમને શોધવા જતાં, બ્રહ્મા ભગવાનનો મહિમા જોવા વાછરડાં તથા ગોપબાળકોને હરી ગયાં. પાછાં ફરતાં કૃષ્ણે ન ગોપબાળકો જોયાં, ન વાછરડાં. બ્રહ્માનું આ કામ- સમજી, તેમણે પોતાની માયાથી ગોપકુમારો અને વાછરડાં નવાં સરજાવ્યાં, અને તેમની સાથે વિહાર કરતાં વ્રજમાં ગયા. આમ એક વર્ષ સુધી લીલા કરી. આ જોઈ બ્રહ્મા વિચારમાં પડી ગયા. હું હરી ગયો તે ગોપબાળકો ને વાછરડાં સાચાં કે આ સાચાં ? આ જોઈ બ્રહ્મા પોતે જ મોહ પામ્યાં. સર્વ ગોપબાળકો ને વાછરડાં તેમણે બ્રહ્મસ્વરુપ જણાયાં. છેવટે પોતાની ભૂલ સમજાતાં ભગવાનના ચરણોમાં દંડવત્ કરી, તેમની સ્તુતિ કરવા લાગ્યા.

પછી પૌગંડાવસ્થામાં આવેલા કૃષ્ણ અને બલરામ બંને ભાઈઓ ગાયો ચરાવતા ફરતા હતા. તેમણે તાડવનના ધેનુકાસુરનો વધ કરી મિત્રોને તાડફળ ખવડાવ્યાં.

યમુનામાં કાલીય નામનો નાગનો એક ધરો હતો. તેના ઝેરને કારણે, તેના તીર ઉપર સ્થાવર જંગમ કોઈ પદાર્થ કે પ્રાણી રહી શકતાં નહિ. તેના ઝેરથી યમુના ઝેરી થયેલી જોઈ, કૃષ્ણે પાણીમાં પડયા. આથી, રોષથી કાલીયે તેમને મર્મભાગમાં કરડી, શરીરે વીંટ નાખ્યો. આ જોઈ તેમના મિત્રો દુઃખ, શોક અને ભયથી દિઙ્મૂઢ થઈ ઢળી પડયા. આ ઉત્પાતથી નંદ, યશોદા વગેરે ભયથી વિહ્વળ થઈ ખેદ કરવા લાગ્યા. જશોદા પુત્રની પાછળ યમુનામાં પડવા તૈયાર થયાં. આ જોઈ ભગવાનનું શરીર વધવા માંડયું. આથી નાગે કૃષ્ણના અંગે તેના આંટા ઉકેલી, ક્રોધથી ફેણને ઉંચી કરી, ફૂંફવાડા મારતો ઉભો રૂહયો. ત્યારે તેના ફેણ ઉપર ઉભા રહી હરિ નૃત્ય કરવા લાગ્યા. આથી તેનું ફણા રુપી છત્ર તૂટી ગયું, શરીર ભાગી ગયું. તે લોહી ઓકવા લાગ્યો. આવો તેને જોઈ, નાગણો હરિની સ્તુતિ કરવા લાગી. તેથી ભગવાને તેને છોડી દીધો ને સમુદ્રમાં જઈને વસવાની આજ્ઞા કરી, અને પોતાને માટે સહેલાં દુઃખથી થાકી જઈને નિદ્રાવશ થયેલાં પોતાનાં સંબંધીઓની દાવાનળ માંથી રક્ષા કરી.

પછી ગ્રીષ્મ ઋતુ આવતાં ભગવાને લીલા કરતાં, બળદેવ પાસે પ્રલંબનો નાશ કરાવ્યો.

એકવાર ગોપબાળકો મુંજારણ્યમાં રમતમાં ગુંથાયા હતા, ત્યારે ગાયો દૂર દૂર ચરતી ચરતી ચાલી ગઈ. ત્યાં ચારે તરફથી દાવાનળ સળગી ઉઠયો. હરિએ તેનું પાન કરી ગોવાળિયા તથા ગાયોની રક્ષા કરી.

શરદઋતુથી નિર્મળ જળવાળા અને કમળની સુગંધથી મઘમઘતા પવનથી વ્યાપ્ત વૃંદાવનમાં કૃષ્ણ ગોપ અને ગાયો સાથે પધાર્યા. તેમની વેણુનો મધુર સાદ સાંભળીને ગોપીઓ પરસ્પર તેનું વર્ણન કરવા લાગી. અહીં કર્તાએ વેણુનાદની અસર ગોપીઓ, પશુપ્રાણીઓ, ચરાચર સૃષ્ટિમાં કેવી તો વ્યાપ્ત છે, તે વર્ણવ્યું છે.

માર્ગશીર્ષ મહિનામાં ગોપીઓ કૃષ્ણને પતિ તરીકે પામવા માટે કાત્યાયની વ્રત કરવા લાગી. દરરોજ તેઓ વહેલી ઉઠી. યમુનામાં સ્નાન કરવા જતી. એકવાર કૃષ્ણે તેમનાં વસ્ત્રો હરી લીધાં. વ્રતધારી હોવા છતાં નિર્વસ્ત્ર સ્નાન રૂપે થયેલી વ્રતચ્યુતિનો તેમને ખ્યાલ આપી, વસ્ત્રો પરત આપ્યાં ને શરદઋતુમાં તેમને મળવાનું વરદાન આપી, યજ્ઞશાળાની પાસે ગયા. ક્ષુધાતુર ગોપબાળોને આંગિરસ નામનો યજ્ઞ કરતા બ્રાહ્મણો પાસે જઈ પોતાને નામે અન્ન માગી લાવવાનું કહ્યું. પરંતુ ગોપોએ કરેલી ભગવાની માગણીપ્રત્યે બ્રાહ્મણોએ ધ્યાન આપ્યું નહિ. આથી ગોપો નિરાશ થઈ પાછા વળ્યા. પછી ગોપોને બ્રાહ્મણોની સ્ત્રીઓ પાસે અન્ન લેવા માટે મોકલ્યા. બ્રાહ્મણસ્ત્રીઓએ તરત જ ચતુર્વિધ અન્ન લઈ, ભગવાનને મળીને તેમના દર્શનથી પોતાનો તાપ શમાવ્યો. બ્રાહ્મણો પણ પછી પશ્ચાત્તાપ કરવા લાગ્યા. તેમની સ્ત્રીઓની ભકિતને લીધે તેમની બુધ્ધિ ભગવાનમાં નિશ્ચળ થઈ.

નંદ અને ગોપલોકોએ ઈંદ્રયાગની તૈયારી કરવા માંડી, ત્યારે કૃષ્ણે ઘણાં કારણોથી ઈંદ્રનો યજ્ઞ બંધ કરાવ્યો. યજ્ઞનું ખંડન કરી, ઈંદ્રના યજ્ઞ માટે જે સામગ્રીઓ તૈયાર કરી હતી, તેનાથી ગોવર્ધનપર્વતનું પૂજન કરવાનું તેમણે સૂચવ્યું. નંદાદિક ગોપોએ તે વાત સ્વીકારી, ગોવર્ધનની પૂજા કરી. કૃષ્ણે જ બીજું સ્વરૂપ ધારણ કરી તે બલિ સ્વીકાર્યો.

પોતાની પૂજાનો લોપ થએલો જાણી,ઈંદ્ર નંદાદિક ગોપો ઉપર કોપ્યો. તેણે પ્રલયકારી મેઘોના સંવર્તક નામે ગણને વ્રજ ઉપર મુસળધાર વરસવા આજ્ઞા કરી. આથી મેઘો પોતાના બંધો છૂટા મૂકીને,વેગથી જળધારાઓ વડે વ્રજને પીડવા મંડયા. આથી કંપતા, ધ્રૂજતા ગોપગોપીઓ ભગવાનને શરણે ગયા. કૃષ્ણે તેમનું રક્ષણ કરવા, રમત માત્રમાં ખિલાડીના ટોપની જેમ એક હાથ ઉપર ગોવર્ધન ઉપાડી લીધો. તેના પોલાણમાં સર્વ વ્રજવાસીઓ ગાયો સહિત પેસી ગયાં. આમ સાત દિવસ ભગવાને ટચલી આંગળી પર ગોવર્ધન ધારી રાખ્યો. ભગવાનના યોગબળનું સામર્થ્ય જોઈ, ઈન્દ્રનો ગર્વ ઉતરી ગયો. શ્રીકૃષ્ણનો પ્રભાવ જોઈ ઈન્દ્રે એકાંતમાં ભગવાન પાસે આવી, તેમની સ્તુતિ કરી.કામધેનુએ પણ પોતાનાં સંતાનો સાથે ત્યાં આવી સ્તુતિ કરી,પોતાના દૂધથી શ્રીકૃષ્ણનો અભિષેક કર્યો. ઈન્દ્રે પણ ઐરાવત હાથીની સૂંઢોથી આણેલા આકાશગંગાના જળથી ભગવાનનો અભિષેક કર્યો, તેમનું ગોવિંદ એવું નામ પાડયું.

એકવાર યમુનાજળમાં સ્નાન કરતા નંદરાયને,વરુણનો સેવક એક દૈત્ય વરુણ પાસે લઈ ગયો. ગોપલોકો પાસેથી આ સમાચાર જાણી,કૃષ્ણ વરુણ પાસે જઈ નંદજીને લઈ આવ્યા, અને ગોવાળિયાઓને વૈકુંઠલોકનાં દર્શન કરાવ્યાં.

શરદઋતુનો શીતકારી ચંદ્રમા ભગવાનને પ્રસન્ન કરતો ઉદય પામ્યો,ત્યારે સ્ત્રીઓના મનને હરણ કરે તવું મધુર ગાયન શ્રીકૃષ્ણે ગાવા માંડયું. તેમનું મનોહર ગીત સાંભળીને વ્રજાંગનાઓ બીજી જાણે નહિ તેમ,તૈયાર થઈ,ઉતાવળી ઉતાવળી,પોતાનાં કાર્યો અધૂરાં મૂકીને,ભગવાન પાસે વૃંદાવનમાં ગઈ, ત્યારે કુટુંબીજનોએ વારી તો પણ તે ગોપિકાઓ પાછી વળી નહિ. ત્યારે કૃષ્ણે તેમને ત્યાં રાત્રિએ આવવાનું કારણ પૂછયું અને વ્રજમાં પાછા જઈ કુટુંબીજનોની સેવા કરવાનું કહયું. આ સાંભળી ગોપીઓ ખિન્ન થઈ ચિંતામાં પડી ગઈ. આંખો લૂછતાં તેઓ શ્રીકૃષ્ણને પ્રણયકોપથી ગળગળી વાણીએ કહેવા લાગી કે આપે આવાં કઠોર વચન કહેવાં યોગ્ય નથી. ઘરબારનો ત્યાગ કરી અમે તમારે ચરણે આવ્યાં છીએ. તેથી તમે અમને તજો નહિ. તેમનાં આવાં દીન વચન સાંભળી, શ્રીકૃષ્ણ તેમને આનંદ આપવા લાગ્યા.

ગોપીઓની સાથે ફરતાં ફરતાં તેઓ યમુના તીરે જઈ સુગંધિત વાયુમાં રમવા લાગ્યા. આથી ગોપીઓ પૃથ્વી ઉપર પોતાને સર્વથી ઉત્તમ માનવા લાગી. તેથી ભગવાન તેમના મદને જોઈ એકદમ અંતર્ધ્યાન થઈ ગયા.

આથી ગોપીઓ શોક કરવા લાગી. ભગવદ્રૂપ થયેલી વ્રજનારીઓ ભગવાનની લીલા કરવા મંડી. ભગવાનની પેઠે ચેષ્ટા કરતી તેઓ એક વનમાંથી બીજા વનમાં તેમને શોધવા લાગી. વૃક્ષોને, પૃથ્વીને, પશુપ્રાણીઓને શ્રીકૃષ્ણના સમાચાર પૂછતી, તેઓ ભગવાનની લીલાઓનું અનુકરણ કરવા લાગી. ત્યાં વનના પ્રદેશમાં શ્રીકૃષ્ણનાં પગલાં દીઠાં. તેથી તેઓ પગલાં ઉપરથી ભગવાનના માર્ગને શોધતી આગળ વધી, તો ત્યાં ભગવાનનાં પગલાં સ્ત્રીનાં પગલાં સાથે સેળભેળ થયેલાં દીઠાં. તેથી તેઓ બોલી કે આ ગોપીએ ભગવાન શ્રીહરિની ખરેખર આરાધના કરેલી હોવી જોઈએ.

ભગવાન જેને એકાંતમાં લઈ ગયા હતા, તે ગોપી સર્વ સ્ત્રીઓમાં પોતાને ઉત્તમ માનવા લાગી. આગળ જતાં, પોતે ચાલી શકતી નથી, એવું કહેતાં શ્રીકૃષ્ણે તેને પોતાના ખભા ઉપર બેસવા જણાવ્યું. પેલી સ્ત્રી જેવી બેસવા ગઈ કે શ્રીકૃષ્ણ અંતર્ધ્યાન થઈ ગયાં તેથી તે પશ્ચાત્તાપ કરવા લાગી. ત્યાં જ પેલી ગોપીઓ કૃષ્ણ વિરહથી દુ:ખી થયેલી આ ગોપીને આવી મળી. તેની પાસેથી પોતાને મળેલું માન તથા દુષ્ટતાથી થયેલું અપમાન સાંભળી ગોપીઓ આશ્ચર્ય પામી. બધીજ ગોપીઓ શ્રીકૃષ્ણને મળવાની આશાથી યમુના તીરે આવીને બેઠી.

નિરાશ થયેલી તેઓ યમુના તટે ભગવાનને યાદ કરી વિલાપ કરવા લાગી કે હે પ્રિય કૃષ્ણ, તમારા જન્મથી વ્રજનો અધિક વિજય થયો છે. તમારા માટે પ્રાણધારણ કરેલી અમો તમને દિશાઓમાં શોધતી ફરીએ છીએ. માટે હે પ્રાણ, અમને દર્શન દ્યો. અમે તમારી દાસી છીએ. તમારી કથાનું શ્રવણ સુખકારી હોવા છતાં અમારું મન શાંત થતું નથી. તેથી હે કાંતા તમારાં ચરણકમળ અમારા હૃદય ઉપર ધરો.

ત્યાં જ, આમ વિલાપ કરતી ગોપીઓનાં વિરહવચનો સાંભળી, જેમનું હૃદય પિગળી ગયું એવા શ્રીકૃષ્ણ હસતે મુખે પ્રગટ થયા. પ્રાણ આવતાં ઈંદ્રિયો સચેત થાય તેમ તેઓ ઉભી થઈને તેમનાં દર્શન કરવા લાગી. તેથી થયેલા આનંદવડે પરમ સુખ પામેલી તેઓને લઈ ભગવાન યમુના તીરે ગયા અને ગોપીઓના મનનું સમાધાન કરી ભક્તિનો પ્રભાવ કહેવા લાગ્યા.

તેમની સુકોમળ વાણી સાંભળી ગોપીઓનો વિરહજન્ય તાપ દૂર થયો. પછી પ્રસન્ન થયેલી ગોપીઓની સાથે ભગવાને રાસક્રીડાનો આરંભ કર્યો. સર્વ ગોપીઓ મંડળાકારમાં ગોઠવાઈ ગઈ. યોગેશ્વર એવા શ્રીકૃષ્ણ ભગવાને યોગના પ્રભાવથી બબ્બે ગોપીઓની વચ્ચે પ્રવેશ કરીને રમવા માંડયું. તે વેળા દુંદુભિ નાદ થયો, પુષ્પવૃષ્ટિ થવા લાગી, અને ગંધર્વો પોતાની સ્ત્રીઓ સાથે ગાવા લાગ્યા. આ વેળા ગોપીઓના મંડળમાં રહેલા શ્રીકૃષ્ણ સુવર્ણ અને મણિની વચ્ચે રહેલા નીલમણિની માફક શોભવા લાગ્યા. અનેકવિધ ચેષ્ટાઓ કરતી ને શ્રીકૃષ્ણનો યશ ગાતી ગોપીઓ મેઘમંડલમાં જેમ વિજળીઓ શોભે, તેમ શ્રીકૃષ્ણની વચ્ચે શોભવા લાગી. ગોપીઓ ઉંચા સ્વરથી ગાવા લાગી, નાચવા લાગી. ભગવાન પણ ઉત્તમ પ્રકારના વિલાસોથી તેમની સાથે વિહાર કરવા લાગ્યા. પછી લોક અને વેદની મર્યાદાનું ઉલ્લંઘન કરનાર, થાકી ગયેલા ભગવાન ગોપીઓની સાથે પોતાનો શ્રમ દૂર કરવા જલક્રીડા કરવા લાગ્યા. ત્યાર પછી ભમરાઓ અને સ્ત્રીઓનાં વૃંદથી પરિવૃત્ત ભગવાન યમુનાના ઉપવનમાં વિહાર કરવા લાગ્યા, અને ચંદ્રમાનાં કિરણોથી શોભી રહેલી રાત્રીઓમાં શૃંગારી રાસ રમ્યા.

એકવાર ગોપલોકો દેવતાઓની યાત્રાએ જતાં રાત્રે યમુના ઉપર રહયા. ત્યારે એક ભૂખ્યા અજગરે ત્યાં આવી નંદને ગળવા માંડયા. તે વેળા, નંદની ચીસો સાંભળી, કૃષ્ણે આવી તે અજગરને ચરણ અડકાડયો, કે તરત તે પાપમાંથી મુક્ત થઈ, સર્પનું શરીર ત્યાગ કરી, વિદ્યાધરના રૂપને પામ્યો. એમ આ સુદર્શન વિદ્યાધરને બ્રાહ્મણના શાપથી મૂકાવ્યો અને શંખચૂડનો વધ કર્યો.

ભગવાન જયારે વનમાં ગાયો ચારવા જતા ત્યારે ભગવાનમાં જેમનું જીવન તથા મન હતું એવી ગોપીઓ યુગલગીત ગાઈને દિવસો પસાર કરતી.

પછી ભગવાને અરિષ્ટાસુરને માર્યો પછી , નારદજીની કહેવાથી કંસે શ્રીકૃષ્ણ-બળદેવને મથુરામાં તેડી લાવવા, અક્રૂરને ગોકુલ મોકલ્યા.

એકવાર કંસે મોકલેલ કેશી દૈત્ય મોટા ઘોડાનું રુપ લઈને, પૃથ્વી કંપાવતો વ્રજમાં આવ્યો. કૃષ્ણે તેનો નાશ કર્યો. ત્યાં નારદજી આવ્યા. તેમણે ભગવાનના વર્તમાન અને ભાવિ સમચનાં કર્મો કહીને તેમની સ્તુતિ કરી. એકવાર ગોવાળો પર્વતના શિખર પર ઢોર ચરાવતાં ઘેટાં અને ચોરની રમત રમતાં હતા ત્યારે મયદાનવનો પુત્ર વ્યોમાસુર ગોવાળિયાનું રુપ ધારી, ઘેટાં બનેલાં ગોવાળોને હરી ગયો, ત્યારે ભગવાને તેને પકડી પૃથ્વી પર પછાડયો , મારી નાખ્યો, ને ગોવાળોને બચાવ્યા.

ગોકુળ જતાં અક્રૂર પોતાના ભાગ્યની કૃતકૃત્યતા અનુભવતા કહેવા લાગ્યા કે મારું એવું તે શું પુણ્ય, એવું તે કયું તપ ને દાન કે આજે હું ભગવાનનાં દર્શન પામીશ, દુર્લભ એવા પરબ્રહ્મનાં દર્શન પામીશ. મારો જન્મ સફળ થયો છે. નીકળતાં તેમને શુભ શુકનો થાય છે. હું કંસનો દૂત હોવા છતાં અંતર્યામી હોવાથી તેઓ વિશ્વને જાણનારા છે. તેઓને મળીશ તો તેઓ મને ભેટશે, ને મારાં કર્મ બંધન નાશ પામશે, બંને ભાઈઓ મારો સત્કાર કરશે. આવા મનોરથો સેવતાં તેઓ વ્રજમાં ગયા, તો ત્યાં વ્રજરજ પ્રભુનાં ચરણચિહ્નથી અંકિત જોઈ તેઓ રોમાંચિત થયા, ગદ્‌ગદ્ થઈ તેમાં આળોટયા . આગળ જતાં તેમણે રામ અને કૃષ્ણને ગાય દોહવાના સ્થાનકમાં જોયા ને તેમનો મનોરથ પ્રમાણે, બંને ભાઈઓએ તેમને ભેટયા, સત્કાર કર્યો. તેમના આવવાનું કારણ પૂછતાં, તેમણે ધનુર્યાગ નિમિત્તે કંસે મોકલેલો સંદેશો જણાવ્યો. તરત નંદજીએ ગોરસ વગેરે લઈ મથુરાં જવાની તૈયારી કરવાનો ઢંઢેરો પિટાવ્યો. રામ અને કૃષ્ણને અક્રૂરજી લઈ જશે, સાંભળી ગોપીઓ ઉદાસ થઈ, કેટલાંકની મુખકૃતિ કરમાઈ, કેટલીક મૂર્છિત થઈ. બધી ગોપીઓ ભેગી થઈ વિલાપ કરવી લાગી, વિધાતાને દોષ દેવા લાગી. નામ અક્રૂર હોવા છતાં તે ક્રૂર છે. કૃષ્ણની ક્ષણભંગુર પ્રીતિ

Kalpana's

અને મથુરાની સ્ત્રીઓના ભાગ્યની ઈર્ષ્યા કરતી તેઓ વિલાપ કરવા લાગી . કૃષ્ણે જતાં જતાં ' હું પાછો આવીશ' નું પ્રેમભર્યું આશ્વાસન આપ્યું. જતાં અક્રૂરજીએ યમુનામાં સ્નાન કરતાં, જળમાં રામ અને કૃષ્ણને જોયા- બીજીવાર શેષશાયી વિષ્ણુનું ચતુર્ભુજ સ્વરુપ નિહાળ્યું. આથી તેમનું હૈયું અલૌકિક ભકિતભાવથી સભરબન્યું. તેમણે શ્રીકૃષ્ણને પરમેશ્વર માની, ભકિતથી સગુણ- નિર્ગુણ ભેદથી તેમની સ્તુતિ કરી.

ભગવાને મથુરામાં પેસતાં રંગારાને માર્યો, સુદામા માળી ઉપર તથા દરજી ઉપર પ્રસન્ન થઈ તેમને વર આપ્યા. આગળ જતાં રાજમાર્ગમાં કંસની દાસી ત્રિવક્રા મળી. તેની પાસેથી ચંદનનો લેપ લઈ, બંને ભાઈઓએ શરીર ઉપર લગાડયો, અને ત્રણ ઠેકાણેથી વાંકી કુબ્જાને પોતાના સ્પર્શથી સરખી કરી, ઉત્તમ સુંદરી બનાવી. ' તારે ઘેર આવીશ' એવું વચન આપી આગળ જતાં, તે બંને રામ અને કૃષ્ણની વેપારીઓએ પૂજા કરી. નગરનારીઓ ભગવાનના દર્શનથી ઉત્પન્ન થયેલા મોહને લીધે ચિત્ર સમ સ્તબ્ધ થઈ ગઈ. આગળ જતાં ઈંદ્રધનુષ જોયું. લોકોના વારવા છતાં આપમતથી શ્રીકૃષ્ણે શેરડીના સાંઠાની જેમ તેને વચમાંથી ભાંગી નાખ્યુ. ધનુષનો ભંગ, રક્ષકો તથા સેનાનો નાશ અને શ્રીકૃષ્ણ-બળદેવનાં અદ્ભુત પરાક્રમ સાંભળી કંસે મૃત્યુ સૂચવનારાં દુષ્ટ સ્વપ્નો જોવા લાગ્યો. બીજે દિવસે મલ્લનાં દુંદુભિ ને નગારાંનો શબ્દ સાંભળી, કૃષ્ણ-બળરામ તે જોવા રંગમંડપમાં ગયા. અખાડાના બારણાં પાસે ઉભેલા કુવલયાપીડ હાથીને એમના ઉપર છોડાતાં, શ્રીકૃષ્ણે કુવલયાપીડનો નાશ કર્યો.

ત્યાર પછી સભામાં, ચાણૂરે બંને ભાઈઓનું મલ્લયુદ્ધ જોવા રાજાએ તેમને બોલાવ્યા છે, તેમ કહયું. શ્રીકૃષ્ણે કબૂલ કરતાં, તે ચાણૂર સાથે અને બળદેવજી મુષ્ટિક સાથે લડવા લાગ્યા. એક બાજુ અતિ સુકુમાર એવા આ બેકિશોરો જો બીજી બાજુ વજ્ર જેવાં અંગોવાળા પર્વતકાય બે મલ્લો - આ યુધ્ધ જોવાને એકઠા થયેલાઓને આમાં ધર્મઉલ્લંઘનનો દોષ લાગ્યો. પરંતુ શ્રીકૃષ્ણે અને બળરામે ચાણૂર અને મુષ્ટિકનો નાશ કર્યો, ઉપરાંત કૂટ, શલ, તોશલકનો પણ નાશ કર્યો, તેથી બાકીના મલ્લો નાસી ગયા. આથી વિજયી એવા શ્રીકૃષ્ણે પોતાના મિત્રોને બોલાવી, અર્ધ નૃત્ય કરવા લાગ્યા. પરંતુ કંસે વાજાં બંધ કરાવી, તેમને નગર બહાર હાંકીકાઢી,

નંદને કેદ કરવાનું કહ્યું. વસુદેવને અને ઉગ્રસેનને પણ મારી નાખવાનું કહ્યું. તેથી શ્રીકૃષ્ણ કોપી ઉઠયા, એ અસહય ને ઉગ્ર તેજવાળા તેમણે કંસને પકડી તેનો વધ કર્યો, તેના આઠ ભાઈઓનો પણ વધ કર્યો. કંસની સ્ત્રીઓને આશ્વાસન આપી પોતાનાં માતાપિતાને કેદમાંથી મુક્ત કરી તેમનો ચરણ સ્પર્શ કર્યો.

આમ માતાપિતાને આશ્વાસના કરી, શાંત કર્યાં અને ઉગ્રસેનને યાદવોના રાજા બનાવ્યા. પછી નંદ અને ગોપલોકોનું આશ્વાસન કરી, તેઓને વસ્ત્રાલંકાર આદિ આપીને, સમજાવી પાછા મોકલ્યા. વસુદેવે બંને પુત્રોના શાસ્ત્રવિધિથી દ્વિજ સંસ્કાર કરાવી, સાંદીપની ગુરુને ત્યાં ભણવા મોકલ્યા. ચોસઠ રાત્રિદિવસમાં ચોસઠ કળાઓ ભણ્યા, અને ગુરુદક્ષિણામાં ગુરુપુત્ર લાવી આપ્યો.

એકવાર એકાંતમાં પોતાના પરમમિત્ર ઉધ્ધવને શ્રીકૃષ્ણ કહેવા લાગ્યા કે તમે વ્રજમાં જઈ મારાં માતાપિતાને પ્રસન્ન કરો અને મારા સંદેશાથી ગોપીઓની વિરહવ્યથા શમાવો.

ઉધ્ધવ સૂર્યાસ્ત સમયે વ્રજમાં પહોંચ્યા. નંદરાયે તેમનું સ્વાગત કરી, કૃષ્ણ અને વસુદેવના સમાચાર પૂછવા લાગ્યા. કૃષ્ણનાં પરાક્રમોની ગાથા ગાતાં ગાતાં, પ્રેમનાં ઉમળકાથી મૌન રહયા. જશોદા પણ અશ્રુ સારવા લાગ્યા. ઉધ્ધવે તેમને શ્રીકૃષ્ણ વ્રજમાં પધારશે, એમ કહી આશ્વાસન આપ્યું ને પરબ્રહ્મ એવા કૃષ્ણની સર્વવ્યાપકતા દર્શાવી.

પ્રભાતે ગોપીઓએ નંદદ્વારે રથને ઉભેલો જોઈ, ' શું અક્રૂર પાછો આવ્યો ' એવી શંકા ધારી પરસ્પર વાતો કરવા લાગી. એટલામાં યમુનામાં સ્નાન કરી આવતા ઉધ્ધવને જોઈ ' આ ભગવાનના જેવા વેષવાળો કોણ હશે કયાંથી આવ્યો હશે ?' એમ બોલતી ઉધ્ધવને વીંટળાઈ વળી. ' આ તો શ્રીકૃષ્ણનો સંદેશો લાવનાર છે ' એમ જાણી, તેમનો સત્કાર કરી, એકાંત જોઈ તેમને પૂછવા લાગી કે શું કૃષ્ણ તેમને યાદ કરે છે ? માતાપિતા સિવાય અન્ય સાથેની મૈત્રી પુરુષો સ્વાર્થ માટે જ કરે છે. શ્રીકૃષ્ણનાં ચરિત્ર સંભારી તે ગાવા લાગી, લજ્જા મૂકી રડવા લાગી. કોઈ ગોપી ભમરાને જોઈ, તેને કૃષ્ણનો દૂત માની ઉપાલંભ આપવા લાગી કે હે ભમરા! મારી શોકયના ચંદનવાળી મૂછો વડે મારા ચરણને અડકતો નહિ. તારા જેવા જ સ્વાર્થી કૃષ્ણે પુષ્પની

પેઠે, અમને એકવાર મોહ ઉપજાવનારું પોતાનું ગાન સંભળાવી, અમારો ત્યાગ કર્યો છે. તેમને માટે સર્વસ્વનો ત્યાગ કર્યો છતાં અચળ મનના શ્રીકૃષ્ણે અમારો ત્યાગ કર્યો છે તો હવે તેમની સાથે શું સમાધાન કરવું ?

આમ શ્રીકૃષ્ણના દર્શનની લાલસાવાળી ગોપીઓને ઉધ્ધવ ભગવાનના સંદેશાથી શાંત કરવા લાગ્યા કે તમને ભગવાનના વિયોગથી એકાંતિક ભકિતનો લાભ થયો છે. શ્રીકૃષ્ણે કહયું છે કે તમને કયારેય મારો વિયોગ રહેશે નહિ. હું પંચમહાભૂતોમાં , સ્થાવર જંગમ સર્વ પદાર્થોમાં રહેલો છું. તમારાથી દૂર રહું છું, માત્ર તમારું મન મારી પાસે લાવવા માટે જ. તો જ તમે મને પામી શકશો.

આ સંદેશો સાંભળી ગોપીઓ પ્રસન્ન થઈ. તેમનો વિરૂહ તાપ શમી ગયો. ગોપીઓની ભકિતથી તેઓ પ્રસન્ન થયા. ગોપીઓના ચરણની રજનું સેવન કરવાની ઈચ્છાથી વ્રજમાં પશુપક્ષી કે વૃક્ષ થઈને જન્મવાની ઈચ્છા સેવવા લાગ્યા.

પછી કુબજાને આપેલું વચન પાળવા શ્રીકૃષ્ણે તેને ઘેર જઈ, તેનું મન મનાવી, વર અને આભૂષણાદિકથી તેનો સત્કાર કરી ઉધ્ધવને ઘેર ગયા. પછી બળભદ્ર અને ઉધ્ધવ સાથે અક્રૂરનું હિત કરવા તેમને ઘેર ગયા અને તેમને હસ્તિનાપુર જવાની આજ્ઞા કરી.

અક્રૂર હસ્તિનાપુર જઈ, પોતાના પુત્રો અને ભાઈના પુત્રો ઉપર ધૃતરાષ્ટ્રની ભિન્ન દષ્ટિ જોઈ અને મથુરામાં આવી ધૃતરાષ્ટ્ર રાજાનું વર્ણન બળભદ્ર અને શ્રીકૃષ્ણની આગળ કહી બતાવ્યું.

-o-o-o-o-

## : ઉત્તરાર્ધ :

---

કંસના મૃત્યુ પછી તેની અસ્તિ,પ્રાપ્તિ નામની બે પત્નીઓ પિતાને ઘેર જઈ,પોતાના વૈધવ્યનું કારણ કહ્યું. તેના પિતા જરાસંઘે ક્રોધથી એકવીસ અક્ષૌહિણી સેના લઈ મથુરાને ઘેરી. શ્રીકૃષ્ણે અને બળરામે પોતાનાં આયુધો લઈ, રથમાં બેસી, સેના સાથે નગર બહાર જઈ જરાસંઘનો સામનો કર્યો, તેમના સૈન્યનો સંહાર કર્યો ને તેને છોડી મૂકયો. આવી રીતે જરાસંઘે સત્તરવાર શ્રીકૃષ્ણ સાથે યુધ્ધ કર્યું.જયારે તે અઢારમી વાર આવવાનો હતો ત્યારે કાલયવને પણ પોતાની સેના સાથે મથુરાને ઘેરો ઘાલ્યો. આથી કૃષ્ણે સમુદ્રમાં એક નગરી બંધાવી. તેમાં સર્વ મથુરાવાસીઓને વસાવી, બળભદ્રને તેમનું રક્ષણ કરવાનું કહી [પોતે નગરની બહાર ગયા. તેમની પાછળ કાલયવન દોડ્યો. કૃષ્ણ] પોતે ગુફામાં પેઠા. કાલયવને પણ ત્યાં જઈ, તેમને ન જોતાં એક સૂતેલા પુરુષને લાત મારી. નિદ્રાવશ તે પુરુષની દષ્ટિ પડતાં,તેના નેત્રમાંથી ઉત્પન્ન થયેલા અગ્નિ વડે કાલયવન બળીને ભસ્મ થઈ ગયો. માંધાતા રાજાના તે પુત્રે દેવોની રક્ષા અસુરોના ત્રાસથી કરી, બદલામાં મારી નિદ્રાનો ભંગ કરે તે બળીને ભસ્મ થાય એવું વરદાન મેળવ્યું હતું. આથી કાલયવન બળીને ભસ્મ થઈ ગયો. ત્યાર પછી શ્રીકૃષ્ણે યવનસેનાનો સંહાર કરી તેનું ધન દ્વારિકા પહોંચાડવાની તૈયારી કરી. ત્યાં જરાસંઘ સૈન્ય સાથે આવ્યો. આથી શ્રીકૃષ્ણ અને બલરામે જાણે ભયભીત થયા હોય તેમ દ્વારિકાપુરીમાં ગયા. રાજા રૈવતે પોતાની પુત્રી રેવતી બળભદ્રને પરણાવી. ત્યાં એક બ્રાહ્મણ રુકિમણીનો સંદેશો લઈ કૃષ્ણ પાસે આવ્યો.

પછી શ્રીકૃષ્ણ તે બ્રાહ્મણને લઈ વૈદર્ભપુર જઈ પહોંચ્યા. બ્રાહ્મણે રુકિમણીની પાસે જઈ સમાચાર ~~કહ્યા~~ કહયા. અંબિકાની પૂજા કરી પાછાં આવતાં રુકિમણીનું હરણ શ્રીકૃષ્ણે કર્યું. પછી ભગવાને શત્રુપક્ષના રાજાઓને જીતી રુકિમણીના બંધુને વિરુપ કરી, દ્વારિકા જઈ તેની સાથે લગ્ન કર્યાં.

કામદેવ ભગવાનથી રુકિમણીને પેટ અવતર્યો, અને તેણે પ્રદ્યુમ્ન એવું નામ ધારણ કર્યું. તેને શત્રુ માની શંબરાસુર દશ દિવસની અંદર સૂતિકાગૃહમાંથી હરી ગયો. પ્રદ્યુમ્ને તેનો નાશ કર્યો, અને રતિ તેને ~~આ~~આકાશમાર્ગે પાછી દ્વારિકા લઈ ગઈ. વર્ષો પછી રુકિમણીને પોતાનો

ખોવાયેલો પુત્ર પાછો મળ્યો.

ત્યાર પછી ભગવાને પોતાની ઉપર મિથ્યા અપવાદ આવતાં, રીંછોના રાજા જાંબવાનને હરાવી, તેની પાસેથી સ્યમંતક મણિ અને જાંબવતી કન્યા મેળવ્યાં. પછી સભામાં રાજાની સમક્ષ સત્રાજિતને બોલાવી મણિ પ્રાપ્ત થયાની વાત કહી. મણિ લઈ તે શરમાઈ ગયો. પશ્ચાતાપ રુપે શ્રીકૃષ્ણને પોતાની પુત્રી સત્યભામા તથા મણિ તેણે આપવા માંડયાં, પરંતુ મણિ ન સ્વીકારતાં શ્રીકૃષ્ણ સત્યભામાને વિધિપૂર્વક પરણ્યા.

ત્યાર પછી શતધન્વાને મારવાથી પોતાને મણિ ચોરી લેવાનો કરીને જે અપયશ લાગ્યો હતો તે અક્રૂરની પાસેથી મણિ મંગાવીને શ્રીકૃષ્ણે દૂર કર્યો.

ત્યાર પછી ભગવાને કાલિંદી, મિત્રવિંદા, સત્યા, ભદ્રા અને લક્ષ્મણા એ પાંચ સ્ત્રીઓનું પાણિગ્રહણ કર્યું. તો નરકાસુરનો વધ કરી ભૈમાસુરે રાજાઓને હરાવી ત્યાંથી આણેલી સોળહજાર અને એકસો કન્યાઓ મેળવી. તેમની સાથે પરણ્યા. પછી સ્વર્ગમાંથી પારિજાતકનું ઝાડ લાવી સત્યભામાના ઉપવનમાં રોપ્યું.

એકવાર આનંદથી પોઢેલા શ્રીકૃષ્ણને રુકિમણી રત્નની છડીવાળો પંખો લઈ પવન ઢોળતાં હતાં, ત્યારે શ્રીકૃષ્ણ તેમને કહેવા લાગ્યા કે શ્રીમંત રાજાઓને મૂકી અમે જે તમારા સમાન નથી, તેમને તમે કેમ પરણ્યાં ? ઉત્તમ અને મધ્યમનો વિવાહ કે મૈત્રી કદી યોગ્ય ગણાતાં નથી. આ વચનો સાંભળી રુકિમણી કંપ્યા અને રડતાં રડતાં અપાર ચિંતા કરવા લાગ્યાં, મૂર્છિત થઈ જમીન પર ઢળી ગયાં, આ જોઈ શ્રીકૃષ્ણે તેમને ઉઠાડી, તેમનું મુખ લૂછી આશ્વાસના આપી કહયુ કે તમે મારોજ આશ્રય કર્યો છે, એ જાણવા છતાં તમારાં વચન સાંભળવાની ઈચ્છાથી મેં મશ્કરી કરી હતી.

શ્રીકૃષ્ણની સોળહજાર એકસો અને આઠ સ્ત્રીઓ પ્રત્યેકે દશ દશ પુત્રોને જન્મ આપ્યો હતો, તે સર્વ શારીરિક સંપત્તિમાં પિતાથી લગારે ઉતરતા ન હતા. રુકિમણીના ભાઈ રુકિમની પુત્રી રુકમવતીને પ્રદ્યુમ્ન પરણ્યા હતા. શ્રીકૃષ્ણે સાથે વેર છતાં રુકિમએ બેનને સારુ લગાડવાને ભાણેજ અનિરુધ્ધને પોતાની પૌત્રી રોચના આપી હતી. ત્યાં

જુગારમાં અધર્મથી જીતવાનો પ્રયત્ન કરતાં રુકિમને બળભદ્રે મુસળથી માર્યો.

બલિરાજાના પુત્ર બાણાસુર હજાર હાથવાળો હતો. પોતાના સમાન યુધ્ધ કરનારું કોઈ મળી રહે, એવું તેણે શંકર પાસેથી વરદાન મેળવ્યું. તેની પુત્રી ઉષા સ્વપ્નમાં અનિરુધ્ધ સાથે પરણી. પ્રભાતે પતિને ન જોતાં, સખીને વાત કરી. ચિત્રલેખા અનેકોને ચિતરી બતાવતાં ઉષાએ અનિરુધ્ધની ઓળખ કરાવી. યોગવિદ્યાને બળે ચિત્રલેખા અનિરુધ્ધને પલંગ ઉપર સૂતેલો જ આકાશમાર્ગે દ્વારિકાથી લઈ આવી. અનુચરો મારફત જાણ થતાં બાણાસુરે તેને બાંધીને કેદ કર્યો.

ચાર મહિના બાદ, નારદજી દ્વારા અનિરુધ્ધ કેદ થયાના સમાચાર જાણી શ્રીકૃષ્ણે સેના સાથે શોણિતપુરને ઘેરી લીધું. બાણાસુરની મદદે શંકર પોતાના પુત્રો, પાર્ષદો સાથે આવ્યા. આમ બાણાસુર અને યાદવો વચ્ચે રુંવા ઉભાં થાય તેવું તુમુલ યુધ્ધ થયું. શંકરની પ્રેરણાથી શ્રીકૃષ્ણના ચક્રે બાણાસુરને ચાર હાથ સાથે છોડયો. તેની સેનાનો નાશ થયો. છેવટે અભય મેળવી, ઉષા-અનિરુધ્ધને દ્વારિકા વિદાય આપી.

ઉપવનમાં રમતા યદુકુમારોએ કૂવામાં એક કરચલો જોયો. બહાર ન કાઢી શકવાથી શ્રીકૃષ્ણે તેને રમતમાત્રમાં બહાર કાઢયો. શ્રીકૃષ્ણના સ્પર્શમાત્રથી કરચલો નૃગરાજા બની ગયો. બ્રાહ્મણનું ધન હરણ કરનારના દોષ ગણાવી શ્રીકૃષ્ણે રાજાઓને ઉપદેશ આપ્યો. આમ નૃગરાજા શાપમુકત થયા.

સંબંધીઓને મળવાની ઈચ્છાથી ગોકુળમાં પધારેલા બળભદ્રે ગોપીઓની સાથે ત્યાં રાસક્રીડા કરી. મદિરામત્ત અને મદથી વિહ્વળ એવા બળભદ્રે જળક્રીડા કરવા યમુનાજીને બોલાવ્યાં. તેમનો અનાદર થતાં, તેમણે હળના અગ્રભાગથી યમુનાજીને પોતાની પાસે ખેંચ્યાં, ને તેમાં ગોપીઓ સાથે જળ વિહાર કર્યો.

કરુષ દેશના રાજા પૌંડ્રક વાસુદેવે મૂર્ખતાથી દૂત સાથે શ્રીકૃષ્ણને સંદેશો કહેવડાવ્યો કે પોતે ભગવાન વાસુદેવ છે ને તે ખોટા છે. આના જવાબમાં શ્રીકૃષ્ણે કાશીમાં જઈ પૌંડ્રક વાસુદેવનો તથા તેના મિત્રનો નાશ કર્યો.

રૈવતાચલ પર્વતમાં વિહાર કરતાં બળભદ્રે, પોતાના મિત્ર નરકાસુરનું વેર લેવા માટે અનેક ગામો અને નગરોના નાશ કરવામાં તત્પર એવા દ્વિવિદ વાનરને માર્યો, તેનો નાશ કર્યો.

દુર્યોધનની પુત્રી લક્ષ્મણાનું જાંબવતીના પુત્ર સાંબે હરણ કર્યું અને બળદેવજી તેની વહાર લઈ લડયા.

શ્રીકૃષ્ણે નરકાસુરને મારીને ૧૬ સોળ હજાર સ્ત્રીઓની સાથે લગ્ન કર્યું. આ જાણી આશ્ચર્ય પામેલા નારદજી શ્રીકૃષ્ણનો વૈભવ જોવા દ્વારિકા આવ્યા. રુક્મિણી તથા અન્ય રાણીઓનાં મહેલમાં તેમણે શ્રીકૃષ્ણને કંઈને કંઈ કાર્ય, પ્રવૃત્તિ કરતાં જોયાં. એકી સાથે પ્રત્યેક મહેલમાં તેમની હાજરી જોઈ તેઓ આશ્ચર્ય પામ્યા.

એકવાર શ્રીકૃષ્ણ પ્રભાતે સુધર્મા નામે સભામાં પેઠા, ત્યાં એક દૂતે આવી, જે વીસ હજાર રાજાઓને જરાસંધે કેદ કર્યાં હતા, તેમનો સંદેશો કહયો કે અમને જરાસંધના બંધનમાંથી છોડાવો. ત્યાં જ નારદજી આવી યુધિષ્ઠિર રાજા રાજસૂય યજ્ઞ કરે છે ને તેમાં શ્રીકૃષ્ણે જવું, તેવી વાત કરી. યાદવો જરાસંધનો નાશ કરવાની ઈચ્છાવાળા હતા. તેથી આમાં શું કરવું એમ શ્રીકૃષ્ણે પૂછતાં ઉધ્ધવે જણાવ્યું કે યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં જવું, જેથી આપમેળે જ જરાસંધનો પરાજય થશે. બળવાન સૈન્ય હોવાથી ભીમ તેને દ્વન્દ્વ યુધ્ધમાં જીતશે. આથી શ્રીકૃષ્ણ વડલોની આશિષ લઈ ઈન્દ્રપ્રસ્થ ગયા.

ત્યાં રાજસભામાં યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણને રાજસૂય યજ્ઞનો હેતુ જણાવતાં કહયું કે જેઓ ભગવાનની ભક્તિ કરે છે અને જેઓ નથી કરતા, તે બંને રાજાઓની સ્થિતિ કુરુવંશના રાજાઓને દેખાડો. ત્યાર પછી યુધિષ્ઠિરે પોતાના ભાઈઓને દિગ્વિજય કરવા મોકલ્યા. ભીમસેન અને અર્જુન સાથે કૃષ્ણે જરાસંધ પાસે બ્રાહ્મણ વેશે જઈ દ્વન્દ્વ યુધ્ધની માગણી કરી. આથી ભીમ અને જરાસંધ વચ્ચે દ્વન્દ્વયુધ્ધ થતાં, ભીમે જરાસંધને માર્યો.

આથી જરાસંધે યુધ્ધમાં હરાવેલા અને કેદ કરેલા વીસ હજાર અને આઠસો રાજાઓ પર્વતની ગુફામાં હતા, તેમને કેદમાંથી શ્રીકૃષ્ણે છોડાવતાં, તેઓએ તેમની સ્તુતિ કરી. પછી

શ્રીકૃષ્ણે તેમને વૈભવો સાથે પોતપોતાના દેશમાં મોકલી, પોતે ઈન્દ્રપ્રસ્થ ગયા.

પછી યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞ શરુ કર્યો, ત્યારે પ્રથમ પૂજા તેમણે શ્રીકૃષ્ણની કરી. સર્વે મહાપુરુષો ' સાધુ સાધુ' કહી પ્રણામ કરવા લાગ્યા, ત્યારે શિશુપાલ કોપી ઉઠયો. ક્રોધાવિષ્ટ તે ગમે તે અમંગલ વચનો બોલવા લાગ્યો. ત્યારે સભામાં અન્યજનો આયુધો ઉગામી શિશુપાલનો નાશ કરવાની ઈચ્છાથી ઉભા થયા, તે વેળા શ્રીકૃષ્ણે તેમને અટકાવી, ક્રોધથી ધસી આવતા શિશુપાલનું મસ્તક ચક્ર વડે કાપી નાખ્યું.પછી ભગવાન દ્વારકા ગયા.

યજ્ઞના કાર્યમાં સર્વ સંબંધીઓ પ્રેમબંધનને લીધે કામકાજ કરતા હતા. ઋત્વિજો તથા સ્નેહી સંબંધીઓની મધુર વાણી અને આભૂષણોથી પૂજા કર્યા પછી, સર્વએ ગંગામાં અવભૃથ-સ્નાન કર્યું. એ અવભૃથના ઉત્સવમાં અનેક વાદ્યો વાગવા લાગ્યાં, નૃત્યગાન થવા લાગ્યાં. ગંધર્વો પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. ત્યારે દુર્યોધન યુધિષ્ઠિરના અંતઃપુરમાં મય દાનવે બનાવેલી વિવિધ વિભૂતિઓ જોઈને અને દ્રૌપદીમાં મન લલચાવવાથી તથા શ્રીકૃષ્ણની હજારો સ્ત્રીઓને જોઈ મનમાં સંતાપ કરવા લાગ્યો. તે યુધિષ્ઠિરની સભામાં ગયો ને મયદાનવની માયાથી મોહિત થઈ, સભામાં સ્થળને જળ છે એમ જાણી, ભ્રાંતિથી વસ્ત્ર ઉંચાં લીધાં, અને જળને ભ્રાંતિથી સ્થળરુપ માનતાં, તેમાં પડયો. તેથી ભીમ, સ્ત્રીઓ તથા રાજાઓ હસવા લાગ્યા. દુર્યોધન ક્રોધથી બળતો ચાલ્યો ગયો.

પછી યાદવોની નગરી દ્વારિકાને શાલ્વે ઘેરી લીધી. ત્યારે યાદવો અને શાલ્વ વચ્ચે મહાયુધ્ધ થતાં, દ્યુમાનની ગદા વાગવાથી ઘવાયેલા બેભાન પ્રદ્યુમ્નની રક્ષા કરવાના હેતુથી, સારથિ તેને યુધ્ધમાંથી દૂર લઈ ગયો. પરંતુ ભાન આવતાં પ્રદ્યુમ્ન દ્યુમાન સાથે યુધ્ધ કરવા ગયો. એટલામાં શ્રીકૃષ્ણ તથા બળભદ્ર ત્યાં આવી પહોંચ્યા. ભગવાને અનેક માયા જાણનાર શાલ્વને માર્યો તથા તેના વિમાનના કકડા કરી નાખ્યા.

શ્રીકૃષ્ણે પછી દંતવક્ત્ર તથા વિદુરથને મારીને દ્વારકામાં રહયા અને બળભદ્રે રોમહર્ષણનો નાશ કર્યો.

ઈલ્વલનો પુત્ર બલ્વલ દૈત્ય હતો અને ઋષિમુનિઓના યજ્ઞમાં વિઘ્ન નાખતો, અપવિત્ર

અને માંસની વૃષ્ટિ કરતો. કોપાયમાન બળભદ્રે ભયંકર મુખવાળા આકાશધારી બલ્વલને હળની અણીથી ખેંચી કાઢી, તેના માથામાં મુસળ મારી, મારી નાખ્યો અને બ્રાહ્મણોને પ્રસન્ન કર્યાં. ત્યારપછી બાર મહિના સુધી ભારતની પ્રદક્ષિણા કરી, તીર્થ સ્નાનાદિક કરી સૂતની બ્રહ્મહત્યાનું પ્રાયશ્ચિત કર્યું.

વેદવેત્તા, જીતેન્દ્રિય અને ગૃહસ્થાશ્રમી એવો શ્રીકૃષ્ણનો બાળમિત્ર સુદામો તેની પત્નીની આગ્રહભરી વિનંતિઓથી શ્રીકૃષ્ણને મળવા દ્વારિકા આવ્યો. શ્રીકૃષ્ણને મળતાં બન્ને મિત્રો પ્રેમથી ભેટયા અને શ્રીકૃષ્ણે તેમની પૂજા કરી, તેમનો સત્કાર કર્યો, પછી બન્ને મિત્રો બાળપણનાં સંભારણાની રસભેર વાતો કરવા લાગ્યા. પત્નીએ કયાંકથી માગી લાવી બાંધી આપેલા પૈંઆ ભેટ આપતાં સુદામા શરમાવા લાગ્યા. તેથી શ્રીકૃષ્ણે પોતે પૈંઆની એ પોટલી ખેંચી, એક મૂઠી પૈંઆ ખાધા. બીજી મૂઠી ખાતાં રુકિમણીએ તેમને રોકયાં. બીજે દિવસે ખાલી હાથે વિદાય થતાં સુદામાએ વિચાર્યું કે હું નિર્ધનને ધન મળતાં ગર્વિષ્ઠ થઈ જઈશ, તેથી જ દયાળુ ભગવાને થોડું પણ ધન આપ્યું નહિ. આમ વિચારતાં ઘેર પહોંચતાં, ઈન્દ્રને પણ દુર્લભ એવો વૈભવ તેમણે જોયો. આ શ્રીકૃષ્ણની જ કૃપા છે એમ માની તેમની પાસે સુદામાએ ભકિત જ માગી.

એકસમયે પ્રલયકાળના જેવું ભયંકર સૂર્યગ્રહણ થયું ત્યારે સર્વ દેશના લોકો કુરુક્ષેત્રમાં ભેગા થયા. ત્યાં આવેલા રજાઓ પ્રીતિથી માંહોમાંહે આનંદથી વાતો કરવા લાગ્યા. શ્રીકૃષ્ણ, વસુદેવ વગેરે નંદાદિકને, જશોદા અને ગોપીઓને મળ્યાં, ગોપીઓને એકાંતમાં મળી શ્રીકૃષ્ણે તેમની પ્રીતિ અને ભકિતને બિરદાવી, સ્વસ્વરુપ સમજાવ્યું, તેથી તેઓ તાદાત્મ્ય-ભાવને પામી.

યાદવો તથા કૌરવો-પાંડવોની સ્ત્રીઓ એકઠી મળી ભગવાનની કથાનો ઉત્સવ કર્યો, તેમાં ભગવાનની સ્ત્રીઓએ પોતપોતાના વિવાહની વાત દ્રૌપદીને કહી સંભળાવી. પુરુષો (પણ પુરુષો) સાથે વાતો કરતા હતા. શ્રીકૃષ્ણ અને બલરામનાં દર્શન કરવાની ઈચ્છાથી ત્યાં કુરુક્ષેત્રમાં નારદ, વ્યાસ, ચ્યવન, વિશ્વામિત્ર, ભરદ્વાજ, ગૌતમ ઈત્યાદિ શિષ્યો સાથે

પરશુરામ,વશિષ્ટ, ગાલવ, ,ભૃગુ, અત્રિ, બૃહસ્પતિ, વગેરે ઋષિઓ ત્યાં આવ્યા. સર્વેએ શ્રીકૃષ્ણની સ્તુતિ કરી. પછી વસુદેવે મુનિઓને જે કર્મો કરવાથી કર્મોનો નાશ થાય એવો ઉપાય બતાવવાનું કહ્યું, ત્યારે તેઓએ યજ્ઞો વડે દેવતાઓનું ઋણ પતાવી ઋણમુક્ત થવા કહ્યું. પછી વસુદેવે ઋષિઓ પાસે યજ્ઞની દીક્ષા લીધી. સર્વ સગાસંબંધીઓને પછી પ્રેમભરી વિદાય આપવામાં આવી.

પિતા વસુદેવની પ્રાર્થનાથી શ્રીકૃષ્ણે તથા બળદેવે પિતાને જ્ઞાન આપ્યું. એજ પ્રમાણે શ્રીકૃષ્ણે ગુરુના પુત્રો લાવી આપેલા તે જાણી, માતા દેવકીએ પણ કંસે મારી નખેલા પોતાના પુત્રોને પાછા લાવી આપવા કહ્યું.શ્રીકૃષ્ણ અને બળદેવ યોગમાયાના આશ્રયથી પાતાળમાં ગયા અને બલિરાજા પાસેથી પોતાના છ બંધુઓને લઈ દેવકીજીને સોંપ્યા. ત્યાંથી તે છએ દેવલોકમાં ગયા.

શ્રીકૃષ્ણની બેન સુભદ્રાને મેળવવાની ઈચ્છાથી અર્જુન ત્રિદંડી સંન્યાસી થઈ તીર્થયાત્રા કરતાં કરતાં, દ્વારકા ગયા. સુભદ્રા દેવતાની મોટી યાત્રા પ્રસંગેરથમાં બેસી નગર બહાર ગયાં ત્યારે અર્જુન વસુદેવ-દેવકી અને શ્રીકૃષ્ણની સંમતિથી તેને હરી ગયા.

મિથિલાનો રાજા બહુલાશ્વ અને શ્રુતદેવ નામનો બ્રાહ્મણ-બંને શ્રીકૃષ્ણને પ્રિય હતા. બંનેને પ્રસન્ન કરવા શ્રીકૃષ્ણ મિથિલા પધાર્યા અને એકી સાથે બે રુપ કરી, બંનેને ઘેર એક જ સમયે ગયા. બંનેને પ્રસન્ન કરી, સન્માર્ગનો ઉપદેશ કરી દ્વારિકા પધાર્યા.

સાક્ષાત્, અનિર્દેશ્ય, અને નિર્ગુણ પરબ્રહ્મને ગુણવૃત્તિવાળી શ્રુતિઓ કેવી રીતે પ્રબોધે? કારણકે શ્રુતિઓ શબ્દરુપ છે, વિવિધ વૃત્તિઓવાળી છે, જ્યારે પરબ્રહ્મ તો શબ્દની એકેય વૃત્તિથી પ્રબોધાય તેમ નથી. પરીક્ષિત રાજાની આ શંકાનું સમાધાન કરતાં મુનિ શુકદેવજી
પુરુષાર્થ ભોગવવાના દેહ,બુદ્ધિ,ઈન્દ્રિય અને પ્રાણ વગર જ પો
કહે છે કે પરબ્રહ્મનું જ્ઞાન થવા માટે જ મનુષ્યે ચાર પુરુષાર્થના ભોગમાં પ્રવૃત્તિ કરી શકતા નથી. શ્રુતિઓમાં ઉપનિષદ વિશે બ્રહ્મજ્ઞાન પ્રબોધ્યુ છે. કેટલીક શ્રુતિઓ તો ભક્તિને જ ખરેખરું મોક્ષનું સાધન માને છે. આ વેદશ્રુતિઓ પરબ્રહ્મને જ પ્રતિપાદન કરે છે.

શિવને ભજનાર ધનાઢ્ય અને વિષ્ણુને ભજનાર નિર્ધન થાય છે. એનું કારણ જાણવાની ઈચ્છા રાખતા પરીક્ષિતને શુકદેવજી કહે છે કે બ્રહ્મા, વિષ્ણુ તથા શિવમાં ત્રિવિધ અહંકાર રહેલા છે. જે પુરુષ જે દેવને ભજે છે તે પુરુષ તે દેવના ગુણાનુરુપ વિભૂતિઓને પામે છે. ભગવાન ભક્ત પર અનુગ્રહ કરવા જ તેનું ધન હરી લે છે. તેથી તેના સંબંધીઓ તેનો ત્યાગ કરે છે, અને તે પરમ વૈરાગ્ય પામે છે. શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે મારી ઉપાસના બહુ કઠિન હોવાથી લોકો બીજા દેવને ભજે છે. કારણ કે તેઓ તરતજ પ્રસન્ન થાય છે, અને ભક્તને ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે, જ્યારે વિષ્ણુ ભક્તને મોક્ષ પ્રાપ્ત થાય છે.

એકવાર સરસ્વતીને તીરે યજ્ઞ કરતા ઋષિઓમાં વિવાદ થયો કે ત્રણે દેવોમાં મોટો કોણ ? આનો નિર્ણય કરવા તેઓએ ભૃગુઋષિને મોકલ્યા. તેમણે ત્રણે દેવોની કસોટી કરી અને સર્વને અભય આપનાર, શાંત, અભિમાન રહિત, સાધુઓના આશ્રય રુપ વિષ્ણુને સર્વદેવો કરતાં ઉત્તમ માન્યા.

એક દિવસ દ્વારિકામાં એક બ્રાહ્મણનો પુત્ર જન્મતાં જ મૃત્યુ પામતાં તે પુત્રના મરણ માટે ક્ષાત્રિયોને દોષ દેવા લાગ્યો. એમ કરતાં નવ પુત્રો મૃત્યુ પામતાં, અર્જુન સર્વલોકમાં નવ પુત્રને શોધી વળ્યો. છેવટે શ્રીકૃષ્ણ તેને લઈ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન પાસે લઈ ગયા, ને તેમની પાસેથી બ્રાહ્મણના પુત્રો લઈ આવ્યા.

સર્વ સંપત્તિઓથી સમૃધ્ધિવાળી દ્વારિકાપુરીમાં સોળહજાર ને એકસો આઠ સ્ત્રીઓના પતિ શ્રીકૃષ્ણ ભગવાન તેટલાં જ વિચિત્ર રુપ ધારણ કરીને મહાસમૃધ્ધિવાળાં સ્ત્રીઓનાં ઘરોમાં રહેતા હતા, અને તેમની સાથે વિહાર કરતા હતા. આ રીતે વિહાર કરતાં ભગવાનની ગતિ, ભાષણ , માર્મિક ઉપહાસ્યનાં વચનો અને આલિંગનથી સ્ત્રીઓની બુધ્ધિ મોહિત થતી. ભગવાનનું મનન કરનારી અને ભગવાનમાં જેમની બુધ્ધિ લાગી રહી હતી, એવી પટ્ટરાણીઓ ઉન્મત્ત તથા જડની પેઠે, ચક્રવાકી, ટીટોડી, સમુદ્ર, મેઘ, નદીઓ, ચંદ્ર, કોયલ , ગિરિ, હંસ, ઈત્યાદિને ઉદ્દેશીને નાનાવિધ વચનો બોલવા લાગી.

શ્રીકૃષ્ણ ઉપર આવી રીતનો પ્રેમ કરવાથી ભગવાનની સ્ત્રીઓ પરમ ગતિ પામી હતી.

આ રીતે વેદોકત ધર્મ પાળતા તથા સત્પુરુષોના શરણ રુપ શ્રીકૃષ્ણે ઘર ધર્મ, અર્થ તથા કામનું સ્થાન છે એમ દર્શાવ્યું. સર્વ યાદવોને શ્રીકૃષ્ણ પ્રભુરુપે માન્ય હતા. તે સર્વ યાદવો સંપત્તિવાળા હતા. શ્રીકૃષ્ણના શત્રુઓ તથા સ્નેહીઓ તેમના સ્વરુપને પામ્યા હતા. કારણ કે તે મહા દયાળુ હતા. તેમનુ નામ સાંભળવાથી કે બોલવાથી અમંગળનો નાશ થાય છે. વેદમાર્ગ-ની રક્ષા કરવા, લીલા વડે અવતારો ધારણ કરનાર શ્રીકૃષ્ણ ભગવાનના ચરિત્રો મનુષ્યના કર્મના બંધનને છેદનાર છે. તેમની રસિક કથાનું મનન કરવાથી, વૃધ્ધિ પામેલી ભકિત વડે શ્રીભગવાનના ધામને પમાય છે.

દશમસ્કંધના કૃષ્ણની પૃષ્ટભૂમિ: પ્રાચીન સાહિત્યમાં :

---

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના દશમસ્કંધો વિશે વિચાર કરતાં સૌ પ્રથમ નામ કે આકૃતિ ઉપસી આવતી હોય તો તે શ્રીકૃષ્ણની છે. એટલે સ્વાભાવિક રીતે જ શ્રીકૃષ્ણ વિશે જાણવું, વિચારવું અગત્યનું બની રહે છે.

આપણા દેશમાં ઈશ્વર પ્રાપ્તિના જ્ઞાન, ભકિત અને કર્મના ત્રણ માર્ગોમાં યુગોના અનુભવને આધારે માનવમને ભકિતમાર્ગને રાજમાર્ગ તરીકે અનુભવ્યો. નિર્ગુણ અને સગુણભકિતમાં પણ સગુણભકિત વધુ લોકપ્રિય રહી છે. સગુણભકિતમાં પણ કૃષ્ણભકિતની પ્રધાનતા રહી છે. કૃષ્ણભકિત અધિક લોકપ્રિય હોવી સ્વાભાવિક પણ હતું, કારણ કે શકિત શીલ અને સૌંદર્ય સમેત કેવળ રક્ષક અને ધર્મસંસ્થાપક રુપમાં ભગવાનની ઉપાસનાને સ્થાને એમાં ભગવાનના પ્રેમ, સૌંદર્ય અને માધુર્યસમેત આનંદરુપને અપનાવ્યું હતું. ભગવાનના રુપ અને ગુણસૌંદર્યના આકર્ષણ દ્વારા રસાનંદરુપ કૃષ્ણની ઉપાસના થતી રહી છે.

ભારતીય ધર્મસાધના, સંસ્કૃતિ, સાહિત્ય, અને કલાઓ કૃષ્ણના વિલક્ષણ વ્યકિતત્વથી જે રુપમાં પ્રભાવિત થઈ છે, એટલી એ બીજા કોઈ ચરિત્રથી નથી થઈ. જે કૃષ્ણભકિતએ પોતાની સ-રસતા, મધુરતા અને હૃદયસ્પર્શિતાને કારણે આટઆટલી લોકપ્રિયતા મેળવી, જેમનું વ્યકિતત્વ હજારો વર્ષ પછી આજે પણ સહૃદયીઓને આકર્ષી શકે છે એ શ્રીકૃષ્ણના મધુર ચરિત્રના વિકાસનો પરિચય પામવા જો આપણે ઉપલબ્ધ સાહિત્યમાં ડૂબકી મારીએ તો વેદ, ઉપનિષદો, ગીતા, મહાભારત, અને વિવિધપુરાણો આપણી સામે આવીને ઉભાં રહે છે.

વૈદિક અને સંસ્કૃત સાહિત્યમાં કૃષ્ણનાં ત્રણરુપ મળે છે : ૧: ઋષિ ધર્મોપદેશક, :૨: નીતિવિશારદ ક્ષાત્રિય રાજા ૩: બાલ અને કિશોરરુપમાં વિભિન્ન પ્રકારની અલૌકિક તથા લૌકિક લીલાકારી અવતારી પુરુષ.

પ્રથમ રુપનો વિકાસ 'શ્રીમદ્ભગવદ્ગીતા' માં થયો છે. બીજાનો 'મહાભારત' માં અને ત્રીજા રુપનો વિકાસ પુરાણકથાઓમાં થયો છે.

## વૈદિક સાહિત્યમાં કૃષ્ણ:

કૃષ્ણના દેવતાસ્વરુપનો વિકાસક્રમ શોધતાં વૈદિક ઋચાઓમાં આવતું કૃષ્ણના નામના અસ્તિત્વનું અનુસંધાન સ્વાભાવિક થાય છે.

ધાર્મિક ભાવનાના કેન્દ્ર બનનાર કૃષ્ણભગવાન વિષ્ણુના અવતારરુપે આપણા ધાર્મિક સાહિત્યમાં વર્ણવાયેલા મળે છે. ભારતીય ભકિતપરંપરાના આદિ ગ્રંથ ઋગ્વેદમાં ભગવાન વિષ્ણુ સર્વોચ્ચ દેવતારુપે નથી વર્ણવાયા, પણ ઉપનિષત્કાળ તથા બ્રાહ્મણકાળમાં વિષ્ણુએ ઈન્દ્રનું સ્થાન પ્રાપ્ત કરવાની શરુઆત કરી હતી.

પ્રકૃતિનાં ભિન્ન ભિન્ન તત્વોનાં દેવતાત્મકતાની ભાવનાથી ગવાયેલાં અનેક સૂકતો ઋગ્વેદમાં મળે છે. એ તત્વોમાંના સૂર્યને લક્ષ્યમાં રાખી 'વિષ્ણુ' ની સ્તુતિનાં પણ સંખ્યાબંધ સૂકતો મળે છે. : ' ઈદં વિષ્ણુ: વિચક્રમે ત્રેધા નિદધે પદમ્ । સમૂઢમસ્ય પાંસુરે ।।[1] અહીં સૂર્યની આપણી નજરે અનુભવાતી પ્રક્રિયા ગાવામાં આવી છે_' તદ્ વિષ્ણો: પરમં પદં સદા પશ્યન્તિ સૂરય: ।[2]

ઋગ્વેદના પહેલા મંડળના ૧૧૬મા સૂકતની ૨૩મી ઋક્ તથા ૧૧૭મા સૂકતની ૭મી ઋકમાં કોઈ એક કૃષ્ણનું નામ મળે છે. ઋગ્વેદના આઠમા મંડલના ૮૫,૮૬, અને ૮૭ તથા દશમા મંડલના ૪૨,૪૩ અને ૪૪ સૂકતોનો રચયિતા ઋષિ કૃષ્ણ છે. ઋગ્વેદમાં કૃષ્ણ નામના એક અસુરનો પણ ઉલ્લેખ મળે છે, જેને પોતાના હજારો યોધ્ધાઓની સાથે ઈન્દ્ર વ્દારા પરાજિત કરવામાં આવ્યો હતો.

સૂત્રકાળમાં ઈંદ્રાદિ વૈદિક દેવોને દબાવીને વિષ્ણુ પરમ દેવ મનાવા લાગ્યા. વેદમાં જે સ્થાન ઈન્દ્રને પ્રાપ્ત હતું, તે ઉપનિષદોમાં વિષ્ણુને પ્રાપ્ત થવા લાગ્યું તથા વિષ્ણુના હરિ, વાસુદેવ વૃષ્ણીપતિ, ઈત્યાદિ અનેક નામ પ્રચલિત થયાં .[3]

'કૌશીતકી બ્રાહ્મણ' માં આંથિરસ ઋષિના શિષ્ય કૃષ્ણનું વર્ણન મળે છે :

'કૃષ્ણોહતદાંગિરસૌ બ્રાહ્મણાન્ ઈન્દ્રસીયં તૃતીયં સવનં દદર્શ ।'[4] 'છાન્દોગ્યોપનિષદ'માં પણ આંગિરસના શિષ્ય કૃષ્ણનો સંકેત છે, જે દેવકીનો પુત્ર કહેવાયો છે.

Kalpana's

તદ્ધૈતદ્ઘોર આઙ્ગિરસ: કૃષ્ણાય દેવકીપુત્રાયોક્ત્વોવાચાપિપાસ... વદે ૠચૌ ભવતશ્ચ (૩-૧૭-૬).
'ઐતરેય બ્રાહ્મણગ્રંથ'[૪] અને 'શતપથબ્રાહ્મણગ્રંથ'[૫]-માં વિષ્ણુનો સર્વોચ્ચ દેવતાના રૂપમાં સ્વીકાર થયો છે, અને તેમને અસુરોથી પૃથ્વીનું રક્ષણ કરનારા બતાવાયા છે.અને અન્ય દેવતાઓની વિભૂતિ-ઓ ને શકિતઓ પણ એમનામાં દેખાવા લાગી ' તૈત્તરીય આરણ્યક ' માં નારાયણ અને વિષ્ણુનું એકરુપે વર્ણન મળે છે.

આ બધા વર્ણનોના આધાર પર વૈદિક સાહિત્યમાં કૃષ્ણના અસ્તિત્વનો સ્વીકાર કરનાર વિદ્વા-નોમાં એક સમસ્યા ઊભી થઈ કે વૈદિક કૃષ્ણ અને મહાભારતકાલીન કૃષ્ણ- બેવ્યકિત છે કે એકજ. ભારતીય વિદ્વાના ખ્યાતપંડિત ડો.ભાંડારકરે એ સિધ્ધ કર્યુ છે કે વૈદિક ૠષિકૃષ્ણનો મહાભારત-ના કૃષ્ણ સાથે કોઈ સંબંધ નથી. એ બંનેનું વ્યકિતત્વ પૃથક્ છે. તેમનું કહેવું છે કે ' મહાભારતના કૃષ્ણને વૈદિક ૠચાઓમાં વર્ણિત ૠષિ કૃષ્ણની સાથે ગુણમહાત્મ્યને કારણે જોડી દેવામાં આવ્યા છે!' લોકમાન્ય તિલક પણ આંગિરસ કૃષ્ણ અને ગીતાના ઉપદેષ્ટા મહાભારતકાલીન કૃષ્ણને અલગ અલગ માને છે.

વૈષ્ણવધર્મનું વ્યવસ્થિતરુપ વિષ્ણુપૂજાના રૂપમાં ભાગવતધર્મના પ્રતિપાદક પાંચરાત્ર, સાત્વત અને નારાયણી ધર્મની શાખાઓમાં દષ્ટિગત થાય છે. આ સંપ્રદાયોમાં ભકિતમાર્ગનો સ્પષ્ટ ઉલ્લેખ હોવાથી વૈષ્ણવ ભકિતનું પ્રવર્તન એમનાથી માનવું જોઈએ. પ્રસિધ્ધ પુરાતત્ત્વવેત્તા ડો.બ્યુલરના મતે ભાગવત,સાત્વત અને પાંચરાત્ર સંપ્રદાયોને નારાયણ ઉપાસના અથવા દેવકીપુત્ર કૃષ્ણની ઉપાસનાનો સંપ્રદાય કહ્યો છે, અને એનો સમય જૈન ધર્મના પ્રાદુર્ભાવથી બહુ પહેલાં ઈ.પૂ.૮મી સદી ઠરાવ્યો છે.[૬]

પાલિ સાહિત્યના પ્રસિધ્ધ વિદ્વાન સેનાર્ટે પણ એવો મત પ્રગટકર્યો છે, કે વિષ્ણુભકિતનાં તત્ત્વો તથા કથાનકો બૌધ્ધસાહિત્યમાં ગ્રહણ કરાયાં છે. ભાગવત ધર્મની સ્થાપના બુધ્ધજન્મથી ઘણી વહેલી થઈ હતી.[૭]

ઈ.પૂ.૪થી સદીમાં પ્રવર્તતા જુદા જુદા ધર્મોના સંપ્રદાયો અને માન્યતાઓ ' નિદ્દેસ ' માં આવતા ફકરામાં આપવામાં આવી છે; જો કે એ ટીકાત્મક છે તો પણ પાલી-બૌધ્ધધર્મના

સિધ્ધાંતોનું એ પુસ્તક છે :

the deity of those who are devoted to an elephant, a horse, a cow, a dog, a crow, Vāsudeva, Baladeva, Punnabhaddu, Manībhadda Aggi, Nāgas, Supannas, Yakkhas, Asurasa, Gandhabbas, Mahārajas, Candu, Suriya, Inda-Brahmā, Deva, Disā- is the elephant, the horse, the cow, the dog, the crow, Vāsudeva, Baladeva, Punnabhadda, Manībhadda etc respectively.'[8]

અહીં પોતાના ધર્મ સિવાય અન્ય ધર્મો પ્રત્યે અપૂરતી સહાનુભૂતિ બતાવનાર બૌધ્ધધર્મી વાસુદેવ અને બલદેવના પૂજકોને અગ્નિ, ચંદ્ર, સૂર્ય, બ્રહ્મા, અને હાથી, કાગડા કૂતરા વગેરેના પૂજકોને સાથે સમકક્ષાના ગણે છે.

વિષ્ણુપૂજાના સંબંધમાં અંગ્રેજી વિદ્વાન બાર્થનો પણ મત છે કે એ ઘણી પ્રાચીન છે. વૃક્ષ, સર્પ આદિની પૂજાથી પણ પહેલાં વિષ્ણુભક્તિનો પ્રચાર થઈ ગયો હતો.

આ સાંપ્રદાયિક મતોની સાથે વૈષ્ણવભક્તિમાર્ગનું વર્ણન આપણને મહાભારત, શ્રીમદ્‌ભગવદ્‌ગીતા અને પુરાણગ્રંથોમાં મળે છે.

મહાભારતનો ધર્મ, દર્શન, રાજનીતિ, સિધ્ધાંતો, તથા નિયમોના જ્ઞાનકોશના રૂપમાં સ્વીકાર કરવામાં આવ્યો છે. કૃષ્ણના મહિમાનો પ્રારંભ તથા કૃષ્ણભક્તિનો પ્રચાર અહીંથી જોવા મળે છે. મહાભારતના બારમા ભાગ' મોક્ષધર્મ' ના ઉત્તરાર્ધમાં કૃષ્ણભક્તિની વાતો વિસ્તારપૂર્વક બતાવાઈ છે. એના નારાયણીયપર્વમાં વૈષ્ણવસંપ્રદાયનો વિકાસ દેખાય છે. ' ભાગવત' નામ સાથે 'સાત્વત' તથા ' પાંચરાત્ર' નામ પણ મળે છે. મહાભારતમાં અનેક સ્થળે કૃષ્ણની પૂજાના ઉલ્લેખો મળે છે. તેના બારમા ભાગમાં ભીષ્મ દ્વારા વિષ્ણુની સ્તુતિનો પ્રસંગ મળે છે. સભાપર્વમાં રાજસૂય યજ્ઞના પ્રસંગે ભીષ્મ દ્વારા કૃષ્ણને સર્વશ્રેષ્ઠ અને પૂજ્ય દર્શાવી તેના ગૌરવને સંકેત દેનારું બની રહે છે.

ધાર્મિક ભાવનાના કેન્દ્રસ્થરુપ શ્રીકૃષ્ણનું પ્રારંભિક રુપ' મહાભારત'માં એક સામાન્ય માનવીનું છે, એવો હોપકિન્સ જેવા વિદ્દાનોનો મત છે. એમાં કૃષ્ણ પાંડવોના સખા અને એક પ્રભાવશાળી રાજનીતિજ્ઞના રુપમાં ચિત્રિત કરાયા છે. પાછળથી આ ગ્રંથ પરિવર્તિત અને પરિવર્ધિત થતો રહયો અને કૃષ્ણ પરબ્રહ્મ, વિષ્ણુ, નારાયણ, આદિના પ્રતિરુપ પરમદેવના રુપમાં પ્રતિષ્ઠિત થઈ ગયા. ગ્રીયર્સન, ગાર્બે આદિનો દઢ મત છે, કે કૃષ્ણ દેવતાના રુપમાં જ 'મહાભારત' માં વર્ણવાયા છે. મહાભારતમાં કૃષ્ણ વૃષ્ણિ, સાત્વત, યદુવંશીય, ક્ષત્રિયનારુપમાં અંકિત છે.[૧૦]

મહાભારતમાં કૃષ્ણની કથા સંક્ષેપમાં આ પ્રકારની મળે છે :

કૃષ્ણનો જન્મ મથુરામાં કંસ તથા અન્ય રાક્ષસોના સંહાર માટે થયો હતો. આ લોકકલ્યાણના કાર્યને સંપન્ન કરી તેઓ સૌરાષ્ટ્ર અંતર્ગત દ્દારિકામાં જઈને વસ્યા. તેમના માતાપિતાનું નામ દેવકી -વસુદેવ હતું. પરંતુ કંસના ક્રોધથી બચવાને માટે એને જન્મ પછી તરતજ નંદયશોદાને ત્યાં પહોંચાડવાની તથા ત્યાં ગોવાળિયાઓની વચમાં તેમને ઉછેરીને મોટા થયાની વાત એમાં નથી મળતી. બાલકૃષ્ણની સ્તુતિ થવા માંડી છે, એવો પણ કોઈ ઉલ્લેખ નથી મળતો. 'હરિવંશ ' આદિ પુરાણોમાં કૃષ્ણના બાલચરિત્રનું તથા ગોપીઓ સાથે સંયોગવિયોગનું જે વર્ણન મળે છે, તે અહીં બિલકુલ નથી.[૧૧] અપવાદરુપ કેટલુંક અહીંતહીં મળે છે જે નકકી પાછળથી ઉમેરાયું હશે એમ માનવામાં આવે છે.[૧૨] એક વિચિત્ર વાત તો એ જોવા મળે છે કે જે રાધા સાથે કૃષ્ણની અનેકાનેક લીલાઓ સંબંધિત છે, તેમનો અને તેમની લીલાઓનો અહીં જરા પણ નિર્દેશ નથી. 'મહાભારત' કાળ પછી જ રાધાની કલ્પના અસ્તિત્વમાં આવી હશે એવા નિષ્કર્ષ પર પહોંચવું સર્વથા યોગ્ય છે.

શ્રીમદ્ભગવદ્ગીતા: મહાભારતના નારાયણીપર્વમાં વાસુદેવપૂજાનો માર્ગ સવિસ્તર વર્ણવેલો છે. એમાં જે વિકાસક્રમ દેખાય છે તે ઉપરથી આ વાસુદેવપૂજાનું મૂળ ભગવદ્ગીતા છે એમ કહી શકાય. જે વખતે વૈદિક કર્મો ઉપરની લોકોની શ્રધ્ધા શિથિલ થઈ ગઈ હતી, યજ્ઞોમાં થતી હિંસાથી સદય હૃદયો કંટાળ્યાં હતાં, અને હિંસાત્મક યજ્ઞોની પરલોકસાધકતા ઉપર શંકાની નજરે

જોવા લાગ્યાં, જે વખતે યોગ અને તીવ્ર તપશ્ચર્યાનો બહુ પ્રચાર થઈ ગયો હતો, ત્યારે સામાન્ય લોકોની સ્થિતિ અત્યંત કફોડી હતી. કારણ કે શુષ્ક તકોથી સામાન્ય હૃદયને સંતોષ થતો નહિ. યોગ, તપશ્ચર્યા, અને ત્યાગને સંસારીઓ શું કરે ? જનસમાજની આવી દોલાયમાન સ્થિતિમાં કોઈ નવા આશ્વાસક સર્વસંગ્રાહક ધર્મની ખરી જરુર હતી ત્યારે ભગવાન વાસુદેવે નવા ધર્મનો ઉપદેશ કર્યો, જેમાં સ્વતંત્ર વિચારો હતા, છતાં પરંપરાનો ઉચ્છેદ ન હતો. પરંપરાને જાળવીને જૂના વિચારોને નવું રુપ આપીને, એમાં ખૂટતું ઉમેરીને, જુદા જુદા માર્ગોના ઉચ્ચતમ તત્ત્વોને એકત્ર કરીને નવા ધર્મનો ઉપદેશ કર્યો.

તેમણે કર્મ અને નીતિ સાથે ઉપનિષદ, સાંખ્ય, અને યોગના ઉત્તમ તત્ત્વોને ગૂંથીને યોજેલો નિષ્કામ ભકિતમાર્ગનો નવો ધર્મ તરત જ લોકપ્રિય થવા લાગ્યો. એમના પ્રત્યેની અસાધારણ માનવૃત્તિ પૂજ્યભાવમાં બદલાઈ ગઈ ને થોડા વખતમાં ગીતાના ભગવાન વાસુદેવ 'પરમેશ્વર' તરીકે પૂજાવા લાગ્યા.

જગતના ઈતિહાસમાં પહેલો ઈશ્વરાવતાર વાસુદેવમાં મનાયો અને ક્રમેક્રમે એણે ઉપદેશેલા ધર્મને બદલે એની પૂજાનો ધર્મ પ્રચારમાં આવ્યો.

શ્રીમદ્ ભગવદ્ગીતામાં કૃષ્ણને પૂર્ણાવતારના રુપમાં પ્રસ્તુત કરાયા છે. એમાં ભકિતની શ્રેષ્ઠતા પ્રતિપાદિત થઈ હોવાને કારણે કૃષ્ણભકિતનું સ્વરુપ વધુ વિકસિત થયું. એનું એક આશ્ચર્યપૂર્ણ તત્ત્વ એ કે કૃષ્ણનું દેવતાના રુપમાં અધિષ્ઠિત થવું તથા કૃષ્ણભકિતનો સામૂહિક પ્રચાર થયો. ઈ.પૂ ૪ થી સદીમાં કૃષ્ણ ભગવાનના રુપમાં અવશ્ય વર્ણવાયેલા છે. જો કે તે સમયે પણ કૃષ્ણનું નામ 'વાસુદેવ' જ મળે છે. વ્યાકરણાચાર્ય પાણિની, જેમનો સમય ઈ.પૂ:૫૦૦ છે, તેમણે પોતાના વ્યાકરણમાં વાસુદેવ અને અર્જુનનો દેવતાઓના રુપમાં ઉલ્લેખ કર્યો છે.[૧૩] એટલે ઈ.પૂ.૪થા શતકથી ભગવદ્ગીતા પ્રાચીન છે. કારણ કે વાસુદેવ-અર્જુનનોયોગ અને વાસુદેવનું દેવત્વ – એ બે વિચારોના સહયોગનું મૂળ ગીતાને જ માન્યા સિવાય છૂટકો નથી. ગીતાથી જ વાસુદેવ પૂજા અને ભકિતમાર્ગ – એ બે તત્ત્વો પર બંધાયેલો વૈષ્ણવધર્મ ચાલ્યો છે.

પાણિનીના ૨-૨-૩૪ સૂત્રના ભાષ્યમાં પતંજલિએ એક જૂનો શ્લોક ઉતાર્યો છે. ' ધનપતિ, રામ

અને કેશવના મંદિરોમાં ઉત્સવના વાદ્યો વાગે છે.[૧૪] અને પાણિનીના ૪-૩-૯૮ ની ટીકા કરતાં પતંજલિ સ્પષ્ટ કહે છે કે સૂત્રમાં રહેલો 'વાસુદેવ' શબ્દ એ ક્ષાત્રિયનું નામ નથી પણ પૂજવા યોગ્ય એવા ઈશ્વર માટેનું નામ છે.આથી વાસુદેવપૂજા એ પાણિની જેટલી પ્રાચીન છે. ઈ.પૂ.૪થી સદીમાં મથુરાની આસપાસ કૃષ્ણપૂજાના પ્રચારનો ઉલ્લેખ મેગેસ્થનીઝના પોતાના યાત્રાવર્ણનમાં મળે છે.[૧૪]

આને આધારે ડો.ભાંડારકર, લોકમાન્યતિલક, ડો.રાયચૌધરી આદિ વિદ્દાનો એવા નિષ્કર્ષ પર પહોંચ્યા છે કે વાસુદેવપૂજા ઈ.પૂ.૭૦૦માં પ્રચલિત હશે.[૧૫]

મૂળ મહાકાય 'મહાભારત'માં કૃષ્ણ કેવળ રાજા, યોધ્ધા, રાજનીતિજ્ઞ આદિ સામાન્યરુપોમાં ચિત્રીત થયેલા છે. પરંતુ શ્રીમદ્ ભગવદ્ગીતામાં તે આધ્યાત્મિક દાર્શનિકતાની વાતો સમજાવનાર ગુરુના રુપમાં ચિત્રિત થયેલા છે. ઉપનિષદોનું દર્શન સમજાવી પોતાને સર્વોચ્ચ સર્વોપરિ આત્મા ઘોષિત કરે છે.

પુરાણોમાં કૃષ્ણનું સ્વરુપ:

સંસ્કૃત સાહિત્યમાં ૧૮ મહાપુરાણો, ૧૮ ઉપપુરાણો છે. ૧૮ મહાપુરાણોમાંથી પ્રથમ છ પુરાણો 'ભાગવતપુરાણ', 'વિષ્ણુપુરાણ', 'બ્રહ્મવૈવર્તપુરાણ', 'બૃહન્નારદીય પુરાણ', 'પદ્મપુરાણ', અને વામન પુરાણ, વૈષ્ણવપુરાણો છે. અન્ય બાર પુરાણો" મત્સ્યપુરાણ, વરાહપુરાણ, કૂર્મપુરાણ, ભવિષ્યપુરાણ, ગરુડપુરાણ, બ્રહ્માંડપુરાણ, બ્રહ્મપુરાણ, વાયુપુરાણ, સ્કંદપુરાણ, માર્કંડેયપુરાણ, અગ્નિપુરાણ, લિંગપુરાણ, "- એ શૈવ અને બ્રાહ્મપુરાણો છે. અઢારમાંથી લગભગ અડધાં પુરાણોનો સંબંધ વૈષ્ણવધર્મ અને કૃષ્ણભકિતથી નિતાંત સ્ફુટ છે.

'વાયુપુરાણ' અને 'લિઙ્ગપુરાણ'માં યાદવવંશવૃત્તમાં શ્રીકૃષ્ણનું વિવરણ મળે છે. 'અગ્નિપુરાણ'માં બાણાસુરસંગ્રામને સમયે શ્રીકૃષ્ણનું વિવરણ આપવામાં આવ્યું છે. 'બ્રહ્મપુરાણ'ની કથા 'વિષ્ણુપુરાણ'થી પણ પ્રાચીન લાગે છે. 'વિષ્ણુપુરાણ', 'હરિવંશપુરાણ', 'પદ્મપુરાણ', 'અગ્નિપુરાણ', 'ભાગવતપુરાણ', 'બ્રહ્મવૈવર્તપુરાણ'માં વિશેષ અધ્યાયોમાં શ્રીકૃષ્ણનું ચરિત્રવર્ણન મળે છે. 'બ્રહ્મવૈવર્તપુરાણ'માં રાધાની

મહત્તાને મહત્ત્વપૂર્ણ માન્યતા આપતાં એના જીવનથી સંબદ્ધ શ્રીકૃષ્ણનું ચિત્રણ મળે છે. આ ઉપરાંત 'સ્કન્દપુરાણ,' 'વામનપુરાણ,' 'કૂર્મપુરાણ' માં પણ આ સંબંધી વર્ણન મળે છે.

આમાંથી 'ભાગવતપુરાણ', 'વિષ્ણુપુરાણ,' 'બ્રહ્મવૈવર્તપુરાણ', 'નારદપુરાણ', 'પદ્મપુરાણ' - આ પાંચ પુરાણોમાં વિષ્ણુના આધ્યાત્મિક રુપ તથા મહિમાનું વ્યાપક અને સર્વાંગ સુંદર વર્ણન મળે છે, જેણે ગુજરાતી કૃષ્ણભકિતકાવ્યને પ્રભાવિત કર્યું છે.

સાંપ્રદાયિક ભકિતમાર્ગોના પ્રવર્તનની પહેલાં ગીતા અને પુરાણ સાહિત્યને કૃષ્ણભકિતનો આધાર માનવામાં આવતાં. ગીતામાં ભકિતનું નિરુપણ પ્રત્યક્ષ રુપથી થયું છે. વૈષ્ણવ ભકિતના સ્વરુપને સ્પષ્ટ અને સ્વચ્છરુપે પ્રગટ કરવામાં શાંડિલ્ય અને દેવર્ષિનારદના ભકિતસૂત્રોનું સ્થાન મુખ્ય છે. આ ભકિતસૂત્રોએ વૈષ્ણવી ભકિતભાવનાને એક એવી ભોંય આપી છે કે જેને શાસ્ત્રીય પણ કહી શકીએ અને વ્યાવહારિક સાધના માટેનો સુગમ માર્ગ પણ કહી શકાય.

ત્યાર પછી પુરાણોએ વૈષ્ણવભકિતને માટે અવતારી રામ અને કૃષ્ણના ચરિત્ર અને લીલાઓનો વિસ્તાર કરી આપ્યો. રામનું મર્યાદા પુરુષોત્તમરુપ તો એટલા વિસ્તારથી પુરાણોમાં સ્થાન પામી શકયું નથી, પરંતુ કૃષ્ણની અપાર લીલાઓથી તો પુરાણોનું કલેવર ભર્યું પડયું છે. કૃષ્ણના ઐશ્વર્યપરક કાર્યોમાં અસુરોનો વિનાશ અને ધર્મસંસ્થાપનની સાથે જ માધુર્ય લીલાપરક વર્ણનો -થી પુરાણ સાહિત્ય સભર છે. એ કહેવું અસંગત નહિ લેખાય કે વૈષ્ણવધર્મનું વર્તમાનરુપ પુરાણો દ્વારા પ્રતિપાદિત અને સમર્થિત થઈને જ સાર્વજનીન બન્યું છે.

કૃષ્ણના ધર્મોપદેશક, નીતિવિશારદ ક્ષાત્રિય રાજા અને બાલસ્વરુપે લીલાકારી અવતારી પુરુષ - આ ત્રણે ય રુપ ભાગવતધર્મની ત્રણ ભિન્ન અવસ્થાઓના પરિચાયક છે. આરંભમાં ભાગવતધર્મમાં સરલ અને ભાવપૂર્ણ ઉપાસનાની પ્રધાનતા હતી, જેનું પ્રતિપાદન 'છાન્દોગ્ય ઉપનિષદ' અને 'શ્રીમદ્ભગવદ્ગીતા'ના કૃષ્ણ દ્વારા થયું છે. મહાભારતયુગમાં ભાગવતધર્મ ભાવનાપ્રધાન હોવા છતાં એમાં કૃષ્ણની કર્મશીલતાનું ચિત્રણ છે.

જેમ જેમ ભકિતમાર્ગમાં નવાં નવાં તત્ત્વો ઉમેરાતાં ગયાં, તેમ તેમ કૃષ્ણના ચરિત્રમાં નવું નવું ઉમેરાતું ગયું હશે. કૃષ્ણનું પૌરાણિક ચરિત્ર એ એનું ઐતિહાસિક ચરિત્ર નહિ પણ આ

દેશના ભક્તિમાર્ગનું વિકાસ ચરિત્ર છે. કૃષ્ણ ઉપરની ભક્તિથી એના ચરિત્ર ઉપર એવાં પડો ચઢી ગયાં છે કે એમાંથી કોઈપણ જાતની સાચી ઐતિહાસિક હકીકત તારવવી મુશ્કેલ છે. સંભવ છે કે મહાભારતમાં ચિત્રિત વ્યક્તિત્વ-ભગવાન વાસુદેવ મથુરાના વૃષ્ણિકુળના એકક્ષાત્રિય અને એમણે વૈદિક સમયના અંતમાં સર્વગ્રાહી નવા ધર્મનો અપૂર્વ ઉપદેશ કર્યો;—એ કૃષ્ણનું મૂલ ઐતિહાસિક રુપ હોય જે પરવતીં સાહિત્યમાં ધીરે ધીરે પરિવર્તિત, વિકસિત અને વિકૃત થતું ગયું.

પુરાણોનો ઉપયોગ સાંપ્રદાયિક પ્રચારના માધ્યમના રુપમાં વધારે થયો છે. વૈષ્ણવોએ પુરાણો દ્વારા સૌથી વધારે લાભ ઉઠાવ્યો છે.

મહાભારત પછી શતાબ્દિઓ સુધી કૃષ્ણપૂજાનો પ્રચાર અધિક ન થઈ શકયો, પરંતુ કેટલીક જાતિઓ અને પ્રદેશોમાં કૃષ્ણપૂજાનો પ્રચાર અવશ્ય હશે. પુરાણોના સમયગાળામાં કૃષ્ણભક્તિનો વિકાસ નિશ્ચિતપણે અને તીવ્ર ગતિએ થયો છે. પુરાણોનું સાહિત્ય પોતાના મૂળરુપમાં તો અત્યંત પ્રાચીન હશે, પરંતુ એમાં સમયે સમયે અનેક પરિવર્તન થયાં હશે એ નકકી છે. આ સમયે ઉપલબ્ધ થતાં પુરાણોએ પોતાનું નવું રુપ ગુપ્તરાજાઓના સુવર્ણયુગમાં તથા તેની પછી મેળવવાનું શરુ કર્યું હશે, એવું વિદ્વાનોનું અનુમાન છે.

ગોપાલકૃષ્ણ તથા વ્રજનંદન કૃષ્ણની લીલાઓનો પ્રારંભ પુરાણોથી થયો,[16] અને પુરાણ સાહિત્યમાં સ્વીકૃત શ્રીકૃષ્ણ સંબંધી કોઈ પ્રચલિત પરંપરાએ એને પ્રભાવિત કરી હશે.

પુરાણોમાં નરાવતાર ભગવાન કૃષ્ણના બે રુપ સ્વીકારાયાં છે;—ઐશ્વર્યમય કૃષ્ણ અને માધુર્યમય કૃષ્ણ, ઐશ્વર્યરુપની અંતર્ગત એમની લોકરક્ષણ સંબંધી લીલાઓ-રાક્ષસો અને દાનવોનો સંહાર-આવે છે. લોકરંજક રુપ એમની માધુર્યભાવનાનું દ્યોતક છે, જેની અંતર્ગત તે પોતાનાં ભકતોનાં અનુરંજન માટે વિવિધ પ્રકારની લીલાઓ કરે છે. કૃષ્ણમાં નરત્વનો પૂર્ણ સમાવેશ તેમની લોકરંજક લીલાઓ દ્વારા થઈ જાય છે. બાળલીલાઓથી કિશોરાવસ્થા સુધીની વિપુલ લીલાઓ તેમના આ સ્વરુપને પ્રગટ કરે છે. આ લીલાઓનું પોતાનું વિશિષ્ટ સ્વરુપ છે અને શ્રી વલ્લભાચાર્ય આદિ વિદ્વાન આચાર્યોએ એમાં આધ્યાત્મિક દ્રષ્ટિનું સંધાન સિધ્ધ કર્યું છે.

આવું આધ્યાત્મિક સ્વરુપ મહાભારતમાં ઉપલબ્ધ નથી થતું. વસ્તુતઃ માધુર્યપરક લીલાઓનો પ્રારંભ જ પુરાણોથી થાય છે.

મહાભારતમાં કૃષ્ણનો પારિવારિક પરિવેશ અને પરિવારકાર્યોનું વર્ણન નથી આવતું. પુરાણકારો એ આ અભાવની પૂર્તિ પોતાની કલ્પનાથી કરી છે. કૃષ્ણના શૈશવમાં વિદ્યાઅધ્યયન , વિવાહ સંતતિ આદિ સર્વ પ્રસંગો પુરાણકારોએ પ્રસ્તુત કર્યા છે. જો પુરાણોના આધારે કૃષ્ણના જીવન પર દષ્ટિપાત કરવામાં આવે તો આપણે જોઇશું કે એ એક કૃષ્ણ વ્રજવાસી કૃષ્ણ છે, બીજા દ્વારકાધીશ કૃષ્ણ છે. આ બંને રુપોની વચ્ચે' મહાભારત'ના કૃષ્ણ છે.

પુરાણકારોએ એ ન તો મહાભારતીય કૃષ્ણને મુખ્ય સ્થાન આપ્યું, ન તો દ્વારકાધીશ કૃષ્ણનું વિસ્તારથી વર્ણન કર્યું.એમનો વર્ણ્યવિષય તો વ્રજવાસી લીલાપરાયણ કૃષ્ણ જ રહયા છે. 'હરિવંશ', 'વિષ્ણુપુરાણ', 'બ્રહ્મપુરાણ','પદ્મપુરાણ', 'ભાગવત' અને 'બ્રહ્મવૈવર્તમાં' શ્રીકૃષ્ણ ચરિતનો ઉત્તરોત્તર વિસ્તાર જોવા મળે છે.

ભકિતમાર્ગનો પ્રવાહ મહાભારતમાં કૃષ્ણે ઉપદેશેલ ભગવદ્ગીતાથી ચાલ્યો. એમાં કૃષ્ણનું મોટી ઉંમરનું ચરિત્ર છે, બાલ્યાવસ્થાનું નથી. તે ખોટ પાછળથી મહાભારતના ખિલપર્વરુપ 'હરિવંશ' થી પૂરવામાં આવી.

'હરિવંશ' માં ત્રણ પર્વો મળે છે. તેમાં બે જ પર્વો હોવાનું ' મહાભારત' માં નોંધાયેલ છે. પહેલાં પર્વમાં યદુવંશના વર્ણનમાં કૃષ્ણચરિત્રનું કથન છે. બીજા પર્વમાં કૃષ્ણજન્મથી આરંભી સાંગ કૃષ્ણચરિત્ર વિસ્તારથી આપેલુ છે. ત્રીજા પર્વમાં વરાહ અને વામનઅવતારની કથાઓ છે. આટલો વૈષ્ણવ અંશ આમાં છે. પણ વૈષ્ણવભકિતનું જે નિરુપણ 'વિષ્ણુપુરાણ' અને 'ભાગવતમાં' છે. તેનો કોઇ અંશ આમાં નથી. વિષ્ણુપુરાણ રચાયા પહેલાં ભકિતનું સાહિત્ય શ્રીમદ્ ભગવદ્ગીતા અને એ નારાયણીપર્વમાં છે. કૃષ્ણચરિત્રના ગ્રંથ તરીકે 'હરિવંશ'નો ઉપયોગ થયો છે. એમાં જ સર્વપ્રથમ ગોપીઓના ચરિત્રની સાથે કૃષ્ણચરિત્રને સંબધ્ધ કરવામાં આવ્યું છે. 'હરિવંશ' માં જે કથા છે તેજ સુધારાવધારા સાથે 'બ્રહ્મપુરાણ' 'વિષ્ણુપુરાણ' 'ભાગવત' તથા 'બ્રહ્મવૈવર્તમાં' છે.

તે ઉપરાંત તેમાં નવા ઉમેરા છે. 'હરિવંશ ' અને 'વિષ્ણુપુરાણ' - બંને પ્રાચીન સામગ્રીને આધારે ઘણી સતર્કતા સાથે ફરી લખાયું હોવું જોઈએ. આ બંને પુરાણોનો રચનાકાળ ઈ:૪૦૦ પછી ન હોઈ શકે.[૧૭]

આ બંને પુરાણોમાં પર્યાપ્ત માત્રામાં સામ્યનું તત્ત્વ જોવા મળે છે. પરંતુ કૃષ્ણની કથાનો વિકાસ કરવાની પધ્ધતિ બંને પુરાણોની આગવી છે. ' હરિવંશ' માં કૃષ્ણની બાલ્યાવસ્થા તથા યૌવનાવસ્થાની અનેકાનેક લીલાઓનું વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવ્યું છે, જેનો મહાભારતમાં નિર્દેશ પણ નથી મળતો. મથુરામાં તથા તેની ચારે તરફ પ્રસિધ્ધ એવી કૃષ્ણ સંબંધી કિંવદન્તીઓના આધાર પર કૃષ્ણ અને બલરામની રાક્ષસોના સંહારના ચમત્કારપૂર્ણ કાર્યોનું વર્ણન ' હરિવંશ' માં કરવામાં આવ્યું છે. ગ્રામ્યજીવનના દશ્યોનું તાદશ વર્ણન કરતાં, ત્યાંના આમોદપ્રમોદ હાસ્ય તથા મનોરંજનની વચ્ચે કૃષ્ણને ગોપીઓનું હૃદય જીતતા તથા તેમની સાથે અનેક રાત્રીઓ સુધી રાસલીલા ખેલતા વર્ણવાયા છે. ગોપાલકૃષ્ણની ભાવનાનો વિકાસ ' હરિવંશ' માં એવો થયો કે ૩૮૦૮મા શ્લોકમાં કૃષ્ણે પોતાના પિતા નંદે ગોવર્ધનપૂજા કરી તે સમયે પોતાને ' પશુપાલક' કહ્યા અને પોતાની સંપત્તિ ગોધનને જ માની. ૩૫૩૨મા શ્લોકમાં તેમનો નિવાસ વ્રજ અને વૃંદાવન રહે છે. શ્રી કૃષ્ણની ગોવર્ધનપૂજા અને વ્રજનિવાસમાં એક ઐતિહાસિક સામગ્રી મળી રહે છે. ગોપાલકૃષ્ણની ઉપાસનાના ઇતિહાસના સંબંધમાં ડો. ભાંડારકરનો મત[૧૮] એવો છે કે ઈ.ની બીજી ત્રીજી સદીમાં આભીર નામની જાતિએ ગોપાલકૃષ્ણનો દેવતાના રુપમાં સ્વીકાર કરી કૃષ્ણભક્તિના વિકાસમાં અપૂર્વ સહયોગ આપ્યો.

'વિષ્ણુપુરાણ ' ભાગવતનું મૂળ છે. ભાગવત એનો આધાર રાખી, એના ક્રમને અનુસરીને ચાલે છે. 'વિષ્ણુપુરાણ' ના છ અંશોના શ્રીમદ્ભાગવતે બાર સ્કંધો કર્યાં છે. એટલે 'વિષ્ણુ પુરાણ' ના વસ્તુનો ભાગવતે વિસ્તાર કર્યો છે.

સંપૂર્ણ રીતે વૈષ્ણવ અને સાંપ્રદાયિક અસર વગરનાં બે જ પુરાણો' વિષ્ણુપુરાણ ' અને 'ભાગવત' ગણાય છે. 'ભાગવત' પૂર્વે વૈષ્ણવ પ્રમાણગ્રંથ તરીકે ' વિષ્ણુપુરાણ' વપરાતું એમ શાંડિલ્યસૂત્રની

ટીકા, દશશ્લોકોની ટીકા વગેરે ગ્રંથો જોતાં જણાય.

શ્રીકૃષ્ણચરિત્રનું મહાભારત અને હરિવંશને અનુસરીને વિષ્ણુપુરાણમાં વર્ણન છે. વિષ્ણુપુરાણના પાંચમા અંશમાં કૃષ્ણચરિત્ર મળે છે. કુલ ૧૨૬ અધ્યાયોમાંથી ૩૮ અધ્યાયમાં કૃષ્ણચરિત્ર આપવામાં આવ્યું છે. એ ઉપરથી પુરાણકારના મનમાં એનું કેટલું મોટું સ્થાન તે સમજી શકાશે. 'ધર્મસંસ્થાપનાય એ સિધ્ધાંતના દાખલા રૂપ કૃષ્ણચરિત્રમાં કંસવધનું સ્થાન તો મહાભારતના સમયથી જ હતું. પૂતનાદિના વધની કથા હરિવંશમાં આવી. પણ હરિવંશ કરતાં વિષ્ણુપુરાણમાં ઘણા ઉમેરા કતાએ કર્યા છે. ઉ.ત. કાલીયદમન વખતે નાગપત્નીઓની વિનંતી, કાલીયની કૃષ્ણની સ્તુતિ, શરદઋતુનું વર્ણન, ગોપીઓ સાથેની રાસક્રીડા, ગોપીઓની પ્રબળ વિરહવેદના, કુબ્જાની કૃષ્ણનું વસ્ત્ર પકડી 'મારે ઘેર આવો' ની માગણી અને કૃષ્ણનું એને ત્યાં પછીથી જવાનું વચન, મથુરાવાસીઓનું કૃષ્ણનું અહોભાવપૂર્વકનું ગુણગાન, લીલાવર્ણન ઋષિઓનો શાપ, યદુવંશવિનાશ ને ભગવાનનું સ્વધામગમન ઈત્યાદિ.

કૃષ્ણચરિત્રમાં ગોપીઓ-કૃષ્ણનો સંબંધ અગત્યનો છે. વિષ્ણુપુરાણમાં 'હરિવંશ' ના 'હલ્લીસક્રીડન' ને સ્થાને 'રાસક્રીડા' શબ્દ છે. આ 'રાસ' શબ્દનો શ્રીધરના મતે 'હાથમાં હાથ ભરાવીને મંડળરૂપે ફરતાં સ્ત્રીપુરુષોનો નૃત્ય વિનોદ' એવો અર્થ થાય. ( યુરોપની પ્રજાઓમાં અને આદિવાસીઓમાં સ્ત્રીપુરુષો સાથે મળીને ગોળ ફરતાં ફરતાં નાચે એ સામાન્ય રિવાજ છે) 'વિષ્ણુપુરાણ' માં 'હરિવંશ' ની અપેક્ષાએ અધિકવિસ્તારથી કરેલું આ લીલાઓનું વર્ણન મળે છે, એટલે સુધી કે સંભોગશૃંગાર પણ એક ઉદાત્ત સ્વરૂપે આમાં મળે છે. હરિવંશના વર્ણન કરતાં યે વિષ્ણુપુરાણનું વર્ણન વધારે નિર્દોષ છે. પણ વિષ્ણુપુરાણનો જમાનો હરિવંશના જમાનાથી જુદો ને એના લેખકમાં ચોખલિયાપણું વિશેષ. એટલે એણે હરિવંશથી ચાલ્યું આવતું રાસક્રીડાનું વર્ણન ઉતાર્યું ખરું પણ વિષ્ણુના અવતારરૂપ કૃષ્ણ ગોપીઓ સાથે આ રીતે નાચે, રમે એ એને ઠીક ન લાગવાથી અધ્યાયને અંતે બચાવમાં કહે છે : ' તે પરમેશ્વર (કૃષ્ણ) ગોપીઓમાં, તેમના પતિઓમાં, પ્રાણીમાત્રમાં આકાશાદિ પેઠે વ્યાપી રહ્યા.

સોડપિ કૈશોરકવયો માનયન્મધુસૂદનઃ |
રેમે તાભિરમેયાત્મા ક્ષપાસુ ક્ષપિતાહિતઃ ||૬૦||

તસ્યાભર્તૃષુ તથા તાસુ સર્વભૂતેષુચેશ્વરઃ|
આત્મસ્વરુપોઽસૌ વ્યાપી વાયુરિવ સ્થિતઃ૬૧: અં:૫:અ:૧૩: પાન: ૪૧૬:
ભકિતના વિચારોમાં પણ એની દષ્ટિ હરિવંશના લેખકની દષ્ટિ કરતાં આગળ વધેલી છે. પરિણામે ગોપીઓની કૃષ્ણને મળવાની કામનામાં એ ભકિતતત્ત્વ જુએ છે અને લખે છે ' અમુક ગોપી તો કૃષ્ણ પાસે ન જઇ શકવાથી, પરબ્રહ્મ કૃષ્ણનો વિચાર કરતાં કરતાં પાપો બાળી જતાં મુકત થઇ ગઇ.' આ જ ભકિતની ભાવનાનો ભાગવતમાં વિકાસ થયેલો જોવા મળે છે.
આમ ભાગવતાન્તર્ગત રાસપંચાધ્યાયીમાં આવેલા ઘણા પ્રસંગોનું બીજ વિષ્ણુપુરાણના રાસવર્ણનના અધ્યાય ( અં:૫:અ:૧૩ ) માં મળે છે. પણ તેમાં સ્થૂળ કામોપભોગનું સૂચન કરે એવું ખાસ કંઇ નથી.
આમ બંને પુરાણોના સામ્યવૈષમ્યને દષ્ટિમાં લેતાં એક વાત અત્યંત સ્પષ્ટ થશ કે કૃષ્ણચરિત્રમાં જે વિકાસ થયો છે તે 'વિષ્ણુપુરાણ' ની રચના 'હરિવંશ' પછીની હોવાનું કહે છે.
'બ્રહ્મપુરાણ' ના અધ્યાય ૧૭૬ થી ૨૧૨ માં કૃષ્ણકથાનો સમાવેશ થાય છે. 'બ્રહ્મ પુરાણ' અને 'વિષ્ણુપુરાણ' ને સરખાવતાં બ્રહ્મપુરાણની રચના 'વિષ્ણુપુરાણ' પછી અને કેટલેક સ્થળે તો શબ્દશઃ થઇ હોય એમ લાગે છે. 'બ્રહ્મપુરાણના ઉત્તર ભાગમાં અને 'વિષ્ણુપુરાણના પાંચમા અંશમાં કૃષ્ણચરિત્ર સંબંધી શ્લોક લગભગ એક સરખા છે.
'પદ્મપુરાણ' -ઉત્તરખંડ - અ:૨૭૨થી ૩૭૯ માં ભગવાન રુદ્ર દ્વારા શકિત પાર્વતીને રામચરિત્ર સંભળાવ્યા બાદ, શ્રીકૃષ્ણવાસુદેવનું જીવનવિવરણ કહેવામાં આવે છે. ' ભાગવત' તો 'વિષ્ણુ-પુરાણ' ને પગલે પગલે ચાલી એનો પહેલો પાઠ, ' પંચલક્ષણી' કદાચ હશે એમાંથી વિકસીને પછી દશલક્ષણી બન્યો હોય તો એમાં આશ્ચર્ય નહિ. એના સ્કંદ ૧૦ અને ૧૧માં ભગવાનના પૂર્ણાવતાર શ્રીકૃષ્ણના જન્મ અને લીલા આદિના સંબંધમાં શુકદેવજી રાજા પરીક્ષિતને બતાવે છે.
પુરાણો દ્વારા વર્ણિત કૃષ્ણના સ્વરુપનું અનુશીલન કરતી વખતે એક વાતનું ખાસધ્યાન રાખવાનું કે શ્રીકૃષ્ણની રુકિમણી, સત્યભામા આદિપટરાણીઓની સાથે ૧૬૦૦૦ રાણીઓનું વર્ણન તથા

'પદ્મપુરાણ', 'બ્રહ્મવૈવર્ત' જેવા પુરાણોમાં રાધાનું વર્ણન પણ અહીં જ આરંભાય છે. એ આશ્ચર્યની વાત છે કે રાધાને જે મહત્વ મધ્યયુગમાં પ્રાપ્ત થયું છે તે શ્રીકૃષ્ણવિષયક મુખ્ય પુરાણ શ્રીમદ્ભાગવત 'માં જ નથી. અન્ય પુરાણોમાં રાધાનું વિશદ અને વિસ્તૃત વર્ણન છે, અને સંભવત: એને પરિણામે જ રાધા નાયિકાનું સ્થાન ગ્રહણ કરી શકી. 'ભાગવત ' તથા' વિષ્ણુપુરાણ'ના રાસવર્ણનમાં ભાવ તથા ભગિની દષ્ટિએ ઘણું સામ્ય છે, જો કે 'વિષ્ણુપુરાણ' કરતાં ' ભાગવત'નું પંચાધ્યાયી રાસવર્ણન વિસ્તૃત છે. 'રાસપંચાધ્યાયી' માં ગોપીઓ સાથેની કૃષ્ણની રાસલીલાનું મોહક વર્ણન હોવા છતાં એમાં રાધાનો નામોલ્લેખ કયાંય નથી. તો પણ રાધાનું નામ ધીમે ધીમે મધ્ય-યુગમાં કૃષ્ણની આહ્લાદિની શકિતના રુપમાં પ્રતિષ્ઠિત થતું ગયું અને 'રાધાકૃષ્ણ' શબ્દ પરબ્રહ્મની શકિતનો દ્યોતક બની ગયો.

શ્રીકૃષ્ણની રાસલીલા અને ગોપીઓના પ્રેમનું વિસ્તૃત રુપનું ચિત્રણ નવમી સદીમાં લખાયેલ મનાતા 'શ્રીમદ્ ભાગવતમાં થયું છે.[૧૯] એમાં કૃષ્ણની એક વિશેષ આરાધિકા ગોપબાલાનો ઉલ્લેખ મળે છે કે જે 'બ્રહ્મવૈવર્તપુરાણમાં ગોપીઓમાં સર્વાધિક પ્રભાવશાળી રાધાના રુપમાં ચિત્રિત થઈ છે.

'બ્રહ્મવૈવર્તપુરાણ'ના 'શ્રીકૃષ્ણજન્મખંડ' માં કૃષ્ણકથા આપવામાં આવી છે. શ્રીદામા રાધાને શાપ આપે છે કે તે ગોવાલણના રુપમાં જન્મ ધારણ કરશે અને રાધાના સંરક્ષણાર્થે શ્રીકૃષ્ણઅવતાર લેશે. પૃથ્વીની પ્રાર્થના આદિ પ્રકરણ અ.૫૪થી આરંભાય છે.

' હરિવંશ' તથા અન્ય પુરાણોમાં કૃષ્ણના શૃંગારી રુપના બે સ્વરુપ મળે છે.

૧: એમના રાજસી વૈભવવિલાસનું ઐશ્ચર્યપૂર્ણ ચરિત્ર ૨: એમના ગોપાલરુપના ગ્રામીણ કેલિક્રીડાનું માધુર્યપૂર્ણ ચરિત્ર.' હરિવંશ 'અને 'વિષ્ણુપુરાણ' માં ગોપાલકૃષ્ણની લીલા ' શ્રીમદ્ભાગવત', 'પદ્મપુરાણ 'અને 'બ્રહ્મવૈવર્તપુરાણ' ની અપેક્ષાએ ઘણી સંક્ષિપ્તરુપમાં મળે છે.

પુરાણોમાં સૌ પ્રથમ ' શ્રીમદ્ભાગવત ' માં જે ગોપાલકૃષ્ણનું જન્મથી માંડી દ્વારિકાનિવાસ સુધીનું સંપૂર્ણ ચરિત્ર 'વિસ્તૃત રુપમાં આપવામાં આવ્યું છે. એમાં કૃષ્ણના ઐશ્ચર્ય અને મધુર રુપોનું એક અદ્ભુત સંમિશ્રણ થયું છે.

વેદરુપ કલ્પતરુના નિચોડરુપે રહેલા સાત્વતસંહિતા કિંવા 'ભાગવતપુરાણ' તરફ આસ્તિક આર્યજનતા

પરમ આદરથી દષ્ટિ કરે છે. ભિન્ન ભિન્ન સંપ્રદાયોમાં વિભકત થયેલા અખંડ સનાતન વેદધર્મ-માં આપ્તવાકય તરીકે સ્વીકારાયેલા પરમ પ્રમાણગ્રંથોમાં બીજાં અનેક પુરાણો, ધર્મશાસ્ત્રોને ગૌણ રાખી આ ભાગવતપુરાણને સ્થાન આપવામાં આવ્યું છે. પરમ ભકિતમાર્ગાચાર્ય શ્રીવલ્લભાચાર્ય આ ભાગવતપુરાણને સર્વસંદેહનિવારક ગણે છે. વેદ, ગીતા અને બ્રહ્મસૂત્રોમાં જયાં જયાં સિધ્ધાંતવિષયક વિરોધ જણાતો હોય ત્યાં ભાગવતના વચનોથી તેને દૂર કરવા પ્રયત્ન કરે છે. આપણા દેશના મધ્યકાલીન ગુજરાતી, હિંદી, વ્રજ, બંગાળી ઈત્યાદિ ભાષા કિવઓ પર 'શ્રીમદ્ભાગવત' નો અત્યાધિક પ્રભાવ છે. એવું લાગે છે કે ભાગવતકારે કૃષ્ણની લોકવિશ્રુત કથાઓ અને અપ્રચલિત લોકવાર્તાઓનો સદુપયોગ કરી પોતાની ઉવર્શ કલ્પનાશકિતનો પરિચય આપ્યો છે.

## : પાદટીપ :

૧: ઋ.૧-૨૨-૧૭-પૃ:૫૮ ( વિષ્ણુએ આ ઓળંગવાનું કર્યું. એણે ત્રણ રીતે ડગલું ભર્યું. આ ધૂપથી આચ્છાદિત આકાશમાં ઊંચે ગયું .)

૨: ઋ.૧:૨૨:૨૦ પૃ:૫૯ ( એ જ વિષ્ણુનું એક પરમ પદ સ્થાન છે, જેનાં જ્ઞાની પુરુષો દર્શન કરે છે.

૩: ભક્તિકાલ ઈન સ્માશિયર ઈન્ડીયા; -બી.કે.ગોસ્વામી:પૃ:૧૦૧-૧૦૨.

૪: ૬:૩:૧૫

૫: ૧:૯:૩:૯

૬: Indian Antiquary-VOL XXIII

૭: The Indian Interpreter- Oct.1894 P-248

૮: Vaishnavism, Shaivism & Minor Religious Systems.- Dr.Bhandarkar.

૯: The Religions of India- A Barth -1909-P-290 Jan.1910.P.117, 178.

૧૦: ગીતામાં તો તેમણે સ્વયં કહ્યું છે : ' હું વૃષ્ણિઓમાં વાસુદેવ છું.' ( અ:૧૦:૩૭)

૧૧: 'સભાપર્વ' માં શિશુપાલના કેટલાક શબ્દોને બાદ કરતાં કૃષ્ણના ગોપજીવન પર કોઈ પ્રકાશ પડતો નથી: અ:૩૭:, પૃ:૪૬૯,૭૮:

૧૨: જો કે ' હરિવંશપુરાણ'-ખિલપર્વ - એક રીતે મહાભારતનું પૂરક ગણાય છે.' હરિવંશ -પુરાણ' ને મહાભારતના સો પર્વમાં અંતર્ગત ગણેલું હોવાથી અષ્ટાદશપુરાણમાં તેની ગણના થતી નથી.

ખિલેષુ હરિવંશે ચ સંખ્યાતાનિ મહર્ષિણા ।

એતત સર્વ સમાખ્યાતં ભારતે પર્વસંગ્રહ ।।

મહાભારત- આદિ પર્વ: બીજો અ:શ્લોક :૩૮૦:

૧૩: પાણિની–વ્યાકરણ–૪–૩:૯૮ પૃ:૭૮૨ 'વાસુદેવાર્જુનાભ્યાં વુન્'

૧૪: 'મથુરા અને કૃષ્ણપુરમાં કૃષ્ણની ઉપાસના થતી હતી,' – મેગેસ્થનીઝના પ્રવાસ વર્ણન ' ઈન્ડિકા ' માં આ ઉલ્લેખ મળે છે. Arrian & Strabo–એ તેમના ગ્રંથમાં ' ઈન્ડિકા ' નો ઉલ્લેખ કર્યો છે.

૧૫: Collected Works of Shri R.G.Bhandarkar Vol.IV :P.415

૧૬: 'મહાભારત' માં કૃષ્ણના ગોપજીવન પર કોઈ પ્રકાશ પડતો નથી પણ પછીનાં પુરાણો ' હરિવંશ', 'બ્રહ્મપુરાણ', 'વિષ્ણુપુરાણ', ' ભાગવત' અને 'બ્રહ્મવૈવર્ત' ઈત્યાદિ માં એમની બાલ્યાવસ્થા સંબંધી આખ્યાનો અને ગોપજીવન સંબંધી ક્રીડાઓમાં ઉત્તરોત્તર વૃધ્ધિ થતી જાય છે.

૧૭: J.N.Farquhar & H.D.Griswold.– 'The Religious Quest of India' P.143.

૧૮: Vaishnavism, Shaivism & Other Religions Systems-Dr. Bhandarkar.

૧૯: 'મારે મતે ભાગવત પણ નવમા શતકમાં શંકર પછી રચાયું છે.' પાન:૨૫૦ દુર્ગાશંકર શાસ્ત્રી: ભારતીય સંસ્કારો અને તેનું ગુજરાતીમાં અવતરણ.– પૃ.૨૫૦

## : કવિ શ્રધ્ધા : કૃષ્ણ –રાધા પરત્વેની :

શ્રીમદ્ ભાગવત– દશમસ્કંધમાં રાસપંચાધ્યાયીના સંદર્ભમાં ગોપીઓ સાથેના શ્રીકૃષ્ણના રાસખેલની સૃષ્ટિ એક અનેરું આકર્ષણ છે. આ ભાવસૃષ્ટિના નાયક શ્રીકૃષ્ણ સાથે ગોપીવૃંદમાં એક મુખ્ય કહી શકાય તે રીતે રાધાના પાત્રનું પણ આગવું આકર્ષણ છે.

શ્રીમદ્ ભાગવત અંતર્ગત દશમસ્કંધમાં રાધાનો આ રીતનો સંદર્ભ નથી. તો પછી ગુજરાતી દશમસ્કંધોમાં આ પાત્રનું નિરુપણ આવ્યું કયાંથી ? એવો પ્રશ્ન સહજ જ થાય. અહીં રાધાના પાત્રનો સંદર્ભ અને વ્યકિતત્વને પામવા માટે એની સાહિત્યકૃતિઓમાંથી ઉપસતી પૃષ્ટભૂમિ અને છબિનું અવલોકન આથી પ્રસ્તુત બનશે.

શ્રીકૃષ્ણની ભગવત્સ્વરુપની માન્યતાને લીધે સંસ્કૃત સાહિત્યમાં એમની સ્તુતિઓ, વંદનાઓના રુપમાં ઘણા કવિઓએ કાવ્યનિર્માણ કર્યું છે. રાધાની ઉત્પત્તિ ઠીક ઠીક પછીના સમયની છે. આથી પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં જે રીતે કૃષ્ણના વંદનાદિ શ્લોકો મળે છે. તેવા રાધાના સંબંધમાં મળતા નથી.

ઈ.ની ૪ થી સદી સુધીમાં કૃષ્ણની વિવિધ લીલાઓનો વ્યાપક પ્રચાર થઈ ગયેલો અને તે અધિક લોકપ્રિય પણ થયેલી. તેના વિવિધ નિર્દેશો આપણને શિલાલેખોમાં,તામ્રપત્રોમાં સિક્કાઓમાં, સ્તંભલેખોમાં, મૂર્તિઓમાં, મંદિરોમાં જોવા મળે છે. એમાં મોટેભાગે શકટલીલા નંદજશોદા સાથેની કૃષ્ણની બાળલીલાઓ, ગોવર્ધનધારણ, માખણચોરી, ધેનુકવધ, નાગદમણ અને એવી લીલાઓનાં શિલ્પો ઈત્યાદિ ઉત્કીર્ણ થયેલાં મળે છે. એમાંથી કોઈ પણ ઉત્કીર્ણ –માં રાધાની છબિનું અંકન નથી.

સાહિત્યમાં પણ બધી લીલાઓનાં વર્ણનો મળે છે. કંસવધ અને ગોવર્ધનધારણનું તો કાવ્ય, નાટક અને શિલ્પમાં મુખ્યત્વે પ્રતિપાદન થયું હતું, પરંતુ ઈ.પમી સદી પૂર્વે રાધાનો કયાંય ઉલ્લેખ મળતો નથી.

જો કે ઋગ્વેદમાં 'રાધા' શબ્દનો પ્રયોગ બે મંત્રોમાં કરેલો મળે છે.

૧: સ્તોતૃ રાધાનાં પતે ગિર્વાહો વીર યસ્ય તે વિભૂતિરસ્તુ સૂનૃતા|

આ મંત્ર ઋગ્વેદ (૧/૩૦/૫ ) માં, સામવેદમાં તથા અથર્વવેદમાં (૨૦/૪૫/૨) ત્રણે વેદોમાં સમાનરુપથી મળે છે.

૨: ઈદં હ્યન્વોજસા સુતં રાધાનાં પતે પિબા ત્વસ્ય ગિર્વણ:|

આ મંત્ર ઋગ્વેદમાં એક સ્થળે (૩/૫૧/૧૦) તથા સામવેદમાં બે સ્થળે (૧૬૫,૭૩૭) મળે છે. બન્ને મંત્રોમાં ' રાધાનાં પતે ' શબ્દો પ્રયોજાયેલા છે. બંને સ્થળે તે ઈંદ્રના વિશેષણ રુપમાં આવ્યા છે. બંને શબ્દોનો સમાન અર્થ છે, આરાધના, અર્ચના.વેદમાં' રાધા' શબ્દ ધન,અન્ન, સમૃધ્ધિ, પૂજા , નક્ષત્ર, આદિના અર્થમાં પણ પ્રયુકત છે, એની દેવીના રુપમાં નહિ. કેટલાક વિદ્દાનો ' રાધાનાં' શબ્દ સાથે રાધાનો સંબંધ જોડે છે. રાધા પવિત્ર તથા પૂર્ણતમ આરાધનાનું પ્રતીક છે.આરાધનામાં વિશુધ્ધ અને ઉદાત્ત પ્રેમ ન ભળે તો તે સાચી આરાધના કેવી રીતે કહેવાય ? આ રીતે ' રાધા ' શબ્દ સાથે પ્રેમના પ્રાચુર્યનો, ભકિતની વિપુલતાનો, ભાવની મહાનતાનો સંબંધ કાળાન્તરે જોડાયો અને ધીરે ધીરે રાધા પ્રેમની પ્રતિમાના રુપમાં સાહિત્ય અને ધર્મમાં પ્રતિષ્ઠિત થયો.

પં.બળદેવ ઉપાધ્યાયને[૧] મતે, વેદના ઉપરોકત મંત્રમાં ઈંદ્ર જ ' રાધાનાંપતે' શબ્દોથી સંબોધાયોં છે. પરિણામે વેદમાં તે જ'રાધાપતિ' છે. કાળાન્તરે, જયારે ઈંદ્રનું સ્થાન વિષ્ણુએ લીધું અને વિષ્ણુ સાથે કૃષ્ણની એકરુપતા સિધ્ધ થઈ, ત્યારે કૃષ્ણ જ'રાધાપતિ' થાય એ સ્વાભાવિક છે.

યજુર્વેદના અ.૩૧માં કહેવાયું છે કે તેમની બે પત્નીઓ છે. એક તો લક્ષ્મી, જે વૈકુંઠમાં શ્રીનારાયણની સમીપ રહે છે, બીજી શ્રી, જેનું નામ રાધિકા મહારાણી છે.

સામવેદ રહસ્યમાં કહેવાયું છે :

સ એવાયં પુરુષ: સ્વરમણાર્થં સ્વસ્વરુપં પ્રકટિતવાન્ |

આ પુરુષે પોતાના રમણ માટે પોતાનું સ્વરુપ પ્રગટ કર્યું. આ પુરુષ અનાદિ અને એક

છે. એ બે પ્રકારનાં રુપ ધારણ કરી સર્વ રસોને ગ્રહણ કરે છે. તે સ્વયં નાયક રુપ થઈ આરાધના- માં તત્પર થયેલા, તેથી તે વેદ જાણનાર તેમને રાધા- રસિકાનંદ કહે છે. આ કારણે આ લોક આનંદમય છે.

~~મહિમાનો પ્રચાર:~~ મધ્યયુગમાં રાધાનું મહત્ત્વ કેટલું હતું, એના મહિમાનો પ્રચાર કેટલો હતો તે નીચેની ઉપનિષદ શૈલીમાં લખાયેલી કૃતિઓ ઉપરથી ખ્યાલ આવશે.

બે ઉપનિષદ રાધાથી સંબદ્ધ મળે છે. એક છે ' રાધોપનિષદ ', બીજું છે ' રાધિકા- તાપનીયોપનિષદ. '

રાધોપનિષદ, ગદ્યમાં છે અને રાધાના મહિમાનું પ્રતિપાદક છે. એમાં રાધા કૃષ્ણ -ની પરમ અંતરંગભૂત આહ્લાદિનીશક્તિ તરીકે દર્શાવાઈ છે.

'કૃષ્ણેન આરાધ્યતે ' ઈતિ રાધા | ' કૃષ્ણં સમારાધયતિ સદા' ઈતિરાધિકા ગાન્ધર્વીતિ વ્યપદિશ્યતે ।

વ્રજની ગોપીઓ અને લક્ષ્મીજી આ રાધાનાં અંશરુપ છે. રાધા અને રસસાગર કૃષ્ણ એક હોવા છતાં શરીરથી ક્રીડા માટે બે થયાં. રાધાના અઠ્ઠાવીસ નામોનો નિર્દેશ અહીં કરવામાં આવ્યો છે.

અથર્વવેદીય ' રાધિકાતાપનીયોપનિષદ ' નાનું છે. એમાં રાધાની પ્રશસ્તિ ઉપરાંત શ્રીકૃષ્ણનો રાધા માટેનો ઉત્કૃષ્ટ પ્રેમ તથા સાતિશય આદર દર્શાવાયો છે.

આ બંને ઉપનિષદોમાં ' યે યે રાધા યશ્ચ કૃષ્ણો રસાબ્ધિર્દેહશ્ચૈક: ક્રીડનાર્થં દ્વિધાઽભૂત ' - આ પદ ઉધ્ધૃત કરવામાં આવ્યું છે, જે કોઈ પ્રાચીન ગ્રંથનું હોય તેમ લાગે છે. ' સામરહસ્ય ઉપનિષદ ' માં આ જ ભાવ બીજા શબ્દોમાં મળે છે :

અનાદિરયં પુરુષ એક એવાસ્તિ | તદેવ રુપં દ્વિધા વિધાય સમારાધનતત્પરોઽભૂત|
તસ્માત્ તાં રાધાં રસિકાનન્દાં વેદવિદો વિદુ: |

~~પુરાણ સાહિત્યમાં રાધા:~~

પુરાણ સાહિત્યમાં રાધા:

વિવિધ પુરાણોના વિવિધ પ્રસંગોમાં રાધાના ઉલ્લેખો મળે છે. રાધાભક્તિનો પ્રાદુર્ભાવ ગમે તે યુગમાં થયો હોય, પરંતુ એનો જે વિશદ અને વ્યાપક પ્રચાર થયો છે, તે પુરાણો દ્વારા જ મનાય છે. જો કે સંસ્કૃત સાહિત્યનાં કાવ્ય, વ્યાકરણ, કથા – આખ્યાન આદિમાં રાધાના ઉલ્લેખો મળે છે, પરંતુ તેના સ્વરુપનું સર્વાંગીણ વર્ણન તેમાં નથી મળતું. રાધાના આધ્યાત્મિક અને દાર્શનિક સ્વરુપનું વર્ણન પણ પુરાણો પહેલાં મળતું નથી. વિષ્ણુની શક્તિના રુપમાં રાધાનું વર્ણન સર્વ પ્રથમ પુરાણોમાં મળે છે.

કૃષ્ણચરિત્રના પ્રાધાન્યવાળાં પુરાણોમાંથી ' હરિવંશ' માં, વિષ્ણુપુરાણ'માં કે ' ભાગવત'માં રાધાનો ઉલ્લેખ નથી. પરંતુ ' બ્રહ્મવૈવર્તપુરાણ', 'ગર્ગસંહિતા', 'પદમપુરાણ', 'સ્કંદપુરાણ' તથા 'દેવીભાગવત' ના કેટલાક ભાગોમાં એનો ઉલ્લેખ મળે છે.

શ્રીમદ્ભાગવત્માં ગોપીઓ સાથે કૃષ્ણની લલિત તથા મધુર લીલાઓનું વર્ણન મળે છે. પરંતુ એમાં ' રાધા' નું નામ નથી. એના ' દશમસ્કંધ'ના ૩૦મા અધ્યાયનો ૨૪મો શ્લોક જોઇએ.

અનયારાધિતો નૂનં ભગવાન્ હરિરીશ્વર: |

યન્નો વિહાય ગોવિન્દ: પ્રીતો યામનયદ્રહ: ||

આ શ્લોકની ટીકામાં ગૌડીય વૈષ્ણવ ગોસ્વામીઓએ 'રાધા'નો ગૂઢ સંકેત શોધી કાઢયો છે. ' અનયારાધિતો' નું પદચ્છેદ બે રીતે કરવામાં આવ્યું છે.

'અનયા રાધિત:' તથા 'અનયા / આરાધિત:'- બંનેમાં સમાન અર્થની અભિવ્યક્તિ થઈ છે. શ્રી સનાતન ગોસ્વામીએ એમની બૃહત્તોષિણી ' વ્યાખ્યામાં લખ્યું છે:

રાધયતિ આરાધયતીતિ શ્રીરાધેતિ નામકરણઞ્ચ | શ્રીજીવ ગોસ્વામીએ પણ પોતાની 'વૈષ્ણવતોષિણી ' વ્યાખ્યામાં આ જ વાત દોહરાઈ છે. વિશ્વનાથ ચક્રવર્તી તથા ધનપતિ સૂરિએ પણ ' રાધા' નું નામકરણ ગુપ્ત ભાવથી સ્વીકાર્યું છે.

ઉપર્યુક્ત વિદ્વાનો ભાગવતમાં ' રાધા'નું નામ છે એમ સ્વીકારે છે.

તો પ્રશ્ન એ થાય કે વ્યાસજીએ ભાગવતની રચનામાં રાધાનું નામ કેમ પ્રગટ ન કર્યું ? શા માટે તે ગુપ્તરાખ્યું ?

૧:

૧: શ્રી સનાતન ગોસ્વામીજી તેમના ' શ્રીમદ્ ભાગવતામૃતમ્ ' માં કલ્પના કરે છે કે શુકદેવ -જી ગોપીઓના અદ્ભુત પ્રેમની લીલા વર્ણવતાં, તેમના વિરાહાગ્નિની કણિકાથી તેમનું હૃદય એટલું વિકલ થઈ જાય છે કે તે પોતાનુ દેહાનુસંધાન ભૂલી ગયા. આવી વિકલતામાં ' રાધા' નું નામ તેમના મુખથી ન નીકળે, એમાં આશ્ચર્ય શું ?

૨: એક લોકપ્રસિધ્ધ વાત છે, કે માનવી ઈષ્ટવસ્તુ, સંપત્તિ છુપાવીને રાખે છે. શુકદેવજી રાધારુપી પોતાના પરમ ધનને ગુપ્ત રાખતા હતા. રાધાના નામનું આસ્વાદન અંત:કરણ ના ઊંડાણથી પોતાના હૃદયમાં કરતા.

૩: રસિકોનું કહેવું છે કે રાધાનું નામ ગુપ્ત રાખવામાં શુકદેવજીની ચાતુરી છે કે તેમણે અન્ય લીલાઓનું વર્ણન તો નદીની જેમ ઉન્મુકત શૈલીમાં કર્યું છે. પરંતુ રાસનું વર્ણન કૂવાના જળની જેમ નિગૂઢ શૈલીમાં કર્યું છે:

લીલાશુકસ્ય લીલેયં લીલાન્યાસોપવર્ણિતા ।

કલ્લોલિનીસ્વરુપેણ રાસં કૂપજલોપમમ્ ।।

જેવીરીતે નદીના જળથી કોઈ પણ માનવી પોતાની તરસ છીપાવી શકે છે, તે રીતે દશમ-સ્કંધમાં શ્રીકૃષ્ણની સખ્ય, વાત્સલ્ય, આદિ લીલાઓનું આસ્વાદન દરેક ભકત કરીશકે છે. જયારે કૂવાના જળનું પાન જેની પાસે દોરી લોટો છે, તેજ કરી શકેછે. એ પ્રમાણે જે વ્યકિત પાસે શ્રધ્ધા રુપી દોરી અને પ્રેમ રુપી પાત્રનો અભાવ છે, તે જિજ્ઞાસુ હોવા છતાં રાસપંચા-ધ્યાયીનો અક્ષર પણ સમજી નહિ શકે. તે સમજવા માટે શુકદેવજી જિજ્ઞાસુઓમાં વિશુધ્ધ ભકિતનો ઉદ્રેક ઈચ્છતા.

આમ અનેક રીતે વિદ્દાનો, ભકતો, સંતો દશમસ્કંધમાં રાધાનો નામોલ્લેખ ન હોવા છતાં તેનો પરોક્ષ ઉલ્લેખ નકારી નહિ શકાય, તેમ માને છે.

તટસ્થ રીતે વિચારતાં કહી શકીશું કે ઉપર્યુકતદલીલોમાં ભકિત છે, રસિકતા છે, કલ્પના છે, કયાંક ખેંચી તાણીને પણ રાધાના નામનો પ્રવેશ કરાવાયો છે. એમાં સત્યાંશ નથી, એટલું જરૂર સ્વીકારીશું. ભાગવતના ' અનયારાધિતો નૂનં ' શ્લોકમાં રાધાના નામનો સંકેત શોધી

કાઢવો એમાં ગૌડીય વૈષ્ણવ ગોસ્વામીઓની પ્રતિભાનો વિલાસ પ્રતીત થાય છે. ભાગવતના પ્રાચીનતમ ટીકાકાર શ્રીધરસ્વામીની ટીકામાં આ ગૂઢ સંકેત તરફ ઈશારો પણ નથી કરવામાં આવ્યો.

બ્રહ્મવૈવર્તપુરાણમાં રાધાલીલાનું વિસ્તૃત વર્ણન મળે છે. આ પુરાણના બ્રહ્મખંડ, પ્રકૃતિખંડ અને કૃષ્ણજન્મખંડમાં રાધાનું વર્ણન પ્રથમવાર અધિક વિસ્તારપૂર્વક થયું છે. અનેક સ્થળે મૂલકથાનું ધ્યાન ન રહેતાં રાધાની કથા જ મુખ્ય પ્રતીત થાય છે. પદ્મપુરાણમાં રાધાનું વર્ણન આટલું વિસ્તૃત નથી. બ્રહ્મવૈવર્તપુરાણમાં લખ્યું છે કે રાધા કૃષ્ણને પ્રાણથી પણ અધિક પ્રિય છે.

પ્રાણાધિકે રાધિકે ત્વં શ્રૂયતાં પ્રાણવલ્લભે।

પ્રાણાધિ દેવિ પ્રાણેશ પ્રાણાધારે મનોહરે॥ કૃષ્ણજન્મખંડ :૪૦:૧૧

એક ઠેકાણે રાધાને કૃષ્ણની શકિત કહી છે.[2] અન્ય સ્થળે રાધાને કૃષ્ણથી અભિન્ન બતાવાઈ છે.[3]

તું સંસારની આધાર અને હું કારણ છું [4]

' બ્રહ્મવૈવર્ત ' માં એક ઠેકાણે ' રાધા' શબ્દની વ્યુત્પત્તિ આપતાં તેનું માહાત્મ્ય પ્રતિપાદિત કર્યું છે. એના ઉપરથી લાગે છે કે તત્કાલીન યુગમાં રાધાજ સર્વશકિતશાલિની માની, એની પૂજા-ઉપાસના પ્રચલિત થઈ ગઈ હશે. છતાં વૈષ્ણવ ગોસ્વામીઓએ આ પુરાણની રાધાલીલાનો કોઈ ઉલ્લેખ કયાંય કર્યો નથી, એ એક વિલક્ષણ વાત છે.

બ્રહ્મવૈવર્તપુરાણના બ્રહ્મખંડના પાંચમા અધ્યાયમાં રાધાની ઉત્પત્તિનું વિસ્તૃત વર્ણન મળે છે. ગોલોકની રાધા વૃંદાવનધામમાં અવતીર્ણ થઈ. અહીં પણ રાધાને રાસપરાયણ ચિત્રિત કરવામાં આવી છે. રમણની ઈચ્છાથી રાધા ધાવન કરતી કૃષ્ણની સમીપ પહોંચી. આ કારણે એનું નામ ' રાધા' પડયું.[5] એમાં વિવિધ આખ્યાનમૂલક કથાઓથી રાધાને અલૌકિક રુપ આપવામાં આવ્યું છે. અહીં રાધા સાથે કૃષ્ણના લગ્ન થાય છે. એના ૨૭મા અધ્યાયમાં રાધા સાથે કૃષ્ણનો અવિનાભાવ સંબંધ પ્રગટ કરતો શ્લોક જોઈએ :

યથા ક્ષીરેષુ ધાવલ્યં યથા વહ્નૌ ચ દાહિકા।

ભુવિ ગન્ધો જલે શૈત્યં તથા કૃષ્ણે સ્થિતિસ્તવ॥ ૨૧૨:

Kalpana's

અહીં રાસક્રીડાનું પણ વિસ્તૃત વર્ણન છે. રાધા–ઉધ્ધવ સંવાદ અનેક અધ્યાયોમાં વર્ણવાયેલો છે. સંસારમાં જેટલી શકિતઓ છે, એ દરેક સાથે રાધાનું ઐકય સ્થાપવામાં આવ્યું છે. રાધાને વિષ્ણુની જનની, ઈશ્વરી તથા મૂળ પ્રકૃતિ કહેવામાં આવી છે.:

ધાત્રી માતાહમેતેષાં મૂલપ્રકૃતિરીશ્વરી ।

તેના રાધા સમાખ્યાતા હરિણાચ પૂરાબુધે:।।૫૮ : કૃષ્ણજ–મખંડ:અ:૧૧૧ :

આ પુરાણમાં કેટલીક વાતો, ઘટનાઓ એવી છે કે જે અન્ય પુરાણોમાં જોવા નથી મળતી. કૃષ્ણ સાથે રાધાનો વિવાહ આવો જ એક વિચિત્ર પ્રસંગ છે, ( અ.૧૫)! રાધા'ની વ્યુત્પત્તિમાં પણ અહીં કપોલકલ્પનાનો વિશેષ આશ્રય લેવામાં આવ્યો છે.

આ પુરાણ શૃંગારિક વર્ણનથી ભરપૂર છે. સાચી વાત એ છે કે જયદેવ,ચંડીદાસ અને વિદ્યાપતિ -એ રાધાકૃષ્ણનું જે ભૌતિક શૃંગારનું વર્ણન પોતાનાં ગીતોમાં કર્યું છે, એટલું જ સ્થૂલ, બલ્કે એથી પણ નગ્ન વર્ણન આ પુરાણમાં મળે છે. એનું ગોલોક પણ રાસવિલાસથી પરિપૂર્ણ છે. જયદેવ, વિદ્યાપતિ અને ચંડીદાસનાં ગીતોની પ્રતીચ્છાયા આ પુરાણ પર ભરપૂર છે. આ સિવાય પ્રાચીન પુરાણોથી આની ભાષા ભિન્ન લાગે છે. ૧૬મી સદીના સહજિયા સંપ્રદાય અને બૌધ્ધવામમાર્ગી સમાજમાં 'પંચમકાર' નો પ્રવેશ થઈ ગયો હતો. મહાયાન નો 'તિષતલોક' વૈષ્ણવોનો ગોલોક બની ગયો.

ભાગવતમાં રાધા નથી, શૃંગાર છે પણ કાંઈક ઢાંકયો, દશમસ્કંધના પૂર્વાર્ધ સિવાય અન્યત્ર જ્ઞાન વૈરાગ્ય અને માનસી ભકિતમાં દબાઈ ગયો છે. એ ખોટ પૂરી પાડવા શકિતપૂજાના જોરવાળા બંગાળમાં આ પુરાણની રચના થઈ લાગે છે. સંકલના, કવિત્વ, વિદ્વત્તા, ગાંભીર્ય વૈરાગ્ય ભકિતની ઉચ્ચ ભાવના અને બ્રહ્મજ્ઞાન ઈત્યાદિ વિષયોમાં 'બ્રહ્મવૈવર્તપુરાણ' 'ભાગવત' કરતાં ઉતરતી કોટિનો ગ્રંથ છે. જયદેવ જેવા કવિની કલા પણ એમાં નથી. તેથી રાધા અને કૃષ્ણના વિષયમાં આમાં જે કાંઈ મળે છે, તે અત્યંત ભ્રામક અને સંદિગ્ધ છે. કેવળ આ જ પુરાણમાં રાધાને પ્રમુખ ગોપી માનવામાં આવી છે. પરંતુ રાયબહાદુર યોગેશચંદ્ર રાયનું અનુમાન છે કે આ પુરાણની રચના ૧૬મી સદીમાં થઈ અને પશ્ચિમ

બંગાળમાં ક્યાંક લખાયું હતું. પદ્મપુરાણની વિષયમાં પણ એવું કહેવાયું છે કે તે પણ બંગાળમાં લખાયું છે, અને બ્રહ્મવૈવર્તપુરાણની આસપાસ જ તેનો રચનાકાળ છે.
તેથી ઉપરોક્ત બંને પુરાણોને આધારભૂત માની શકીએ નહિ.

પદ્મપુરાણ:

માં એકથી અધિક સ્થાન પર રાધાનું નામ મળે છે. રુપગોસ્વામીએ પોતાના 'ઉજ્જવલનીલમણિ' ગ્રંથમાં અને કૃષ્ણદાસ કવિરાજે પોતાના 'ચૈતન્યચરિતામૃત' માં પદ્મપુરાણમાંથી રાધાનો ઉલ્લેખ કરતો શ્લોક ઉધ્ધૃત કર્યો છે :

યથા રાધા પ્રિયા વિષ્ણો: તસ્યા:કુણ્ડ પ્રિયં તથા।
સર્વ ગોપીષુ સૈવેકા વિષ્ણોરત્યન્તવલ્લભા ॥

રાધાતત્ત્વનું વિકસિતરુપ આ પુરાણમાં મળે છે. પરંતુ અહીં રાધાનું નામ, યશ, સ્વરુપ તથા વ્રતનું વર્ણન એટલી અધિકતાથી મળે છે કે વિદ્દાનોને આ વિષયની પ્રાચીનતા અંગે સંદેહ ઉત્પન્ન થાય છે.

રાધાનું વર્ણન આમાં અનેક સ્થળે મળે છે. આના બ્રહ્મખંડના સાતમા અધ્યાયમાં ' રાધાષ્ટમી' ના વ્રતનું વર્ણન મળે છે. રાધા આદ્યાપ્રકૃતિ તથા કૃષ્ણની વલ્લભા છે. પાતાલખંડના ૭૦મા અધ્યાયમાં તેને મૂળ પ્રકૃતિ તરીકે ગણવામાં આવી છે, તો ૭૭મા અધ્યાયમાં રાધાનું વર્ણન જોઈએ.

સૃષ્ટિસ્થિત્યન્તરૂપા યા વિદ્યાઽવિદ્યા ત્રયીપરા।
સ્વરુપા શક્તિરુપા ચ માયારુપા ચ ચિન્મયી ।।૧૫।।
બ્રહ્મવિષ્ણુશિવાદીનાં દેહકારણકારણામ્ ।
ચરાચરં જગત્સર્વં યન્માયાપરિરમ્ભિતમ્ ।।૧૬।।
વૃન્દાવનેશ્વરી નામ્ના રાધા ધાત્રાઽનુકારણાત્।
તામાલિઙ્ગ્ય વસન્તં તં મુદા વૃન્દાવનેશ્વરમ્ ।।૧૭।। પદ્મપુરાણ, પાતાલખંડ :અ:૭૭

જે સૃષ્ટિ, સ્થિતિ તે અન્તરુપા છે. તે વિદ્યા, અવિદ્યા, વેદત્રયીરુપિણી છે. તે સ્વરુપા, શક્તિરુપા,

Kalpana's

માયારુપા, ચૈતન્યમથી છે: જેની માયાથી આ ચરાચર જગત સદા પરિરંભિત રહે છે, તેનું વૃંદાવનેશ્વરી રાધિકા નામ છે. જે બ્રહ્મનું પણ કારણ રુપ છે, તે રાધાને આલિંગન કરી વૃંદાવનના ઈશ્વર સદા આનંદમગ્ન રહે છે.

આ પુરાણને મતે રાધા સમાન કોઈ સ્ત્રી નથી અને કૃષ્ણ સમાન કોઈ પુરુષ નથી.

નરાધિકાસમા નારી ન કૃષ્ણસદૃશ: પુમાન્ | (શ્લોક ૫૧ )

આમ આ પુરાણમાં વૃંદાવનમાં થનારી કૃષ્ણની નિત્યલીલાનું વર્ણન છે, અને રાધાનું નામ પણ છે. પરંતુ આ પુરાણને બહુ પ્રાચીન માનવામાં આવતું નથી. જો રાધાનું વર્ણન પદ્મપુરાણ-માં પહેલાં આટલું વિશદ હોત તો રુપગોસ્વામી અને કૃષ્ણદાસ કવિરાજ અવશ્ય અન્ય સામગ્રીનો પણ ઉપયોગ કરતા. તેઓ એક જ શ્લોકની શોધ કરી શા માટે અટકી જાત? એટલે કેટલોક ભાગ પ્રક્ષિપ્ત પ્રતીત થાય છે, એવી કેટલાક વિદ્દાનોની ધારણા છે. ફર્કુહરને મતે આ પુરાણનો મોટો ભાગ ૧૬મી સદી પછીનો છે.[૭]

શ્રીદેવીભાગવતમાં પણ રાધાની ઉપાસના તથા પૂજાપધ્ધતિનું વિવરણ મળે છે. એના નવમા-સ્કંધના તૃતીય અધ્યાયમાં મહાવિષ્ણુની ઉત્પત્તિ ચિન્મયી રાધાથી થઈ છે, એમ દર્શાવાયું છે. આ મહાવિષ્ણુ મહાન વિરાટ સ્વરુપ બાલકના રુપમાં ચિત્રિત કરાયા છે. આ સ્કંધના ૫૦મા અધ્યાયમાં રાધામંત્રનું સ્વરુપ, એની જપવિધિ, તથા ફળનું વર્ણન કરવામાં આવ્યું છે. રાધાની પૂજા વિના કૃષ્ણની પૂજાનો અધિકાર કોઈને નથી:

કૃષ્ણાર્ચાયાં નાધિકારો યતો રાધાર્ચનં વિના |

વૈષ્ણવૈ: સકલૈસ્તસ્માત્ કર્તવ્યં રાધિકાર્ચનમ્ ||૧૭||

અહીં રાધાના પૂજાવિધિનો સંબંધ સામવેદ સાથે બતાવવામાં આવ્યો છે. શ્રીકૃષ્ણનીશકિત રુપ ચિન્મયી રાધાની સત્તા, એના મંત્રનું વિધાન, પૂજાવિધિ તથા રાધા-યંત્રનો મહિમા-આ વર્ણનો એ યુગમાં વૈષ્ણવ ધાર્મિક જગતમાં રાધાની પૂર્ણ પ્રતિષ્ઠા સંપન્ન થઈ ચૂકી હતી, એ તરફ અંગુલીનિર્દેશ કરે છે.

સ્કંદપુરાણમાં ભાગવતના માહાત્મ્યનું વર્ણન કરતાં વેદ વ્યાસજીએ કહ્યું છે કે 'શ્રીકૃષ્ણ

Kalpana's

આત્મારામ છે અને શ્રીરાધિકા તેમનો આત્મા છે.

આત્મારામસ્ય કૃષ્ણસ્ય ધ્રુવમાત્માસ્તિ રાધિકા।

દ્વારિકામાં કાલિંદીજીએ પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં કૃષ્ણની રાણીઓએ કહ્યું હતું કે 'આપણે રાધિકાની દાસી છીએ. તેમના દાસ્યના પ્રભાવથી શ્રીકૃષ્ણથી આપણો કદી વિયોગ થઈ શકે નહિ.'

તસ્યા દાસ્ય પ્રભાવિન્ વિરહાદ્ અસ્માન્ન સંસ્પૃશેત્।

આ રીતે રાધાને પ્રકૃતિ, માયા, શકિત તથા જીવ કહેવું ઉચિત નથી. એમને તો આત્મા કહેવાયું છે.

ગર્ગસંહિતાના દ્વારકાખંડના ૧૭મા અધ્યાયમાં પણ આવું વર્ણન મળે છે: 'એકવાર કૃષ્ણના ચરણોમાં છાલાં પડી ગયાં. તે જોઈ રાણીઓએ તેનું કારણ પૂછ્યું તો તેમણે કહ્યું કે તમે રાધાને ગરમ દૂધ પાઈ દીધું, તેથી મારા ચરણમાં છાલાં પડયાં. કારણ મારાં ચરણ સર્વદા તેના હૃદયમાં રહે છે.

મત્સ્યપુરાણના શ્લોકાર્ધમાં રાધાનો ઉલ્લેખ મળે છે. એમાં કહેવામાં આવ્યું છે કે રુકિમણી દ્વારાવતીમાં છે, અને રાધા વૃંદાવનના વનમાં છે. આજ રીતે વાયુપુરાણ, વરાહપુરાણ, નારદીયપુરાણ , આદિપુરાણ- આદિમાં એકાર્ધ શ્લોકોમાં રાધાનો ઉલ્લેખ મળે છે.

પ્રો. વિલ્સન રાધાના સ્વરુપ નિર્ધારણમાં 'બ્રહ્મવૈવર્તપુરાણ'નો આશ્રય લઈ રાધાની શકિતનું કૃષ્ણનિષ્ઠ થવું સિધ્ધ કરે છે. એમની દષ્ટિએ ' રાધા' કૃષ્ણની પ્રેયસી છે. તેઓ એવું માને છે કે હિંદુભકિત સંપ્રદાયોમાં રાધાની ઉપાસનાનો ઉદય મોટે ભાગે અર્વાચીન છે . તેઓ જણાવે છે:

" The adoration of Radha is a most undoubted innovation in the Hindu creed and one of very recent origin. Even the Bhagvat makes no particular mention of her amongst the gopies of Vrindavan, and we must look to the Brahma Vaivarta Puran as the Chief authority of a classical character on which the presentations of Radha are founded.[9]

Kalpana's

પ્રસિધ્ધ અંગ્રેજ વિદ્વાન જે.એન ફૂર્કુહરે રાધાનો ઉદ્‌ભવ અને રાધાભકિતનો પ્રારંભ 'ભાગવત પુરાણ' થી જ માન્યો છે. ભાગવતપુરાણમાં રાધાનું નામ નથી, પરંતુ પ્રધાન ગોપીના રૂપમાં જેનું વર્ણન છે, તે રાધા છે. આથી એમ હોઈ શકે કે તે સમયથી રાધાનો ભકિતક્ષેત્રમાં પ્રવેશ થયો હોય. રાધા નામ સર્વ પ્રથમ કયાંથી આવ્યું તે અજ્ઞાત છે. ' રાધ્' ધાતુનો અર્થ 'પ્રસન્ન કરવું ' હોવાથી તેમણે રાધા નામની કલ્પનાને માની લીધી.[10]

મોનિયર વિલિયમ્સે વૈષ્ણવભકિતનો ઉલ્લેખ કરતાં રાધાકૃષ્ણની ઉપાસનાને પૈરાણિક સાહિત્યથી ઉદ્‌ભવેલી માની. તેમણે રાધાનું સ્વરુપ કયાંય સ્થિર નથી કર્યું, પરંતુ રાધાને તેમણે ' Krishna & Radha as typical of the longing of the human soul for union with Divine "-

માની છે. રાધાને કૃષ્ણની સ્વામિની ગણી છે, અને બંનેની એકી સાથે ઉપાસના કરવાનો સંકેત કર્યો છે.[11]

વૃંદાવનલીલાઓમાં કૃષ્ણ પ્રતિ ચાર પ્રકારનો પ્રેમ વર્ણવાયેલો છે.

૧: સેવ્યસેવક પ્રેમ: ૨: <u>મૈત્રીભાવપૂર્ણપ્રેમ</u> : ૩: ~~માતૃત્વનો~~ માતાનો વાત્સલ્યભાવપૂર્ણ પ્રેમ[12]

૪: ગોપીઓનો માધુર્ય શૃંગાર પરિપૂર્ણ કાંતાભાવ-પ્રેમ[12]

ચોથી કોટિનો પ્રેમ ભાગવતપુરાણમાં ગોપીઓની રાસલીલામાં વ્યકત થયો છે. આ રાસલીલા -વર્ણન જ ગોપીઓના માધ્યમથી રાધાને કૃષ્ણ સાથે જોડી દે છે. પરંતુ ' ભાગવતપુરાણ'ના અધ્યયનથી માલૂમ પડે છે કે આ પુરાણના રચનાકાળ સુધી રાધાને આ મહત્ત્વના સ્થાનની પ્રાપ્તિ નહોતી થઈ, જે પાછળથી ભકિતસંપ્રદાયોમાં જોવા મળે છે.

સાહિત્યમાં રાધા વિશેના સૌ પ્રથમ ઉલ્લેખો ' પંચતંત્ર' અને 'ગાથાસપ્તશતી' માં મળે છે. શ્રી: દે.રા ભાંડારકર આ બંને ઉલ્લેખોને ઈ.૫મી સદીના ગણે છે.[13]

'તું રાધા નામથી ગોપકુળમાં જન્મેલી મારી સ્ત્રી છે.'

રાધા નામ મે ભાર્યા ગોપકુલપ્રસૂતા પ્રથમમાસીત્ | <u>સાત્વમત્</u> અવતીર્ણા|તેનાહમવાગતઃ|

પંચતંત્રમાં આ સૌ પ્રથમ રાધા વિશેનો ઉલ્લેખ મળે છે. એ જ સમયના 'ગાથાસપ્તશતી' નામના પ્રાકૃત સંગ્રહમાં નીચેની ગાથા મળે છે:

મુહમારુએણ તં કણ્હ|ગોરઅં રાહિઆએં અવણેન્તો
એતાણેં વલ્લવીણં અણ્ણાણં-વિ ગોરઅં હરસિ :૧.૮૯

હે કૃષ્ણ, જયારે તમે ગાયોના ચાલવાથી રાધાના મોઢા ઉપર ઉડેલી રજને તમારી ફૂંકથી ઉડાડો છો, ત્યારે બીજી ગોપીઓના દર્પનું હરણ કરો છો.

ઉપરના 'પંચતંત્ર' અને 'ગાથાસપ્તશતી' ના ઉલ્લેખોને આધારે કહી શકાય કે રાધા નામ જ નહિ, પણ રાધાકૃષ્ણની પૂજા ૫મી સદીમાં પ્રચલિત હશે. તે પછી ૪૦૦ વર્ષ સુધી રાધાનો ઉલ્લેખ સંસ્કૃત સાહિત્યમાં મળતો નથી. નવમી સદીના ભાગવત જેવા કૃષ્ણવેદમાં પણ રાધાનો ઉલ્લેખ નથી. એ ઉપરથી એમ મનાય કે કૃષ્ણ સાથે રાધાનો યોગ પહેલવહેલો ગ્રામ્ય લોકોમાં કે હિંદુજાતિના નીચલા થરમાં થયો હોવો જોઈએ. 'ગાહાસત્તસઈ' નો પ્રાકૃત ઉલ્લેખ આ તકને ટેકો આપે છે. એમાં જ સર્વ પ્રથમ રાધા અને કૃષ્ણના વિરહમિલનનો પ્રસંગ સર્વથા લૌકિક સંદર્ભમાં વર્ણવાયેલો મળે છે. આથી રાધાકૃષ્ણના પ્રેમના શૃંગારવાળી વ્યકિતનું બીજ જયદેવ પહેલાં લોકસંસ્કૃતિમાં અર્થાત્ જનસાધારણના હૃદયમાં અંકુરિત થયું હોવું જોઈએ. જયદેવના 'ગીતગોવિંદ' માં સંભવતઃ આ જ લોકમાન્યતાઓએ સુસંસ્કૃત થઈ નિશ્ચિત રુપ ધારણ કર્યું, તથા ભવિષ્યના ભકતકવિઓને માટે રાધાકૃષ્ણની ભકિતનાં શોભનીય પુષ્પોથી સુસજ્જિત ઉત્કટ શૃંગારનાં કાવ્યસર્જન માટે માર્ગ ખુલ્લો કર્યો.

આ 'ગાથા સપ્તશતી' પ્રાકૃત કવિઓએ ગૂંટેલી રમણીય કવિતા રજૂ કરે છે. ખરેખર, તે લોક-સાહિત્યનો પ્રતિનિધિ ગ્રંથ છે. આ સપ્તશતી ચુસ્ત શૃંગારિક ભાવો પ્રગટ કરવામાં અદ્વિતીય છે. શ્રીકૃષ્ણપ્રિયા રાધા એ કલ્પનાજગતની પ્રતિમા ન રહેતાં, આ 'ગાથાસપ્તશતી' માં જ મૂર્ત રુપમાં પોતાનો સાહિત્યિક આવિર્ભાવ પામે છે.

દક્ષિણના આલવાર ભકતોએ રાધાનું પ્રત્યક્ષ વર્ણન નથી કર્યું. પરંતુ અનુમાન કરવામાં આવે છે કે ૫મી, ૬ઠી સદીમાં આલવાર વૈષ્ણવોમાં રાધાકૃષ્ણ યુગલ કેલિવિનોદનું રુપ અવશ્ય હતું.

Kalpana's

વૈષ્ણવ આલવાર ભકતોનો કાળ ઈ.૫ મીથી ૯ મી સદીના પૂર્વાર્ધ સુધીનો છે. તેઓ ભગવાન નારાયણ તથા શ્રીકૃષ્ણના અનન્ય ઉપાસક હતા. ભગવાન પાસે પહોંચવા માટે વિશુધ્ધ ભકિતની આવશ્યકતા છે, ધન, રુપ, જાતિ,વય કે શિક્ષાની નહિ . એમનાં ગીતોમાં શ્રીકૃષ્ણની બાળલીલાઓનું વર્ણન ઘણા વિસ્તાર અને શ્રધ્ધાથી કરવામાં આવ્યું છે. કેટલાંક ગીતોમાં એક વિશિષ્ટ ગોપીનો ઉલ્લેખ મળે છે. જે શ્રીકૃષ્ણને વશ કરી તેમની સાથે રમણમાં પ્રવૃત્ત થાય છે. ત્યાંના વૈષ્ણવોના સંસ્કૃત ગ્રંથોમાં એ ગોપીનું નામ ' નીલાદેવી' છે, અને તામિલભાષામાં એનું નામ 'નપ્પિન્નૈ પિપરાટ્ટિ' છે. આ 'નપ્પિનૈ ' એ શ્રીરાધાની તમિલ પ્રતિનિધિ છે. આ ઉપરાંત કૃષ્ણલીલાંતર્ગત રાસનૃત્યને મળતો એક નૃત્યપ્રકાર તામિલદેશમાં પ્રસિધ્ધહતો. જે'કુરવૈકુટ્ટુ ' નામથી ખ્યાત હતું . કૃષ્ણે પોતાના ભાઈ બલરામ અને નપ્પિનૈ સાથે નૃત્ય કર્યું હતું એવો ઉલ્લેખ મળે છે. કૃષ્ણે નપ્પિનૈ સાથે વિધિવત્ લગ્ન કર્યાં હતાં.

અહીં 'રાધા' અને 'રાસલીલા' નું નામ કયાંય નથી છતાં ઉપર્યુકત વર્ણન ઉપરથી નપ્પિનૈને રાધાની પ્રતિનિધિ કહી શકાય.

જયદેવ પૂર્વે કૃષ્ણ સાથે રાધાના યોગવાળું લોકસાહિત્ય ઘણું રચાયું હોવું જોઈએ. આઠમા શતકથી સંસ્કૃત સાહિત્કારોએ પણ લોકસાહિત્યમાંની આ જ વસ્તુને ઉપાડી પોતપોતાની રચનાઓમાં એ લીલા વિવિધપેરે ગાઈ છે. એવાં કેટલાંક ઉદાહરણો જોઈએ.

ભટ્ટ નારાયણના ' વેણીસંહાર' [૧૪] માં , આનંદવર્ધનના 'ધ્વન્યાલોક' [૧૫]માં , ત્રિવિક્રમ ભટ્ટના 'નલચંપૂ '[૧૬] માં, કાશ્મીરી ટીકાકાર વલ્લભદેવ ની 'શિશુપાલવધ' ની ટીકામાં[૧૭], મુંજના તામ્રપત્રના મંગલાચરણમાં,[૧૮] ધનંજયના ' દશરુપ' માં,[૧૯] ભોજના 'સરસ્વતીકંઠાભરણ' માં,[૨૦] ક્ષેમેન્દ્રના ' દશાવતારચરિત' માં,[૨૧] નમિસાધુની રુદ્રટના ' કાવ્યાલંકાર' ની ટીકામં[૨૨] .કવીન્દ્રવચનસમુચ્ચય ' માં,[૨૩] લીલાશુકના ' કૃષ્ણકર્ણામૃત '[૨૪]માં, હેમચંદ્રાચાર્ય ના 'સિધ્ધહેમ' વ્યાકરણ માં[૨૫], જયદેવ ના' ગીતગોવિંદ ' માં[૨૬], 'સદુકિતકર્ણામૃત'[૨૭] ઈત્યાદિ વિવિધ ગ્રંથોમાં રાધાકૃષ્ણના શૃંગારપ્રેરક ભાવોને વ્યકત કરતા અનેક ઉલ્લેખો મળે છે. એમાં જ કૃષ્ણ તથા રાધાના મધુર સંબંધોના સંકેત પ્રાપ્ત થાય છે. કૃષ્ણભકિતમાં રસિકતાનો

સ્ત્રોત આમ આ સંસ્કૃત સાહિત્યમાં જોઈ શકાય છે.

આ ઉલ્લેખો સાંપ્રદાયિક કે ધાર્મિક સાહિત્યમાંથી નથી મળ્યા. એટલે ઉપરોકત લેખકોએ પોતાના કાળમાં પ્રચલિત માન્યતા નોંધી છે, અથવા પ્રચલિત સુભાષિતો ઉતાર્યા છે એમ કહી શકાય.

વિષય અને શૈલીની દષ્ટિએ અપભ્રંશ સાહિત્ય ઉપર સંસ્કૃત અને પ્રાકૃત સાહિત્યનો સતત અને ઘેરો પ્રભાવ પડયો હતો. આથી અપભ્રંશ સાહિત્યમાં પણ કૃષ્ણવિષયક રચનાઓની લાંબી અને વ્યાપક પરંપરા સ્થપાઈ હતી. પરંતુ જળવાયેલું અપભ્રંશ સાહિત્ય જૈન ધાર્મિક સાહિત્ય છે. આથી નથી મળ્યું કોઈ શુધ્ધ કૃષ્ણકાવ્ય કે નથી મળ્યુ કોઈ જૈનેતર કૃષ્ણકાવ્ય. મળે છે માત્ર જૈન પરંપરાની કૃષ્ણવિષયક રચનાઓ, જે જૈનસંદર્ભની મર્યાદાઓથી મર્યાદિત છે. કેટલાંક એવાં ઉદાહરણો જોઈએ.

સ્વયંભૂછંદ (૪-૨૩ ) માં કવિ ગોવિંદનું મત્તકારિણીમાં રચાયેલું પદ્ય. એના ૧-૧૨-૧ માં આપેલું શુધ્ધસ્વભાવ નામક કવિનું દષ્ટાંત પદ્ય, એજ કવિનું 'સ્વયંભૂછંદ' -૧-૭૫-૧ માં આપેલું સિંહવિક્રાંત દંડકનું પ્રાકૃત દષ્ટાંતપદ્ય -ઈત્યાદિ કૃષ્ણકાવ્યમાં રાધાના ઉલ્લેખો મળે છે. આમાં ભાવાલેખનની અને વર્ણનશૈલીની દષ્ટિએ નોંધપાત્ર ગુણવત્તા જોવા મળે છે.

ભારતીય સાહિત્યની કૃષ્ણકવિતાની દીપ્તિમાન પરંપરામાં એક તરફ સંસ્કૃત પ્રાકૃત સાહિત્યની કૃષ્ણકવિતા મળે છે, તો બીજી તરફ ભાષાસાહિત્યની કૃષ્ણકવિતા છે. એ બેની વચ્ચે કડીરુપે રહેલી અપભ્રંશ સાહિત્યની કૃષ્ણકવિતા આમ અમુક અંશે આગવું વ્યકિતત્વ ધરાવે છે.

મધ્યયુગમાં વૈષ્ણવ સંપ્રદાયોમાં ભકિતનાં વિવિધ સ્વરુપો સ્વીકારાયાં હતાં. એમાં રાધાકૃષ્ણ -ના યુગલરુપનો સ્વીકાર થયો છે.

વલ્લભસંપ્રદાયમાં કૃષ્ણભકિત અંતર્ગત દાસ્ય અને વાત્સલ્યભાવની ભકિત જ વિશેષરુપમાં સ્વીકારાઈ હતી, પરંતુ રાસલીલાના પ્રસંગમાં ગોપીઓની સાથે રાધાનું વર્ણન થયું. વલ્લભસંપ્રદાયની ભકિતપધ્ધતિમાં મધુરોપાસનાનું આ રુપ બહારના પ્રભાવથી આવ્યું.

શ્રી વલ્લભાચાર્યે કૃષ્ણની બે શકિતઓ માની છે: અંતરંગ અને બહિરંગ. બહિરંગ શકિતનું નામ માયા અને અંતરંગ શકિતઓમાં ત્રણ પ્રકારની શકિત માનવામાં આવી છે: સન્ધિની, સંવિત્ અને આહ્લાદિની .રાધા આહ્લાદિની શકિત છે અને ગોપીઓ તેનું પ્રતિરુપ છે.

પુષ્ટિસંપ્રદાયની ઉપાસનાપધ્ધતિમાં યુગલસ્વરુપને માન્યતા તો અપાઈ છે, પણ પુષ્ટિસંપ્રદાયના પ્રવર્તક શ્રીવલ્લભાચાર્યે એમના એ માર્ગવિષયક દાર્શનિક સિધ્ધાંતોમાં રાધાને કશું સ્થાન આપ્યું નથી. એ સ્થાન મળ્યું નિમ્બાર્ક અને ચૈતન્ય દ્વારા.

ચૈતન્યમહાપ્રભુ રાધાકૃષ્ણના શૃંગાર પરક પ્રેમથી યુકત માધર્યોપાસનાનો પ્રચાર કરતા હતા. ગોપી તથા રાધાના પ્રેમનો જે આદર્શ જયદેવ, ચંડીદાસ અને વિદ્યાપતિ જેવા કવિઓએ પોતાના કાવ્યમાં આપ્યો, તેને જ તેમણે આદર્શ માન્યો. તેમની ભકિતમાં માધુર્યભાવના મુખ્ય રહી. તેમણે કૃષ્ણભકિતમાં ~~આદર્શ માન્યો, તેમની ભકિતમાં માધુર્યભા~~ પરકીયાપ્રેમ તથા રાધા પ્રતિ કૃષ્ણના અસીમ આકર્ષણનો સ્વીકાર કર્યો.

રાધાતત્ત્વને વધારે પ્રેમમય બનાવનાર બંગાળનો સહજિયા વૈષ્ણવ મત હતો. આ મતમાં યુગલ તત્ત્વને જ પરમતત્ત્વરુપે સ્વીકારવામાં આવ્યું. રાધાકૃષ્ણના નિત્યવિહારથી જ સહજરસની અજસ્ત્રધારા પ્રવાહિત થઈ ઊઠતી, જે પ્રાણીમાત્રના હૃદયમાં રસનો ઉદ્રેક કરી રહી.

નિમ્બાર્ક અને ગૌડીય સંપ્રદાયમાં 'દ્વૈત' તથા 'ભેદ' ને 'અદ્વૈત' અને 'અભેદ'ની સાથે દાર્શનિક દૃષ્ટિથી સ્વીકૃતિ મળી છે. તેથી રાધાકૃષ્ણના યુગલરુપનો તત્ત્વત: સ્વીકાર કરવામાં આવ્યો છે, જેથી 'દ્વૈતાદ્વૈત' અને 'ભેદાભેદ' ચરિતાર્થ થઈ શકે. દાર્શનિક દૃષ્ટિથી રાધાકૃષ્ણના યુગલરુપનો સર્વ પ્રથમ નિમ્બાર્ક દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો છે. રાધાવલ્લભ તથા હરિદાસી સંપ્રદાયમાં રાધાકૃષ્ણના યુગલરુપનો સ્વીકાર કરવામાં આવ્યો છે. આ સંપ્રદાયના અનુયાયીઓ સમક્ષ વૃંદાવન સાચું ધન છે, કારણ ત્યાં જ સ્વયં લક્ષ્મી પણ શ્રીરાધાની ચરણરજ લે છે.

શાકતમતની જેમ કેટલાક સંપ્રદાયોના કવિઓએ આહ્લાદિની શકિત રાધાને બ્રહ્મકૃષ્ણની અપેક્ષાએ અધિક મહત્તા આપી, તેને 'સ્વામિની' નામથી વિભૂષિત કરી છે.

kalpana's

પુરાણોમાં વર્ણવાયેલી રાધાકૃષ્ણ લીલાની આ પરંપરા સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ સાહિત્ય દ્વારા તેમજ લોકસાહિત્ય દ્વારા મધ્યકાલીન ગુજરાતી કવિતામાં ઉતરી આવી. આ જ પરંપરાને લીધે મધ્યયુગમાં વિવિધ સંપ્રદાયોમાં રાધાકૃષ્ણના યુગલ સ્વરુપનો સ્વીકાર થયો, એમની શૃંગારપરક પ્રેમયુકત માધુર્યોપાસનાનો પ્રચાર થયો.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં યુગલરુપમાં રાધાકૃષ્ણનું વર્ણન અવશ્ય મળે છે, પરંતુ ત્યાં રાધા નથી તો બ્રહ્મ કૃષ્ણની આહ્લાદિની શકિત કે નથી તે આદિપ્રકૃતિ .અહીં તો એ સર્વત્ર ભકિતનું પ્રતીક માની લેવામાં આવી છે.

આમ રાધા કૃષ્ણ પછી હજારો વર્ષ પછી ભારતીય સાહિત્યમાં પ્રવેશ પામી છતાં તેણે કૃષ્ણ કરતાં ય અગ્રિમ સ્થાન પ્રાપ્ત કર્યું.

રાધાના પ્રવેશથી કૃષ્ણની લીલાને એક નવી દિશા મળી, અને પ્રણયનું શતદલકમલ પ્રફુલ્લિત થઈ દશે દિશાઓમાં એની મહેક પ્રસારવા માંડયું. લોકોમાં રાધાકૃષ્ણ એવાં તો પ્રચલિત થઈ ગયાં કે સાધારણ ધાર્મિક વ્યકિત આ તર્કથી ચકિત થઈ જાય છે કે રાધા કોઈ ઐતિહાસિક ગોપી ન હતી. એને મન રાધાકૃષ્ણનું એવું તો એકીકરણ થઈ ગયું છે કે જુદાઈનો આભાસ પણ દષ્ટિગોચર થતો નથી.

સૂરદાસે કહયું છે તેમ ::

> રાધા માધવ ભેંટ ભઈ
>
> રાધા માધવ, માધવ રાધા, કીટભૃંગ ગતિ હોઈ જુ ગઈ.

Kalpana's

પાદટીપ:

१: પડિત બળદેવ ઉપાધ્યાય: ભારતીય વાઙ્મયમેં શ્રીરાધા

२: બ્રહ્મવૈવર્તપુરાણ: કૃષ્ણ જન્મખંડ

3: એજન: १५:६६:६८

४: એજન:१५

५: 'રાસ' માંથી ' રા ' અને ' ધા' ધાતુના 'ધા' ને લઈ ' રાધા' શબ્દ બન્યો છે,- બ્રહ્મવૈવર્તપુરાણ

६. મધ્યકાલના ધર્મસાધના : ડો. ત્રિવેદી - પૃ. १२२-१२३

7: An Outline of the Religiohs literature of India. J.N. Faruquhar P 232.

8: Hindu Religions- by Prof.H.H.Wilson:P.113.

9: -do- P.113.

10. An Outline of the Regliohs literature of India J.N.Faruquhar-P.237

11. Religiohs thought & Life in India-Part.I. Monier Williams :P.146-147.

१२: ગોપીઓના સંબંધમાં પણ નવીન ઉદ્‌ભાવના જોવા મળે છે, જેમાં ગોપીઓને માતૃત્વપદથી વિભૂષિત કરવામાં આવી છે, તે એટલે સુધી કે તેમને(કૃષ્ણને ) યશોદાનંદન ન કહી, ' ગોપીકુમાર' ની સંજ્ઞા અપાઈ છે:

નવજલધરવર્ણમ્ ચમ્પકોદ્‌ભાસિવર્ણં

વિકસિતનલિનાસ્યં વિસ્ફુરન્મન્દહાસ્યમ્ ।

કનકરુચિદુકૂલં ચારુબર્હાવચૂલં

કમપિ નિખિલસારં નૌમિ ગોપીકુમારમ્ ।।

13: Vzisnavism ,Shaivism & Other religious systems : Dr.Bhandarkar: P.38.

Kalpana's

૧૪: વેણીસંહાર-અં:૧:પૃ:૧

૧૫: તેષાં ગોપવધૂવિલાસ સુહદાં--:પૃ:૨૨

યાતે દ્દારાવતીં પુરીં મધુરિપૌ ------

દૂરારાધા રાધા સુભગ--પૃ:૨૧૪,૨૧૫

૧૬: શિક્ષિતં વૈદગ્ધ્યકલાપરાધ્યાત્મિકા પરપુરુષે।

માયાવિનિ કૃતેકેશિવધે રાગં બધ્નાતિ ।।

૧૭: સર્ગ :૪ શ્લોક :૩૫

૧૮: યલ્લક્ષ્મીવદનેન્દુના ન સુખિતં...પાતુ વ ।।

૧૯: નિમગ્નેન મયાઽમ્ભસિ સ્મરભરાદાલી..પાતુ વઃ।।પરિચ્છેદ:૪

૨૦: ચાર શ્લોક

૨૧: શ્લોક :૮૩,૧૭૦,૧૭૧,૧૭૬.

૨૨: યો ગોપીજનવલ્લભ: સ્તનતટવ્યાસંગલબ્ધાસ્પદ:

— — — — પ્રાણાધિકશ્ચોલક: ।।

૨૩: કોઽયં દ્દારિ હરિ — — — —

ઈત્થં બિવંચનીકૃતો દયિતયા હ્રીણો હરિ:પાતુ: વ: ।।

૨૪: શ્લોક :૨૫ : પૃ:૭૧

શ્લોક:૪૨: પૃ:૭૯

શ્લોક:૧: પૃ:૧૧૭

શ્લોક:૨: પૃ:૧૧૮

૨૫: ઉદા:૪: પૃ:૮૫

૨૬: શ્લોક:૧,૨ પ્રથમસર્ગ

શ્લોક :૧:૪: ચતુર્થ સર્ગ.

૨૭:૧: વ્યાલા: સન્તિ તમાલવલ્લિષુ ... પાતુ વ:

હરિક્રીડા :૪

૨: કરન્ત્વં ભો નિશિ કેશવ: ... દુ:સ્થો હરિ પાતુવ : ।।

## મધ્યકાલીન સાહિત્યમાં દશમસ્કંધ આધારિત કૃતિઓ :

ભારતીય ધર્મસાધના, સંસ્કૃતિ, સાહિત્ય અને કલાઓ બહુ પ્રાચીન કાળથી આજ સુધી શ્રીકૃષ્ણના વિલક્ષણ વ્યકિતત્વથી અદ્વિતીય રીતે પ્રભાવિત થઈ છે. આ પ્રભાવ ઈ.૧૫-૧૬ મી સદીમાં કૃષ્ણભકત કવિઓમાં અત્યંત ઘેરો અને લોકવ્યાપી થઈ ગયો છે.

૧૧મા શતક સુધી વૈષ્ણવ ભકિતમાર્ગનું સ્વરુપ પૌરાણિક જણાય છે. એ પછીના સમયગાળામાં, એનું સાંપ્રદાયિક રુપ બંધાતું જાય છે. તેમાં દ્રાવિડ દેશમાં દશમા શતક પૂર્વે થઈ ગયેલા બાર આલવારો,રામાનુજ, નિમ્બાર્ક, વિષ્ણુસ્વામી, મધ્વાચાર્ય, રામાનંદજી અને વલ્લભાચાર્ય વગેરેનો ઘણો મહત્ત્વનો ફાળો છે. આ બધા આચાર્યોએ ઉત્તર અને દક્ષિણ ભારતને એક સાંસ્કૃતિક સાંકળથી જોડવાનો પ્રયત્નકર્યો.

આલવારોના કૃષ્ણભકિતનાં માધુર્યભાવથી યુકત પદો, પુંડરિક, નામદેવ, જ્ઞાનદેવ વગેરે મહારાષ્ટ્રના સંતોનું ભકિત આંદોલન,કબીર,રૈદાસ, નાનક જેવા જ્ઞાની સંતોની ધ્યાનયોગપ્રધાન ભકિત, સંત તુલસીની રામભકિત, લીલાશુકનું 'કૃષ્ણકર્ણામૃત,' જયદેવનું 'ગીતગોવિંદ,' શાંડિલ્ય અને નારદનાં ભકિતસૂત્રો, ચંડીદાસ અને વિદ્યાપતિની ભકિતશૃંગારની કવિતા, રાધાના અવતાર મનાયેલા ચૈતન્યે ગાયેલો સખીભાવનો ભકિતશૃંગાર અને વ્રજભૂમિના અષ્ટસખાઓની પ્રેમભકિત- આ સર્વએ ભકિતની છોળ ઉડાડી.

આ બધા સંપ્રદાયોમાં સહુથી અધિક પ્રચાર વલ્લભસંપ્રદાયોનો છે. વ્રજની નિકટ હોવાને કારણે , વ્રજમાં ફાલીફુલેલી કૃષ્ણભકિતનો ગુજરાતમાં પ્રચાર અને પ્રસાર સારો એવો થતો રહયો. સહજાનંદ સ્વામી દ્દારા પ્રસ્થાપિત થયેલ સ્વામીનારાયણસંપ્રદાયે પણ કૃષ્ણભકિતના વિકાસમાં પોતાનો ફાળો આપ્યો છે.

ગુજરાતમાં ૧૫મા શતકથી દેખાતી ભકિતકવિતા આમ અખિલ ભારતના ભકિત-પ્રવાહના સંદર્ભમાં જોવી જોઈએ.

હિંદુ આર્યસત્તાવાળા યુગો આપણા સુવર્ણયુગો હતા. પણ ત્યારબાદ પ્રજાજીવન કશોક સંકોચ -ચૈતન્યસંકોચ અનુભવે છે. ૧૫મી સદી સુધી આવો ગ્લાનિનો ગાળો અનુભવાય છે. પણ પછી આ મધ્યકાલીનતા વચ્ચે ય ભકિતચેતના જયારે હેલે ચડે છે ત્યારે પરલોકપરાયણતા, જીવનના મિથ્યાપણાના બોધ વચ્ચે આ ભકિતસંજીવની પ્રજાજીવનમાં ઉત્તમ ઉદ્રેક પ્રબોધ પૂરો પાડે છે. પરિણામે આખા ભારતવર્ષમાં આ સદીની આસપાસ ભારતીય ભાષાઓમાં ઊર્મિકવિતાની લહેરો લહેરાય છે. એમાંની કેટલીક તો કલાગુણે એવી છે કે સર્વદેશે, સર્વકાળે, ઊંચી કવિતાનોય સંતોષ આપે અને વિશ્વસંપત્તિ બની રહે. સંસાર જયારે હજી અફીણનો રસ હતો, ત્યારે ય કૃષ્ણભકિતને નામે જીવનકવનમાં રાસના જેવી રમઝટ મચી જાય છે. કવિને ગળું ભરીને ગાવાનો ઉમળકો હાથવગો બને છે.

ગુજરાતમાં રાજકીય દષ્ટિએ સૌથી વધુ અંધાધૂંધી ૧૪-૧૫મી સદીમાં જોવા મળે છે, ત્યારેજ ગુજરાતી સાહિત્યનાં ઉત્તમ કવિઓ -ભકતો- નરસિંહ અને મીરાં જેવાં મળે છે. એમનું ભકત હોવું એ આકસ્મિક ઘટના નથી. ભકિતનું પ્રચંડ મોજું દેશભરમાં ફેલાઈગયું. એનાં કારણ મુસ્લિમ પ્રજાનું આક્રમણ અને ધર્માંધતા, બાહય પરિસ્થિતિની અત્યંત પ્રતિકૂળતા, પ્રજામાં વ્યાપેલો અંતઃક્ષોભ ઈત્યાદિ હતાં, ત્યારે આંતરિક ઝરણું વધારે વિશુધ્ધભાવે ભકિત દ્વારા અભિવ્યકત થાય છે. દયારામ સુધી આ વાત ચાલુ રહે છે. પરિણામે જ્ઞાનવૈરાગ્ય વચ્ચેય આવી ભકિતરસની શ્રેષ્ઠ ઊર્મિકવિતા આપણને પ્રાપ્ત થાય છે, અને ભકિતરસની શ્રેષ્ઠ 'વસંતટહૂકો' જીવનવનોને ધ્વનિત કરી મૂકે છે. મધ્યકાલીન ભકતકવિઓને કૃષ્ણભકિતની ' વસંત' મળી રહે છે ને તત્કાલીન કવિકોકિલોનાં ગળાં ગાઈ ઉઠે છે.

આ બાબતમાં આચાર્ય ક્ષિતિમોહનનું મંતવ્ય પ્રતીતિકર લાગે છે :

' મુસલમાનોના આગમનના આઘાતથી જાગૃતિ આવવા લાગી. મુસલમાનોની સાધના અને શકિતના આવિર્ભાવને લઈને આ યુગ વળી પાછો પ્રેમ અને ભકિતથી મઘમઘવા લાગ્યો. જે

સહજ પ્રેમ અને ભકિત અનેક પ્રકારની સાધના, અને ધર્માચરણની જટિલતા અને ભકિતભાવની અત્યંત મધુરતાની તળે દબાઈ ગયાં હતાં, તે આ આઘાતને પરિણામે અને મુસલમાનોની સાધનાના એકેશ્વરવાદ તેમજ દઢનિષ્ઠાને કારણે નવીન રીતે જાગૃત થયાં.--મુસલમાનોના આક્રમણથી તીર્થમંદિરો અને અનેક ધર્મક્ષેત્રો વારંવાર વિપત્તિમાં સપડાયાં, ખરાં, પરંતુ ધર્મનું મુખ્ય સ્થાન, જે હૃદયમંદિર ગણાય તે ધીરે ધીરે સજાગ થવા લાગ્યું. આ હૃદયમંદિરની સજાગતાને કારણે જ આખા હિંદમાં ભકિતનું પૂર ફરી વળ્યું. સમાજે પણ ધર્મમાં પોતાનું રક્ષણ જોયું [1].

ગુજરાતમાં ૧૪મી, ૧૫મી સદી અંધાધૂંધીનો સમય હતો અને ગુજરાતી સાહિત્યના સર્જનનો ઉત્તમ સમય પણ એજ. એક રીતે કહી શકાય કે ગુજરાતી કવિતાનો નવોયુગ બેસે છે, ને એમાં સમૃધ્ધ ફાળો જૈનેતર કવિઓ આપે છે. આ સાથે જ જૈન કવિતાનો પ્રવાહ કાંઈક ઓસરતો જાય છે, જો કે આમતો ૧૯મી સદી સુધી સતત વહે છે. પણ જૈનેતર કવિઓએ જે વિપુલ સાહિત્ય ગુજરાતને આપ્યું તેને કારણે જૈન સાહિત્ય કેવળ પશ્ચાદ્ભૂમાં પડી ગયું.

ઈસ્લામકાળ દરમ્યાન દરેક ક્ષેત્રમાં અસ્થિરતા પ્રસરેલી. સારાયે દેશમાં રાજકીય પરિસ્થિતિ પણ ડામાડોળ હતી, જેથી પ્રજા સમગ્ર હૃદયથી ઈશ્વર પ્રત્યે વળી. તેણે ઈશ્વર ઉપર અને એની ભકિતમાં શ્રધ્ધા મૂકી .ધર્મ તરફ વલણ વધ્યું. પ્રજાએ પોતે માનેલા ધર્મમાં જ શરણ શોધ્યું, જે તેના દૈનંદિનીય વ્યવહાર સાથે તાલમિલાવીને ચાલે, સરળતાથી પામી શકાય અને ધર્મ આચરવાનું પસંદ પડે. એવી સગવડ વૈષ્ણવધર્મમાં મળી, તેથી તે સમગ્ર ભારતમાં વ્યાપક બન્યો. ગુજરાતી પ્રજા વ્યવહારુ હોવાને કારણે, અહીં ધર્મનાં મૂળ વધારે મજબૂત બન્યાં. તેથી આજે પણ વૈષ્ણવોનો મોટો સમૂહ ગુજરાતમાં દઢમૂલ છે.

આ સમયગાળો ગુજરાતી કવિતામાં સમૃધ્ધ બનીને આવ્યો. એનું પ્રેરણાબળ ભકિત છે. ભકિતની વિચારધારા, એમાં યે ખાસ કરીને વૈષ્ણવી ભકિતધારાની પ્રબળતાએ

Kalpana's

અસરથી આ સમયનું સાહિત્ય પૂરેપૂરું રંગાયું.

ગુજરાતી ભાષાના પ્રથમ બે યુગ'- હૈમયુગ અને રાસયુગ કરતાં આ ભકિતયુગ વિક-ની સારી સ્થિતિ બતાવે છે. પરિણામે ઊંચું કલાતત્ત્વ સાહિત્યમાં આ યુગમાં પ્રાપ્ત થાય છે. વિષય એક જ છે, પણ અહીં અભિવ્યકિતમાં નવીનતા સધાઈ છે. રાસયુગ કરતાં ભકિતયુગ સાહિત્યિક ક્ષમતા ઘણી વધારે બતાવે છે. આ યુગમાં હૃદયની ઊંડી ઊર્મિ અને સમર્પણની ભાવના સાહિત્યમાં ઉમેરાઈ, જેને પરિણામે સાહિત્ય વધારે મૂલ્યવત્તા-વાળું બન્યું.

ભકિત એ હૃદયધર્મ છે, એટલે સાહિત્ય પણ હૃદયધર્મી બન્યું. અહીં ભકિતનો કે ધર્મનો કોઈ પ્રચારહેતુ સાહિત્ય સાથે સંકળાયો નથી, એટલે સાહિત્ય સાથે કશો હેતુભાર નથી. પહેલા બે યુગના પ્રમાણમાં આ યુગના સાહિત્યમાં કલામય તત્ત્વ વધારે સધાય છે. પણ હજુ કલાની ઉપાસના માટે સાહિત્ય-સર્જન થયું નથી. ભકિતના માધ્યમરુપે સાહિત્ય સર્જાયું છે, છતાં માધ્યમમાં અનાયાસે કલા ઉમેરાઈ છે. શબ્દોમાં સંવેદના, કલ્પના આવવા લાગ્યાં, અને તેથી ચારુતા સિધ્ધ થવા લાગી. મીરાં જેવાંની બાનીમાં સહજોપલબ્ધિ પણ પ્રતીત થાય છે અને તેથી હવે સીમિત કોરો વહેવાર જ માત્ર કહેતી ભાષા કશુંક વિશેષ વ્યંજતી ભાષા બનવા લાગી.

આ ગાળાના નાનામોટા બધા કવિઓએ ભકિતને જ જુદે જુદે સ્વરુપે પ્રગટ કરી છે, એટલે જીવનનું બળ બનીને જે રહયું છે તે જ આ યુગને ' આદિમ ભકિતયુગ' નામ અપાવે છે. ૧૫ મા શતકથી આરંભી પછીનાં સાડાચાર શતક સુધીની મધ્યકાલીન ગુજરાતી કવિતાનો પ્રધાન રંગ ભકિતનો રહયો છે એ આ પરિસ્થિતિનું પરિણામ છે. પરધર્મીઓના શાસનમાં ધર્મ અને ભકિત જે પ્રજાનું એકમાત્ર ધારક-પ્રેરક બળ હતું, તે પ્રજાની ભાવસંપત્તિ જેવા સાહિત્યમાં ઉતર્યાં વિના અને ઘડયા પ્રેર્યાં વિના રહે નહિ એ દેખીતું જ છે.

સાહિત્ય પ્રજાજીવનનું પ્રતિબિંબ પાડે છે. મધ્યકાળનું સાહિત્ય સંકુચિત હતું,

પણ આ સંકુચિતતા જેમ પ્રજાના જીવનની છે તેમ પ્રજાના મોવડી થઈ પડેલાં બ્રાહ્મણોની પણ છે. કારણ ધર્મ આખો ક્રિયાકાંડમાં નિબધ્ધ થઈ ગયો. બ્રાહ્મણો પ્રજાને જેમ દોરે તેમ પ્રજા દોરાતી.કારણ કે અક્ષરજીવનના વાલીઓ માત્ર બ્રાહ્મણોજ હતા. એ કાળે સાહિત્ય ઉત્પન્ન કરવાની શકિત બ્રાહ્મણોએ ગુમાવી. પ્રજાના બીજા વર્ગમાં તો અક્ષરજ્ઞાન હતું જ નહિ. આથી સાહિત્યનું ક્ષેત્ર સંકુચિત બન્યું. પ્રજામાનસ પણ અસલામતીભર્યા વાતાવરણમાં રહેવાને લીધે સાહિત્ય તરીકે સાહિત્યની પ્રીતિ કરતાં ધર્મ પૂરતીજ પ્રીતિ વધારે રાખતી. એટલે વિષય સંબંધે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની જે દરિદ્રતા કઠે એવી છે, એને માટે પણ વાતાવરણ જ જવાબદાર લેખી શકાય.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ભકિતસંપ્રદાયે જે ભકિત કવિતા સરજાવી, તે શુધ્ધ ભાવભકિતનાં પદોની ઊર્મિકવિતા,ભકિતબોધની પદકવિતા અને પૌરાણિક ભકતોનાં અને પછી ઐતિહાસિક ભકતોનાં ચરિત્રોની આખ્યાનકવિતા – ત્રણ માર્ગે વહી.

ગુજરાતના વૈષ્ણવ ભકતોમાં કૃષ્ણ તથા રામ- બંનેના ઉપાસક કવિઓ થયા છે. કૃષ્ણભકતોએ કૃષ્ણની તથા રામભકતોએ રામની લીલાઓનું વર્ણન કર્યું છે. જયાં સુધી વૈષ્ણવ ઉપાસકોનો સંબંધ છે, ત્યાં સુધી ગુજરાતમાં અધિકાંશ ભકત કવિ જ થયા છે, આચાર્ય તથા વિદ્વાન કવિ નહિ. આથી એમની રચનાઓમાં સિધ્ધાંતોની વ્યાખ્યા તથા વિવેચન નથી. આ ભકતકવિઓએ કેવળ ભકતના રુપમાં ઉપાસના કરતાં અને ઈશ્વરનાં ગુણગાન ગાતાં બ્રહ્મ, માયા, જીવ, ભકિત ઈત્યાદિ સંબંધમાં યથાસ્થાન ઉલ્લેખ કર્યો છે.

ઈ.૧૫ મા શતકથી વૈષ્ણવધર્મની અસરવાળી ઘણી સાહિત્ય પ્રવૃત્તિ ગુજરાતમાં થઈ. અને એ સાહિત્યે પુન: વૈષ્ણવધર્મના પ્રચારને મદદ કરી. ગુજરાતમાં ૧૫મા શતકમાં અનેક વૈષ્ણવ કવિઓ કોઈપણ સંપ્રદાયના અનુયાયીઓ નહતા. એમની વિષ્ણુભકિતનું મૂળ 'ભાગવત' જેવાં પુરાણોમાં,' ગીતગોવિંદ ' જેવાં કાવ્યોમાં જોવા મળે છે.

ભાગવતનો પ્રચાર ગુજરાતમાં ઘણો હતો. મૂળ ભાગવતના રાસપંચાધ્યાયી જેવા પ્રકરણથી આલેલા ભકિતશૃંગારના પ્રચારને બળ આપનાર ' ગીત ગોવિંદ', 'કૃષ્ણકર્ણામૃત '

જેવા ગ્રંથો ગુજરાતમાં ૧૪-૧૫મી સદીમાં પ્રસિધ્ધ હતા. સં:૧૪૯૫માં'ગીતગોવિંદ'ની અસર નીચે કૃષ્ણનો ગોપાંગનાઓ સાથેનો વસંતવિહાર વર્ણવતું ' નારાયણફાગુ ' નામનું એક ફાગુકાવ્ય મળે છે. ૧૬મા શતકમાં તો'ગીતગોવિંદ'નો ગદ્યાનુવાદ ગુજરાતીમાં મળે છે. બિલ્વમંગળના ગ્રંથોની ૧૫મા શતકની સચિત્ર પોથીઓ ગુજરાતમાંથી મળી છે.

રુદ્રટના કાવ્યાલંકાર ઉપરની નમિસાધુની ટીકામાં (ઈ.૧૦૬૮) નીચેના શ્લોક મળે છે.

> યો ગોપીજનવલ્લભ: સ્તનતટવ્યાસંગલબ્ધાસ્પદ: |
> નહિ નહિ પ્રાણાધિકશ્ચોલક: ||
> કિં રાધે મધુસૂદનો ~~સમકાલીન/કાશ્મીરી~~

આ નમિસાધુના સમકાલીન કાશ્મીરી કવિ ક્ષેમેન્દ્રે દશાવતારચરિતમાં કૃષ્ણચરિત્ર વર્ણવતા ૪ શ્લોકોમાં રાધાનો ઉલ્લેખ કર્યો છે.[2] આમ જયદેવ પહેલાં સો વર્ષે કૃષ્ણ સાથે રાધાનો ઉલ્લેખ છેક કાશ્મીર સુધી પહોંચેલો. માળવાના રાજા ભોજના ( ઈ.૧૦૦૪ થી ઈ.૧૦૪૫) ' સરસ્વતીકંઠાભરણ' માં રાધાકૃષ્ણવિષયક ચારેક શ્લોકો મળે છે, અને ભોજના પૂર્વજ માળવાના રાજા મુંજની સભાના કવિ ધનંજયના દશરૂપ ( પરિચ્છેદ:૪ ) માં નીચેનો શ્લોક મળે છે.

> નિર્મગ્નેન મયામ્ભસિ સ્મરભરાદાલી સમાલિંગિતા
> કેનાલીકમિદં તવાદ્ય કથિતં રાધે મુધા તામ્યસિ |
> ઈત્યુત્સ્વપ્નપરંપરાસુ શયને શ્રુત્વા વચ: શાર્ઙ્ગિણ:
> સવ્યાજં શિથિલીકૃત: કમલયા કંઠગ્રહ:પાતુવ: ||

મુંજના પોતાના વિ: સં: ૧૦૩૧ ના તામ્રપત્રના મંગલાચરણમાં નીચેનો શ્લોક મળે છે.

> યલ્લક્ષ્મીવદનેન્દુના ન સુખિતં યન્નાર્દિતં બારિધે
> ર્વારા યન્ન નિજેન નાભિસરસીપદ્મેન શાન્તિં ગતમ્ |
> યચ્છેષાહિફણાસહસ્ત્રમધુરશ્વાસૈર્ન ચાશ્વાસિતં
> તદ્રાધાવિરહાતુરં મુરરિપોર્વેલ્લદ્વપુ: પાતુ વ: ||

આનંદવર્ધને પણ ધ્વન્યાલોકમાં રાધાનો ઉલ્લેખ કર્યો છે. આમ નવમી સદીમાં લક્ષ્મીની સ્પર્ધા કરતી રાધાનો ઉલ્લેખ મળે છે. આ ઉલ્લેખો સાંપ્રદાયિક કે ધાર્મિક સાહિત્યમાં નથી મળતા. એટલે હેમચંદ્ર, ક્ષેમેન્દ્ર, ધનંજય અને આનંદવર્ધન વગેરે લેખકોએ પોતાના કાળમાં પ્રચલિત માન્યતા નોંધી છે અથવા પ્રચલિત સુભાષિતો ઉતાર્યાં છે. 'સિધ્ધહૈમ' વ્યાકરણમાં રાધાકૃષ્ણ સંબંધી બે પદ હેમચંદ્રાચાર્યે તેમણે ઉદ્દ્ધૃત કર્યાં છે, જેમાં કૃષ્ણનું વર્ણન છે. એમના 'દ્વયાશ્રય' માં તો સીધો જ 'ગોપીગીત' નો ઉલ્લેખ મળે છે. એ કૃષ્ણભક્તિની લોકપ્રિયતા સૂચવે છે. ૧૨ મી સદીમાં રાધાકૃષ્ણ સંબંધી અનેક નાટકો અને કાવ્યોનું સર્જન થયું છે. 'સુરથોત્સવ' નામના ગ્રંથમાં સોમેશ્વરે રાધા અને કૃષ્ણના પ્રેમનો ઉલ્લેખ કર્યો છે. એ ઉપરથી રાધાકૃષ્ણની પ્રીતિનો જયદેવે ગાઈ તેપહેલાં પણ ગુજરાતના કવિઓએ સંસ્કૃત, અપભ્રંશમાં ગાઈ હતી. અલબત્ત, રાધાકૃષ્ણની શૃંગારક્રીડા સંબંધી કાવ્ય રચવાના જૂના વલણને જયદેવ અને બિલ્વમંગળની લોકપ્રિય રચનાઓએ ઘણું જોર આપ્યું.

દે. રા. ભાંડારકરે નવમા શતકથીયે જૂના કાળના રાધા સંબંધી બે ઉલ્લેખો શોધી કાઢયા છે, અને બંનેને ૫મી સદીના ગણે છે. ૧: પંચતંત્રમાં ૨: એજ સમયના ગાથાસપ્તશતીના પ્રાકૃતસંગ્રહમાં નીચેની ગાથા મળે છે: 'હે કૃષ્ણ, જ્યારે તમે ગાયોના ચાલવાથી રાધાના મોઢા ઉપર ઉડેલી રજને તમારી ફુંકથી ઉડાડો છો, ત્યારે બીજી ગોપીઓના દર્પનું હરણ કરો છો'

આ બંને ઉલ્લેખો ઐતિહાસિક દષ્ટિએ ઘણા ઉપયોગી છે. રાધાકૃષ્ણની પૂજા ઈ.૫મી સદીમાં પ્રચલિત હશે એમ એ ઉલ્લેખો સૂચવે છે. ૫મી સદીમાં કુમારદાસે 'જાનકીહરણ' માં કૃષ્ણની જલક્રીડાનું ઘેરું શૃંગારિક વર્ણન કર્યું છે.

ભટ્ટ નારાયણના 'વેણી સંહાર' માં રાધાકૃષ્ણની જલક્રીડાનો ઉલ્લેખ મળે છે. ત્રિવિક્રમભટ્ટના 'નલચંપૂ' માં કૃષ્ણ તથા રાધાના મધુર સંબંધોનો સંકેત પ્રાપ્ત થાય છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં કેટલાક કવિઓએ ભાગવતના બ્યાજ સ્કંધોના અનુવાદ આપ્યા છે, તો કેટલાકે સારાયે ભાગવતનો સાર આપ્યો છે. કેટલાકે ભાગવતના અમુક જ સ્કંધો -ના અનુવાદ કર્યાં છે.

Kalpana's

પરંતુ અન્ય સ્કંધો કરતાં દશમસ્કંધ લોકપ્રિય હોવાથી તેના અનુવાદ વિશેષ મળે છે.

ભાગવતનાં અનુવાદ:

ભીમની 'હરિલીલા ષોડશકલા', નરપતિની 'ભાગવત-હરિલીલા', સંતમહારાજ, નરસિંહદાસની 'ભાગવતહરિલીલા', રઘુનાથદાસ, રામ, લક્ષ્મીદાસ, શ્રીધરવ્યાસ, વલ્લભ સુરતી, રત્નેશ્વર, વ્યાસ વગેરેનાં.

ભાગવતસાર:

અનુભવાનંદ, શાભામાજીનાં 'ભાગવતના ઘોળ' બે અજ્ઞાત કવિકૃત 'ભાગવતસાર', દેવીદાસનો 'ભાગવતનો ગરબો' અથવા 'ભાગવતસાર'; મનોહરસ્વામીની ભાગવત ઉપરની ટીકા ઈત્યાદિ.

ભાગવત દશમસ્કંધ:

ભાલણ, કેશવરામ, લક્ષ્મીદાસ, પરમાણંદ, સુંદરસુત માધવ, પ્રેમાનંદ, સુંદર, તુલજારામ, ગિરિધર, હરિ ભટટની 'દશમલીલા' રેવાશંકર સુંદરદાસ (સં:૧૭૯૬), રઘુનાથ ઈત્યાદિ.
કેટલાક ભાગવતના અને દશમના અનુવાદ ગદ્યમાં મળે છે. એમાંના કેટલાક તૂટક છે, જેથી એના લેખકના નામ વગેરેનો કંઈ ખ્યાલ આવતો નથી.

ઉપરના ભાગવતના દશમસ્કંધના અનુવાદકો વિશે વિસ્તૃત માહિતી અન્ય સ્થળે આપી હોવાથી અહીં તેમનો ઉલ્લેખ કર્યો નથી.

મૂળ 'ભાગવત', 'ગીતગોવિંદ', 'કૃષ્ણકર્ણામૃત', 'બાલગોપાલસ્તુતિ', 'વિષ્ણુભકિત', 'કલ્પલતા' વગેરે વખતોવખત ગુજરાતના વૈષ્ણવોમાં ખૂબ વંચાતા ભકિતના સંસ્કૃત ગ્રંથોની અસર નીચે ગુજરાતના જૂના અપભ્રંશ કવિઓની પરંપરામાં ઉછરેલા ૧૫મી સદીના ગુજરાતી કવિઓમાં નરસિંહ મહેતા અગ્રસ્થાને છે.

નરસિંહ મહેતા કેવળ કવિ નથી પણ ભકતકવિ છે. ભકિતના આવેશમાં તેમણે ગુજરાતી ભાષામાં પદો રચ્યાં, ગાયાં. તે કોઈ મતના અનુયાયી નથી. નામદેવ અને કબીરની જેમ તે નાતજાતનો ભેદ ગણતા નથી.

Kalpana's

નરસિંહની કવિતાનો મુખ્ય વિષય શ્રીકૃષ્ણની ગોકુલક્રીડાનો છે. 'બ્રહ્મવૈવર્ત'માં અને 'ગીતગોવિંદ'માં જયદેવે બાલક્રીડાના પ્રસંગો જે રીતે કલ્પનાથી વિસ્તાર્યા છે, તે રીતે વિસ્તારીને નરસિંહે ગોકુલની ગોપીઓ સાથેની અને અન્ય ક્રીડાઓનાં ઘણાં કાવ્યો કર્યાં છે. તે પોતાને આ વિષયમાં 'શ્રીમદ્ ભાગવત' અને જયદેવના ઋણી હોવાનું સ્વીકારે છે:

' એક જાણે વ્રજની ગોપી કે રસ જયદેવે પીધો રે '

અથવા

' એ રસ જાણે વ્રજની રે નારી કે જેદેવે પીધો રે '[5]

અથવા

' એ રસ શુકદેવે જેદેવે ચાખિયો

નરસિંહે આખ્યાનકલ્પ કૃતિઓ - સુરતસંગ્રામ, ગોવિંદગમન, ચાતુરીઓ, સુદામાચરિત્ર, દાણલીલા અને રાસસહસ્ત્રપદીનાં પદ, શૃંગારમાલાનાં ઉર્મિગીતો, વસંતનાં, હીંડોલાનાં, કૃષ્ણજન્મસમેનાં અને કૃષ્ણજન્મ-વધાઈનાં વાત્સલ્યપ્રીતિનાં પદો-ઈત્યાદિ શ્રીકૃષ્ણની રાધા અને ગોપીઓ સાથેની વિહારલીલાને વર્ણવતી અને શ્રીકૃષ્ણ-મહિમા ગાતી કૃતિઓ આપી છે.

ગુજરાતી કૃષ્ણવિષયક ગીતોની સમૃધ્ધ પરંપરાની ગંગોત્રી નરસિંહમાં છે. ' એમની લડસડતી, લટકદાર ઊર્મિભરી, કવિતામાં ભક્તિ, શૃંગાર અને સ્વપ્નદર્શનની ખુમારી-નો ત્રિવેણીસંગમ થયેલો જોઈ શકાય છે.[?] લોકસમૂહ ઉપર આ કાવ્યોની ઘણી અસર છે. હૃદયની કોમળ-સ્નેહવૃત્તિઓને કેળવવા માટે તથા અગમ્ય, અગોચર છતાં ભક્ત માટે મનુષ્યરૂપે ગોચર થતા પ્રભુ તરફ એ વૃત્તિઓને વાળવા માટે નરસિંહ વૈષ્ણવ ભક્તિમાર્ગની પરંપરાને અનુસર્યો છે.

નરસિંહનો કાવ્યપિંડ ભક્તિથી બંધાયેલો છે. એનાં કાવ્યો સરળ, રસદ્યુન વાણીનો પરિચય આપે છે. એની કૃતિઓમાં એની આનંદઘન અનુભૂતિનો સ્પંદ વરતાયા કરે છે. એનાં ભક્તિનાં પદો ગુજરાતી પ્રજાએ સૈકાઓથી હૃદયસરસાં સાચવ્યાં છે, તે એ વસ્તુ સૂચવે છે-કે હૃદયને વશ કરે એવી કશીક મોહિની એના અવાજમાં છે, એક જાતની આર્દ્રતા-ભીનાશ એના

ભાષામાં છે. કયારેક એના શબ્દ અને લયમાં એવો ઉછાળ આવે છે કે એ ભવ્યતાને જતો સ્પર્શે છે. તે કવિતામાં સંખ્યાબંધ કલ્પનાચિત્રો આલેખે છે. 'ઝળકતાં ઝાંઝર અને ઘણગટડો વાળતી શ્યામ 'મરકલડે નાથને નિહાળતી નારી' - જેવી પંક્તિઓમાં ઝીલાતાં શબ્દચિત્રો નરસિંહની કલ્પના-શકિત અને ભાષાસિધ્ધિની પ્રતીતિ કરાવે છે.

મૂર્તતા અર્પવાની શકિત, ઉપમારૂપકકલ્પનોની સમૃધ્ધિ, લયહિલ્લોળ, બલકે કેટલીકવાર તો લયકંક,ધરગટથુ દીપિલમિત શબ્દો, સમગ્ર ભાવપરિસ્થિતિનો સુપેરે ઔચિત્યભર્યો ઉઠાવ - આ બધાંને લીધે નરસિંહની કવિતામાં એક પ્રકારનું આગવું સંમોહન જામે છે.

જે ભકત કવિ વડે આપણી ભાષા ઉજળી છે. તેને વિશે એના જ શબ્દોમાં કહી શકાય:

'ઉજ્જવળ વાણી નરસૈયા તણી '(પદ-૧૯)

આજ સમયગાળામાં એટલે કે સં.૧૪૯૫માં 'ગીતગોવિંદ'ની અસર નીચે કૃષ્ણનો ગોપાંગનાઓ સાથેનો વસંતવિહાર વર્ણવતું 'નારાયણફાગુ' અથવા 'ફાગુ' નામનું એક ફાગુકાવ્ય મળે છે. ફાગુકાવ્યોમાં કૃષ્ણવિષયક આ એકજ રચના પ્રાપ્ત થાય છે. જો કે પછી થયેલા સંશોધનોમાં ' હરિવિલાસ ' ફાગુ મળી આવ્યો છે. પ્રારંભમાં સરસ્વતીવંદના છે. સોરઠ દેશનું પરિચયાત્મક નિરુપણ એમાં કરવામાં આવ્યુ છે. એનો વિષય વસંતઋતુમાં દ્વારકાવાસી કૃષ્ણની ગોપીઓ સાથેની રાસક્રીડા છે. આની અનેક પંકિતઓ 'વસંતવિલાસ' ફાગુની પંકિતઓ સાથે મળતી આવે છે.

કાવ્યના નામનો આધાર આ અંતિમ પંકિતઓ છે:

દેવતણઉ એ ફાગ પઢહગુણહ અનુરાગ

નવનિધિ તે લહઈ એ,જે પાણિ સંભલઈ એ -૬૪

કવિ મયણની 'મયણછંદ' નામની એક જ રચના મળે છે. એના સમય નિર્ણય માટે સ્થૂલ પ્રમાણ નથી મળતું પણ 'મયણછંદ'ની ભાષાને આધારે કહી શકાય કે એની રચના ૧૫મી સદી પછી નથી થઈ લાગતી. શ્રી.કે.કા.શાસ્ત્રી આનો સમય સં:૧૪૫૦-૧૫૦૦ માને છે. આખીયે

રચનામાં વિવિધ પ્રકારે 'સ્યામાસ્યામ' નો સંભોગશૃંગાર વર્ણવાયેલો છે. વિરહ અને માન સંબંધી છંદ છે.૮

નરસિંહના ઉત્તરકાલમાં સં:૧૫૨૦માં વીરસિંહે લગભગ ૧૦૦૦ પંકિતઓમાં 'ઉષાહરણ' નામનું 'હરિવંશ' અને 'ભાગવત'માંથી કથાવસ્તુ લઈ એક પ્રબંધકોટિનું કથાકાવ્ય આપ્યું. પુરાણોમાં -ની ઓખા અને અનિરુધ્ધના પ્રેમની, ખરેખર તો અનિરુધ્ધહરણ અને અનિરુધ્ધ પરાક્રમના પ્રસંગો નિરુપતી અને સાથે કૃષ્ણનો મહિમા ગાતી એ કથા છે. કાવ્યતત્ત્વનો વિચાર કરતાં શૃંગાર અને વીરરસનો એક સારો નમૂનો એની પાસેથી મળે છે. કવિએ કેટલીક સામાજીક વિધિઓ આપી છે, તો નગર, ગઢ, સેના, યુધ્ધ વગેરેનાં આકર્ષક વર્ણન પણ આપ્યાં છે. ચોપાઈ બંધ, વર્ણનો, રાગોનું વૈવિધ્ય, ભટાઉક્તિ વગેરેમાં 'કાન્હડદેપ્રબંધ'ની અસર વર્તાય છે.

કાયસ્થ કવિ કેશવરામ હૃદેરામ કૃત ' દશમસ્કંધ ' અથવા 'શ્રીકૃષ્ણલીલાકાવ્ય' સં:૧૫૨૯માં મળે છે. અન્ય પુરાણોનો ઉપયોગ કરીને તેણે ૭૦૦૦ પંકિતઓમાં ઊર્મિયુક્ત કાવ્ય આપ્યું. ૪૦ સર્ગમાં સંસ્કૃત મહાકાવ્ય શૈલીનું ગુજરાતી મહાકાવ્ય રચવા તે પ્રયત્ન કરે છે. તેણે એમાં સંસ્કૃતના શ્લોકો, અક્ષરમેળ છંદો, વ્રજભાષાનાં પદો, પ્રચલિત ઢાળો ઈત્યાદિ યોજ્યાં છે. મૂળ ભાગવતનાં દશમસ્કંધનો કેશવરામે પદ્યમાં સારાનુવાદ આપ્યો છે. પરંતુ તેણે 'શ્રીમદ્ ભાગવત'ના દશમસ્કંધ ઉપરાંત 'હરિવંશ', 'બ્રહ્મવૈવર્તપુરાણ', 'શ્રીકૃષ્ણકર્ણામૃત', 'પાંડવગીતા', 'બિલ્વમંગળનાં સ્તોત્રો' તેમજ કૃષ્ણકથા વિષયક લોકસાહિત્યનો ઉપયોગ આ કાવ્યમાં કર્યો છે. એ રીતે આ કૃતિને રુઢ અર્થમાં ભાષાંતર કહી શકાશે નહી. શ્રી અંબાલાલ જાનીએ પણ આ કાવ્યને સારોદ્ધારી કાવ્ય તરીકે ઓળખાવ્યું છે. કવિની મધુરતા, પ્રાસાદિકતા અને કલાત્મકતાનો એમાં સારો પરિચય મળી રહે છે. શ્રી કે.કા શાસ્ત્રી જણાવે છે કે અસલ સંસ્કૃત કૃતિઓનો રસ આ કાવ્યમાં રસસિધ્ધ કવિ કેશવે નૈસર્ગિક પ્રતિભાના બળે જાળવ્યો છે, અને તે એટલે સુધી કે પ્રસ્તુત કાવ્ય ભાલણ-પ્રેમાનંદના ઉભયના પ્રસિધ્ધતર 'દશમ' કરતાં કેટલેક સ્થળે ઉચ્ચત્તર કોટિનું બન્યું છે.૯

આજ કવિનું આ જ સાલમાં રચાયેલું 'ઉષાહરણ' નામનું કાવ્ય પણ મળે છે. સં:૧૫૩૦માં કોઈ અજ્ઞાત કવિ રચિત 'અમૃતકચોલાં' મળે છે.

સં: ૧૫૪૧માં વિષ્ણુદાસ ભીમકૃત 'હરિલીલાષોડશકલા' નામનો ૧૬ ખંડોમાં કરેલો ભાગવતપુરાણનો પદ્યાત્મક સંક્ષેપ છે. બેશક, એણે આધાર તરીકે પં:બોપદેવ વ્યાસકૃત 'હરિલીલાવિવેક' નામની કૃતિ લીધી છે, જેમાં પંડિત બોપદેવે ભાગવતપુરાણનો અધ્યાય અને પ્રકરણવાર સાર ૧૭૮ શ્લોકમાં આપ્યો છે.

ભીમે 'હરિલીલાષોડશકલા' ને એના નામ પ્રમાણે, એની ૨૦૦૦ પંક્તિઓને ૧૬ કળામાં વિભક્ત કરી છે, અને દરેક કળાને અંતે પોતાને વિષ્ણુદાસ કહે છે. આમ તો આ ગ્રંથ ભાગવતની કથાનો સંક્ષેપ જ છે. પરંતુ એના ઉપર એના સમકાલની અસર છે. આરંભમાં ગણેશસ્તુતિ અને સરસ્વતીસ્તવન ચોપાઈમાં આપ્યાં છે. આ કાવ્યમાં તેણે ચુપઈ અને પૂર્વછાયુનો પ્રયોગ કર્યો છે. ઉપરાંત, નાનાં કડવાં કહી શકાય તેવી કવિતા 'પ્રબંધ' મથાળે તેણે આપી છે. પણ એણે જે અત્રતત્ર ગીત-ધૂલ આપ્યાં છે તે કાવ્યબંધની દ્રષ્ટિએ ખાસ મહત્ત્વનાં છે.

સં:૧૫૪૫ અને પછી ભાલણકૃત 'કૃષ્ણવિષ્ટિ' 'સત્યભામાનું રુસણું', 'દશમસ્કંધ' અને દશમસ્કંધમાં સામેલ થયેલાં મળતાં અને હજી અપ્રસિધ્ધ કહી શકાય, તેવાં સંખ્યાબંધ શ્રીકૃષ્ણબાળલીલાને લગતાં પદ મળે છે. 'રુક્મિણીવિવાહ' અને 'સત્યભામાવિવાહ' એવાં બે સ્વતંત્ર આખ્યાન દશમના સળંગ કથાક્રમમાં સામેલ કરી લીધા છે.

મધ્યકાલીન ગુજરાતી ભાષાને સૌ પ્રથમ 'ગુર્જરભાષા' એવું નામ આપનાર ભાલણે આખ્યાનને કડવામાં બાંધી, આખ્યાનપધ્ધતિને સુદૃઢ બનાવી. એના 'દશમસ્કંધ'ની પદયુક્ત આખ્યાનરચના ધ્યાન ખેંચે એવી છે. ભાગવતનો દશમસ્કંધનો માત્ર અનુવાદ હોવા છતાં કેટલાંક કારણોથી આ રચના મહત્ત્વની બની છે. એમાં કૃષ્ણની બાળલીલાનાં વાત્સલ્ય-ભાવનાં પદ, રાધાનું વર્ણન તથા વ્રજભાષાનાં પદ- આ કારણે એનો દશમસ્કંધ મહત્ત્વ

Kalpana's

નો ઠરે છે.એમાં અનેક પ્રક્ષિપ્ત પદ મળે છે. ' રાસપંચાધ્યાયી' નાં ૧૧ પદ (પ.૧૫૭થી ૧૬૭) લક્ષ્મીદાસનાં રચેલાં છે. આ ઉપરાંત સૂરદાસ,રસાતલનાથ,ગંગાધર,ચતુરાદાસ,નરસિંહ અને વિષ્ણુદાસ ઈત્યાદિનાં પદ પણ છે. આ પદો પ્રાચીન હસ્તપ્રતમાં યથાવત ક્ષેપક છે.

નંદજશોદાના વાત્સલ્યભાવના નિરુપણમાં અને ગોપીઓના શૃંગારમાં પરિણમતા રતિભાવને લીધે આ રચના નોંધપાત્ર બની છે.

ભાલણની અન્ય કૃતિ' કૃષ્ણવિષ્ટિ' માં કેવળ ચાર પદ મળે છે. કૃષ્ણના દૂતત્વની ભૂમિકારુપે દ્રૌપદીના મનોભાવોને વ્યકત કરતો સંદેશ આમાં પદ્યબધ્ધ કરવામાં આવ્યો છે. ~~આથી કનૈયાલાલ મુનશી એને 'દ્રૌપદીપ્રકોપ' નામ આપવું વધારે ઉચીત માને છે.~~ નડિયાદવાળી હસ્તપ્રતમાં ' પાંચાલીનાં પદ' એવું શીર્ષક આપવામાં આવ્યું છે. પરંતુ બીજી પ્રતોમાં ' ઈતિ શ્રી વિષ્ટિ સમાપ્ત' એવું લખેલું છે, જેથી અનુમાન થાય કે કદાચ ભાલણે પૂર્ણ ' કૃષ્ણવિષ્ટિ' ની રચના કરી હશે જેમાંથી કેવળ આ ચાર પદ ઉપલબ્ધ છે.

લક્ષ્મીદાસે દશમ સ્કંધ મૂળ ભાગવત ' દશમસ્કંધ' ને આધારે રચેલો અધ્યાયવાર પણ ૧૯૫ કડવાંનો કાવ્યગ્રંથ છે. કાવ્યને અંતે નહિ,પણ ૧૪ મા અધ્યાયને અંતે કવિનું નામ મળે છે. ભાલણના દશમસ્કંધમાં ખૂટતાં રાસપંચાધ્યાયીનાં કડવાં આ લક્ષ્મીદાસની જ રાસપંચાધ્યાયીનાં છે. કવિનું પ્રૌઢ કવિત્વ અહીં જોવા મળે છે. ભાગવતની કથા પ્રામાણિક રીતે ઉતારી છે, છતાં કયાંક કયાંક મૌલિક પ્રસંગો કવિએ આલેખ્યા છે. કવિએ વ્રજભાષામાં પણ પદો લખ્યાં છે. દશમસ્કંધ ઉપરાંત કવિએ કેટલાંક નાનાં પદ પણ કૃષ્ણની સ્તુતિનાં લખ્યાં છે.

ઉમરેઠનાં ખડાયતા બ્રાહ્મણ કવિ જનાર્દન ત્રવાડીએ સં:૧૫૪૮ માં એક માત્ર 'ઉષાહરણ' નામનું ૨૨૨ કડીઓનું અને કડવાં નામધારી ૩૬ પદોમા વહેંચાયેલું આખ્યાનકાવ્ય આપ્યું છે. વીરસિંહના ' ઉષાહરણ ' ની થોડી અસર આ કૃતિ પર હોય એમ મનાય છે. એનાં પદ નરસિંહ મહેતાનાં પદ જેવાં નાનાં છે. તેથી જ શ્રી: કે.કા.શાસ્ત્રી એનાં પદોને માટે કહે છે.[૨૦] ' જનાર્દનના આ પદ ટૂંકાં અને મોટાં કડવાંની સાંકળ જેવાં લાગે છે. ' કાવ્ય તત્વની દષ્ટિએ કશી ચમત્કૃતિ કે કોઈ ઊંચી પ્રતિભાનું દર્શન આમાં થતું નથી. છતાં કવિએ

લોકરુચિ અનુસાર કરેલ ફેરફારોને લીધે તે કૃતિ સારીરીતે લોકપ્રિય નીવડી લાગે છે. આમાં બહુવૈવિધ્યશાળી, કળાનો ઓપ સાધવાનો પ્રયત્ન સવિશેષ જોવા મળે છે.

## : હરિવિલાસફાગુ :

એનો રચનાસમય નિશ્ચિતપણે જણાયો નથી પણ એની ભાષા અને સંયોજન પ્રણાલીના અનુલક્ષમાં એના સંપાદક શ્રી હરિવલ્લભ ભાયાણી એને ૧૬મા શતકમાં મૂકે છે.[૧૨] 'વસંત વિલાસ' પછી પ્રાપ્ત થયેલા જૈનેતર ફાગુઓમાં આ ફાગુ વિરલ મહત્ત્વ ધરાવે છે. એનો વિષય કૃષ્ણની બાળલીલા અને રાસલીલાનો છે. વિષ્ણુપુરાણના પાંચમા અંશના અ:૩ થી ૧૬ માંના પ્રસંગોનો આધાર લઈને એની રચના કરી છે. એમાંથી કથયિતવ્યની પુષ્ટિ અને અનુમોદન માટે વીસેક શ્લોક કાવ્યમાં ઉદ્ધૃત કરેલા છે. ઉપરાંત બે શ્લોક અન્ય કૃતિઓમાંથી પણ આપ્યા છે. આ કાવ્યની એક જ પ્રતિ પ્રાપ્ત થઈ છે, જેમાં કાવ્ય અપૂર્ણ રહયું છે.

કાવ્યમાં પ્રારંભની ૨૩ કડીમાં (૧-૨૩) કૃષ્ણની બાળલીલાના પ્રસંગો - પૂતનાવધ, યમલાર્જુનભંજન, કેશિવધ, ગોવર્ધનધારણ, કાલિયદમન ઈત્યાદિ આપીને, પછી ૯ કડીઓમાં (ક:૨૪-૩૧) કવિએ દાણલીલાનું અને પછીની સોએક કડીઓમાં (ક ૩૨થી ૧૩૨) કૃષ્ણની રાસલીલાનું વર્ણન કર્યું છે. એ પછી પ્રતિ ખંડિત છે. પછીનો અંશ લુપ્ત થયો છે. રાસલીલામાં નીચેનાં વર્ણનો અંતર્ગત છે. શરદવર્ણન, કૃષ્ણરુપવર્ણન, વેણુવાદન, ગોપીઉત્કંઠા, શૃંગારવર્ણન, કૃષ્ણની અંતર્ધાનલીલા, ગોપીવિરહવર્ણન (ક:૬૦-૭૬), એમનું કૃષ્ણ સાથે પુનર્મિલન (૭૭-૮૨), વસંતવર્ણન (૮૩-૮૯), વિરહિણીવર્ણન અને ભ્રમરાન્યોક્તિ (૯૦-૧૦૦), રાસલીલાવર્ણન (૧૦૧-૧૧૧) અને ગોપીરુપવર્ણન (૧૧૨-૧૩૨)-આ વર્ણનો જ 'હરિવિલાસ'નું ઉત્તમ અંગ છે.

'વસંત વિલાસ'માં અને પ્રાચીન ગુજરાતી અને સંસ્કૃત શ્લોકોના ભાવવિચારનું નિરુપણ

સમાન્તર છે. જ્યારે ' હરિવિલાસ' માં પ્રાચીન ગુજરાતી કવિતાએ પૌરાણિક શ્લોકોનું અવલંબન ઉત્કટપણે ગ્રહણ કર્યું છે.

એનું કાવ્યત્વ ઉડીને આંખે વળગે એવું મનોહર છે. કાવ્યમાં છંદનો મુક્ત પ્રવાહ, સહજપણે અનાયાસ સધાતા યમક, શ્રીકૃષ્ણની દાણલીલા અને રાસલીલાનાં સુંદર ભાવપૂર્ણ ચિત્રો-આ સર્વને કારણે આ કાવ્ય એક અતીવ હૃદયંગમ કાવ્ય બને છે. વેણુનાદ સાંભળી ધસતી ગોપીઓનું વર્ણન જોઈએ:

' મેલ્હીય માણિક મોતીય, પ્રોતીય હાર અમૂલ
ચાલીય શ્રીરંગ સાંભરી ભાંભરી વર સિરિફૂલ -૪૩
પહિરિ અમૂલક અંશુક કિંશુક-નિવા શરીર
ચાલિ ગજગતિ લહકતિ, બહિકતી અગરિ આહિરિ -૪૭

રાસલીલા:

નિશિ ભરિ નાચઈ ગોપીય લોપીય લાજ-નીરેખ
દહ દિસિ દિસવિ ભમરીય સમરીય માધવ વેખ: ૧૦૬

આમાં પદે પદે 'વસંતવિલાસ ' ની કાવ્યપંક્તિઓના પડઘા સંભળાય છે.

પ્રાસાદિક, ઋજુતાભરી, મનોહારિણી કવિતાનું 'હરિવિલાસ' એક ઉત્તમ ઉદાહરણ છે.

કીકુવસહી નામનો, સળંગ બંધમાં ભગવાન શ્રીકૃષ્ણની બાલલીલા ગાનારો આખ્યાનકાર ગણદેવીનો અનાવિલ હતો. એણે ૬૩૦ કડીઓનું દોહા અને ચોપાઈમાં રચાયેલું 'બાલચરિત્ર' નામનું સળંગ બંધનું આખ્યાનપ્રકારનું કાવ્ય આપ્યું છે. એ પોતાને કવિ કહે છે અને મધ્યકાલના ગુજરાતી કવિઓની સાથે તુલના કરતાં એ થોડેક અંશે કવિતાને રોચક બનાવવા સમર્થ થાય છે, ખરો. ઉ:ત: કૃષ્ણના યમુનાના ધરામાં ઝંઝાપાત પછીનું વર્ણન :

' સુણી વાત માતા દડવડી, રુદન કરિ ચાલિ અડવડી
નંદ ગોપ મનિ વિહ્વલ થાઈ નયરલોક શું યમુના જાઈ: ૨૫૫

કહિમાતા મહી ઘરનિ કાજ, કરું પ્રાણ સવિ માહરા(ત્યાં)જય
ઝંપાવાનિ આધી થાઈ, અવર નારિ સહૂ બાંહિ સાહિ -૨૫૭
નંદ નિસાસા મૂકિ ઘણા ઘસિ હાથ હઈઈ આપણા
દુ:ખ કહિ નિ કહ્યૂં ન જાય, પુત્રવિયોગ નહિ સહિવાય -૨૫૮

પરંતુ પ્રેમાનંદની પ્રતિભા એની પાસે નથી. એ કાવ્યચમત્કૃતિ, રસાપેક્ષા લાવી શકતોનથી, સાદાં ચિત્રો ઉભાં કરે છે. તેનો ગુણ એક જ છે- નકામું લંબાણ ન કરતાં ભાગવતાનુસાર કથાનકનું નિર્માણ કર્યું.

આ કૃતિની હસ્તપ્રત સં:૧૬૦૦ ની આસપાસ પ્રાપ્ત થવાને કારણે શ્રી: કે.કા.શાસ્ત્રી એનો સમય સં: ૧૫૫૦ માને છે. વિષયની દષ્ટિએ આ અપ્રકાશિત રચના મહત્ત્વપૂર્ણ છે.

સં:૧૫૫૦માં સોમકૃત 'સુદામાસાર' નામની કૃતિ મળે છે.

સં:૧૫૫૭માં કવિહર્ષકુલકૃત 'વસુદેવચોપાઈ' મળે છે.

મધ્યકાળમાં રામાયણ, મહાભારત, કે ભાગવતમાંથી વસ્તુબીજ કે પ્રસંગ લઈ મૂળ ગ્રંથોની કથાનો સાર આપી કે એ પ્રસંગોને વિકસાવી પોતાની શકિત મુજબ આખ્યાનકારોએ આખ્યાન રચ્યાં.

આમાં ભાગવતે લગભગ બધાજ કવિઓને કથાભંડાર પૂરો પાડયો, એમની પ્રેરણાને પોષી. એ કથામાંના અનેક પાત્રો ગુજરાતના પ્રજાજીવનમાં એકરસ થઈ ગયાં. એ કવિઓએ, કથાકારોએ ગુજરાતની પ્રજાને ભકિત-નીતિની, સહૃદયતાની સુકોમળ કેળવણી આપી, તત્કાલીન સમાજના હૃદયને લીલું રાખ્યું, ભકિત, શૌર્ય, નિષ્ઠા આદિ જીવનોપકારક મૂલ્યો પૂરાં પાડી ઉદાત્ત ભાવનામયતાથી એને રસભર્યું બનાવ્યું. ધર્મકલાવાળી એ રસકલાએ આખ્યાનના પ્રકારનો પણ પુષ્ટ કર્યો.

ભાલણથી સ્થિર રીતે વહેતા થયેલા આખ્યાન કવિતાના પ્રવાહમાં મોટું પૂર લાવનાર વડોદરાનો વૈશ્ય કવિ નાકર છે. ભાલણ જેવો સંસ્કૃતજ્ઞ ન હોવા છતાં કથાશ્રવણથી

પુરાણજ્ઞ બની, બ્રાહ્મણમિત્રના યોગક્ષેમાર્થે વિવિધ પુરાણાદિ પરથી આખ્યાનો ગુજરાતીમાં ઉતારનાર તે સુકવિ છે.

કૃષ્ણ સંબંધી ત્રણ રચના તેની પાસેથી મળે છે. 'કૃષ્ણવિષ્ટિ', 'ભ્રમરગીતા' અને 'સોગઠાનો ગરબો'.

કૃષ્ણની પ્રેમભકિતનું ગાન ગાતી, ગોપીઓની ભ્રમર પ્રત્યેની ઉકિતને આલેખતી સંસ્કૃત, વ્રજ અને હિન્દી ભાષાની રચનાઓ જેવી કેટલીક 'ભ્રમરગીતાઓ' આપણે ત્યાં લખાઈ છે. નરસિંહથી દયારામ સુધીના ઘણા કવિઓએ આ વિષયને કેન્દ્રમાં રાખી આ પ્રકારનાં કાવ્યો રચ્યાં છે. પરંતુ એમાં સર્વત્ર ભ્રમરપ્રસંગનું આલેખન થયું નથી. ઉ:ત: વિશ્વનાથ જાની જેવો કવિ 'ઉધ્ધવસંદેશની' કથા ભ્રમરપ્રસંગને વચ્ચે લાવ્યા વિના રમણીય રીતે ગાય છે.

આખ્યાનશૈલીમાં લખાયેલી અને ભાગવત પર આધારિત નાકરની 'ભ્રમરગીતા' તેની અન્ય રચનાઓથી તુલનામાં સાધારણ કોટિની કૃતિ છે. આ અપ્રકાશિત રચનામાં તેણે આરંભમાં ગણપતિ અને સરસ્વતીને વંદના ન કરતાં કાલિદાસ, શ્રીહર્ષ આદિ કવિઓ અને જયોતિષ, ગીતા આદિ શાસ્ત્રોનું સ્મરણ કર્યું છે. કાવ્યનું રુપ ભાવાત્મક ન રહેતાં વર્ણનાત્મક બની જાય છે. ભાગવતના ગોપી-ઉધ્ધવસંવાદનું એક રીતે પુનર્લેખન છે.

'કૃષ્ણવિષ્ટિ' એ એનીમરાઠી ભાષાના 'ઓવી' (અભંગ) ને મળતા બંધથી ધ્યાન ખેંચી રહે છે.

'સોગઠાંનો ગરબો' એ રાધાકૃષ્ણની સોગઠાંની રમતને આકર્ષક સંવાદમાં રજૂકરી પ્રેમોર્મિની ઉત્કટતાનું સુંદર વાતાવરણ જમાવે છે.

આ ઉપરાંત તેનું 'ઉષાહરણ' નામનું આખ્યાન 'દશમસ્કંધ' પર આધારિત મળે છે.

તે ભલે પ્રથમકક્ષાનો સમર્થ તેજસ્વી કવિ નથી પણ 'આખ્યાનના વિકાસક્રમમાં ભાલણ અને પ્રેમાનંદને સાંધતી વચલી કડી'[૧૫] રુપ તેના ઐતિહાસિક સ્થાનની નોંધ લીધા વિના ભાગ્યેજ કોઈને ચાલશે.

ચતુર્ભુજ કવિએ પોતે આપેલા 'છિ...રિ' શબ્દ પરથી ઉપલબ્ધ હસ્તપ્રતની સં:૧૬૨૨ની સંગતિ બેસાડી કેટલાક વિદ્દાનોએ સં:૧૫૭૬ની આસપાસ તેનો સમય નિશ્ચિત કર્યો છે. તેની એક માત્ર રચના 'ભ્રમરગીતા' ફાગુ મળે છે. નરસિંહની 'ચાતુરીઓ' ના પ્રકારના, ૧૦૩ કડીના આ કાવ્યમાં ભાગવત પર આધારિત ગોપીઉધ્ધવ સંવાદની કથાનું કરુણમધુર નિરુપણ કરવામાં આવ્યું છે. એની શૈલી ફાગુકાવ્ય જેવી છે. કવિએ આ રચનાનો અંત 'ઈતિશ્રી કૃષ્ણગોપી વિરહમેલાપક ભ્રમરગીતા ફાગ' લખીને કર્યો છે. પુષ્પિકામાં પ્રયુકત આ 'ફાગ' શબ્દથી સિધ્ધ થાય છે કે કવિએ સજાગ રીતે ફાગુ શૈલીમાં કાવ્ય રચના કરી છે. આની ભાષા પ્રાચીન છે. 'ગુજરાતી'ના સં.૧૯૮૯ના દીપોત્સવી અંકમાં ડો. ભોગીલાલ સાંડેસરાએ એને પ્રકાશિત કરી હતી.

'સુની તની થઈ સર્વસખી, ચંદ્રાવલી જાતિ, ચિત્રામિ લિખી' આ પંકિત માં આવતા 'ચંદ્રાવલી' ના નામોલ્લેખની દષ્ટિએ આ કૃતિનું મહત્વ ઘણું છે. 'સુરતસંગ્રામ' તથા 'ગોવિંદગમન' જેવી નરસિંહ મહેતાની કૃતિઓમાં આવતાં રાધાની સખીઓનાં નામ અંગે સમાધાન કરવા માટે શ્રી: કે.કા.શાસ્ત્રીએ જીવગોસ્વામીથીયે પૂર્વે ગુજરાતી કવિ ચતુર્ભુજની સં.૧૫૭૬ની ભ્રમરગીતામાં આવતી 'સુની તની થઈ સર્વસખી, ચંદ્રાવલી જાતિ ચિત્રામિ લિખી' પંકિત તરફ સંકેત કરી બતાવ્યું છે કે 'ઉજ્જવલ નીલમણિ' ની રચના પૂર્વે ગુજરાત રાધાની સખીઓના નામથી પરિચિત હતું.

એનું અપર નામ 'શ્રીકૃષ્ણગોપી વિરહમેલાપક ભ્રમરગીતા' એના ગોપી વિરહવર્ણનના વિષયને ચરિતાર્થ કરે છે. ભાગવતના દશમસ્કંધમાં આવતા ઉધ્ધવસંદેશને વર્ણવતાં, કવિએ શ્રીકૃષ્ણ મથુરા જતાં ગોપીઓના અપરંપાર શોકને લાગણીવશ બની વર્ણવ્યો છે. ઉધ્ધવનું ગોકુળ જવું, કૃષ્ણને ઉપાલંભ ઈત્યાદિનું સચોટ વર્ણન એમાં મળે છે. કરુણરસની નિષ્પત્તિ માર્મિક રીતે કરવામાં આવી છે. અલ્પજ્ઞાત કવિની કાવ્યસિધ્ધિ અવશ્ય અનલ્પ છે.

ત્યાર પછી સં:૧૫૯૨માં કેશવરામે ૪૨ કડીની 'ગોપીસંદેશ' નામની કૃતિમાં આ પ્રસંગને

રસિક રીતે નિરુપ્યો છે:

સં:૧૬૦૦ માં પુણ્યરત્નકૃત' નેમિરાસ-યાદવરાસ', નારાયણદાસકૃત 'નવરસ' નામની કૃતિઓ મળે છે.

સં:૧૬૦૦માં સુંદરસુતકૃત ' ભાગવત-દશમસ્કંધ' અનુવાદ રુપે મળે છે. અહીં કવિએ કરેલી શ્રી ગોવર્ધનધારીની પ્રારંભિક સ્તુતિ તથા ભ્રમરગીતામાં શ્રી ગોકુલચરણની સ્તુતિ- વગેરે તે વૈષ્ણવ હોવાનું માનવા પ્રેરે છે. 'વૃજલીલા સુખરાજ' કુંજ, વટ, વન, તાલ, 'લૌકિક વૈદિક દીધું છાંડી', વિરહાનંદ માંહાં રહી લીની',' ગૌદલોકનો રજીયો' વગેરે શબ્દોમાં પુષ્ટિમાર્ગીય ભાવો જોવા મળે છે. તે શાસ્ત્રી હોવાથી દશમસ્કંધના મૂળ સંસ્કૃત ઉપરથી સરળ અનુવાદ ગુજરાતીમાં રચ્યો છે. આ અનુવાદમાં તેણે મહાકવિ પ્રેમાનંદની પેઠે સ્વતંત્ર વિહાર કર્યો નથી છતાં એનું કવિત્વ કેટલેક ઠેકાણે ઝળકી ઉઠે છે.

ઉ:ત:

જયમ તારા મધ્યે ચંદ્ર વીરાજે તમ ગોપી મધ્યે ગોવિંદ
નાંહાના નરત્ય કરે નંદનંદન, કરતલતાલ રચના છંદ-
ગાય ગોપી ગાંન મનોહર ભમરી ફેરફરે ચોપાસ
ખલકે ચુડી રણકે કંકણ ઝમકે ઝાંહાઝરનો ઝમકાર
થેઈ થેઈ નાચે નવરસ નાયક લીલા લલીત પ્રમુખ સુખસાર :

અ:૨૯: દશમસ્કંધ :

આ કવિની બીજી વિશિષ્ટતા એ કે એમાં વચ્ચે વચ્ચે કવિએ વૃજભાષામાં પદો મૂકયાં છે:

વૃજમાં બોત કરત લંગરાઈ
ઘર ઘર કીરત સકલ ગોપન કે
કહુ ન મોહન દેત દેખાઈ ....૧-અ: ૮: દશમસ્કંધ.

સં.૧૬૦૫માં શ્રીમદ્ ભાગવતનો દશમસ્કંધનો અનુવાદ ગદ્યમાં મળે છે.

કાપડના સંપુટનમાં પત્ર ૧૧૮ થી ૧૭૦ માં લખાયેલા દશમસ્કંધમાં કર્તાનું નામ નથી મળતું. કૃતિ તૂટક છે. મૂળ દશમસ્કંધનો ટૂંકમાં સારાંશ મળે છે.

એક બીજો દશમસ્કંધ ગદ્યમાં તૂટક મળે છે. પ્રથમ પાન ઘસાયેલું, ફાટેલું છે. આરંભની સ્તુતિ જોઈએ: ૐ નમ: પરમાત્મને શ્રીપરમપુરાષાત્મય:| શ્રી| શુકવ્યાસભ્યિાં નમ:| રાજા ઉવાચ| કથિતો વંશવિસ્તારો | ભવતા સોમસૂર્યયો:| રાજ્ઞાંચોભયવંશાનાં | ચરતિંપરમાદ્ભુતં |૧|– ત્યાર પછી ગદ્યમાં કથા શરુ થાય છે. વચ્ચે ઘણાં પાનાં નથી. પાના પણ બધાં અસ્તવ્યસ્ત છે. છેલ્લું પાન ૩૯૫મું છે, જે ૭૭મા અધ્યાયથી અધૂરું છે. લેખકનું નામ ક્યાંય આરંભમાં વચમાં કે અધ્યાયાન્તે પણ નથી. દરેક અધ્યાયને અંતે આવતી પુષ્પિકા સંસ્કૃતમાં છે.

સં:૧૬૦૬માં વસ્તાકૃત 'સુભદ્રાહરણ' નામનું આખ્યાન મળે છે.

બેહદેવની સુપ્રસિધ્ધ 'ભ્રમરગીતા' આ કાળમાં જ મળે છે.

' સંવત સોલનવોતરો વૈશાખ સુદિ એકાદશી

મહીદાસ સુત બ્રહદે કહે કૃપા કરી શ્રીહરિ કહાવિઉ'

આ કૃતિનો વિષય ભાગવતનો ભ્રમર પ્રસંગ છે. જેમાં કવિની ઊર્મિપ્રધાન ભકિત, કવિત્વની પ્રતીતિ થાય છે. શૈલીની દષ્ટિએ આમાં નરસિંહની ચાતુરીની છાયા પ્રતીત થાય છે. 'રઢિયાલો રાસ સોહામણો' કહી કવિ એને ' રાસ' કાવ્યની પરંપરાથી સંબધ્ધ કરે છે. ૪૦ કડવાંની અને ૧૧ પદોમાં વહેતી આ ભ્રમરગીતા 'રઢિયાળી ઊર્મિપ્રધાન રચના છે.

વિ. સં:૧૫ અને ૧૬ મી સદીમાં બીજા વૈષ્ણવ ઘણા થયા, પરંતુ એમાંથી કોઈની બહોળી અસર દેખાતી નથી. ખરી રીતે, નરસિંહના વ્યાપક તેજમાં બધા તારાઓ તિરોહિત થઈ ગયા. વળી ૧૬ મી સદીમાં ગુજરાતમાં વલ્લભસંપ્રદાયનો પ્રચાર થવાથી વિષ્ણુભકિત તરફ વલણવાળાં ચિત્તો એ સંપ્રદાય તરફ ખેંચાય અને એમાં ભળી જાય એ સ્વાભાવિક છે. છતાં ભકિતના આવેગથી કે તેના પ્રચારની વાસનાથી પ્રેરાઈને નહિ, પરંતુ કથા-આખ્યાન-ના શ્રવણની લોકરુચિને સંતોષવાની ઈચ્છાથી નાના મોટા અનેક લેખકોએ પૈરાણિક વસ્તુને

ગુજરાતી પદ્યમાં ઉતારવાનો પ્રયત્ન કર્યો. આ પ્રયત્નમાં 'હરિવંશ', 'ભાગવત' જેવાં વૈષ્ણવ પુરાણોનો પુષ્કળ ઉપયોગ થયો છે.

વૈષ્ણવ ધર્મના ઈતિહાસમાં ખરી રીતે આ પ્રકારની રચનાઓનું સ્થાન નથી, અને ઘણી રચનાઓનું તો ગુજરાતી સાહિત્યમાં પણ મહત્ત્વનું સ્થાન નથી; છતાં કૃષ્ણનાબાલચરિત્રનાં પદો કે કૃષ્ણરામાદિ અવતારોની અને ધ્રુવ, પ્રહ્લાદાદિ ભકતોની ચરિત્રકથાઓને લગતાં કાવ્યો અસાંપ્રદાયિક વૈષ્ણવ કુટુંબોમાં ગવાતાં, વંચાતાં હોવાનો તથા તેની વિષ્ણુભકિત-પોષક કાંઈક અસર થતી હોવાનો સંભવ છે.

ભીમ દ્દારા 'રસિકગીતા' નામની કૃષ્ણસંબંધી રચના છે. વિષયની દૃષ્ટિએ તે ભ્રમરગીતા છે. કાવ્યના અંતમાં લિખિત 'પ્રગટ વિઠ્ઠલો' તથા વિઠ્ઠલનાથ વિષયક ધોળના આધારે શ્રી કે.કા શાસ્ત્રીએ તેમને ગોસાઈ વિઠ્ઠલનાથજીના સમકાલીન માન્યા છે, અને તેમનો જીવનકાલ સં.૧૫૭૨ થી સં.૧૬૩૬ વચ્ચે નિર્ધારિત કર્યો છે. અંતમાં શ્રી વિઠ્ઠલનાથ અને શ્રી વલ્લભાચાર્યજીનું સ્મરણ કરેલું છે. આ 'રસિકગીતા', 'રસગીતા', 'ઉધ્ધવગીતા', 'ભીમગીતા' નામથી ઓળખાતું આ કાવ્ય ૧૩૫ કડીનું છે. ઉધ્ધવના વ્રજગમનનો પ્રસંગ મધુરી વાણીમાં આપ્યો છે. તેની સંખ્યાબંધ હસ્તપ્રતો ઉપરથી તે લોકપ્રિયકૃતિ લાગે છે. કડી ૧૩૦ થી ૧૪૫ માં કવિએ પુષ્ટિમાર્ગનો વિકાસ કેવી રીતે થયો, તેનું વર્ણન કર્યું છે. તે દષ્ટિએ આ એક ઐતિહાસિક કાવ્ય છે. ભીમની બીજી વિશેષતા એ કે ગણેશઆદિની મંગલાચરણની પ્રથામાં ફેરફાર કરી, એણે આરંભમાં વૈષ્ણવસ્તવન - ૭ કડીનું આપ્યું છે. વ્રજભાષાના કવિનંદદાસજીની 'ભ્રમરગીતા' સાથે સરખાવી શકાય તેવી ઊંચી કક્ષાની સળંગ સુંદર કાવ્યરચના છે.

કાશીસુત શેધજી જાતે બંધારો હતો. તેણે ભાગવત પર આધારિત 'અંબરીષ-આખ્યાન', 'રુકિમણીહરણ'-બે આખ્યાનો આપ્યાં છે. એણે પોતાની 'રુકિમણીહરણ' નામની રચનામાં સંવતનો ઉલ્લેખ કર્યો છે: 'સંવત સોલ સતાલા જાણિયે.' એણે બીજી અનેક રચનાઓ આપી છે.

પણ કૃષ્ણપરક એકજ રચના 'રુકિમણીહરણ' આપી, જે અપ્રકાશિત છે. કૃષ્ણરુકિમણી વિવાહવિષયક આ કાવ્યની રચના અનેક પુરાણકથાઓના આધાર પર કરી છે:

' શ્રીભાગ્વત હરીવંશમાં એ કથા વિષ્ણુપુરાણ
કહી એક છ વીસ્તાર કહી સંક્ષેપ સુધા જાણ ॥૧૩॥[8]

તેથી કથાવસ્તુની દષ્ટિએ આ રચના છે, નાની પણ મહત્ત્વપૂર્ણ છે. ઈતર બાબતોમાં સામાન્ય હોવા છતાં આ આખ્યાનમાં કવિનું હાસ્યરસનું નિરુપણ અને દ્વારકાનું વર્ણન-બે ધ્યાનાકર્ષક અંગો છે. કથાના અનેક પ્રસંગો રોચક રીતે વર્ણવ્યા છે. એની શૈલી કડવાબધ્ધ છે. આમાં શેધજી નામ નથી પણ 'કાશીસુત' નો પ્રયોગ કર્યો છે. અન્ય રચનાઓથી આ નામને પુષ્ટિ મળે છે.

'કૃષ્ણવૃંદાવનરાધારાસ', 'હરિસુઆક્ષરા' તથા 'સત્યભામાની કંકોતરી'-આ ત્રણ એવી રચનાઓ છે, જે વાસણદાસકૃત મનાય છે. પહેલી રચના કવિચરિતમાં મળે છે. બીજી અને ત્રીજીની સૂચના ગુ.હ. સંકલિત યાદીમાં મળે છે. ત્રીજી રચના સંશયાસ્પદ મનાય છે.

સં.૧૬૪૯ સુધીની પ્રાચીન હસ્તપ્રતો અને ભાષાના કેટલાક પ્રાચીન પ્રયોગને આધારે શ્રી. કે.કા.શાસ્ત્રી વાસણદાસને સં.૧૬૦૦ ની આસપાસ મૂકે.[15]

વૃંદાવનમાં રાધાકૃષ્ણ અને ગોપીઓની રાસક્રીડાનો વિષય આલેખતી 'કૃષ્ણવૃંદાવનરાધારાસ'ની કૃતિના પ્રતિલિપિકાર અમર વૈકુંઠે પુષ્પિકામાં 'ઈતિશ્રી ભાગવતે મહાપુરાણે કૃષ્ણવૃંદાવનરાધવરાસ' લખ્યું છે. શ્રી.કે.કા શાસ્ત્રીએ ' રાધવરાસ'ને અશુધ્ધ સમજી એના સ્થાને ' રાધારાસ' શુધ્ધ સમજયા છે. પરંતુ કવિની રચનામાં 'રાધવરાસ'નો સ્પષ્ટ પ્રયોગ મળે છે: 'તે તાં રાધવદાસ ભાવિ ભણતાં '- શાર્દૂલવિક્રીડિત વૃત્ત હોવાને કારણે ગણ અને વર્ણક્રમમાં આ 'રાધવદાસ ' ઉચિત લાગે છે. તેથી નિશ્ચયપૂર્વક એને 'કૃષ્ણવૃંદાવનરાધારાસ'ન કહી શકાય. ભાલણની જેમ એ રામાનંદી હોય અને 'રાધવ' શબ્દપ્રયોગ કર્યો પણ હોય.

કૃતિને અંતે કૃષ્ણની બાલલીલાનું વર્ણન મળે છે. પ્રારંભમાં શીર્ષકસ્થાને 'શ્રીકૃષ્ણલીલા' લખેલું છે. વર્ણન કેટલાક ભાગમાં વિભાજિત છે, અને તે પ્રત્યેક પોતામાં પૂર્ણ છે. આમ આ રચના કેટલીયે રચનાઓની શૃંખલા જેવી છે. 'ચન્દ્રાઉલી વિલાસસંપૂર્ણ', 'લીલાઉલી વિલાસ', 'ઈતિશ્રીગૌણીસંવાદસંપૂર્ણ' તથા 'ઈતિશ્રી રાધારંગસંપૂર્ણ'-ઈત્યાદિ પૃથક્ પૃથક્ પ્રસંગોની પૂર્ણતાનો નિર્દેશ આપી જાય છે. આમ એમાં સમસ્ત કૃષ્ણલીલા સમાહિત છે. પરંતુ 'રાધારંગ'ની પ્રધાનતાને કારણે ગ્રંથાન્તે આને પૂર્ણ રચના માની હોય. સંસ્કૃત વૃત્ત શાર્દુલવિક્રીડિતમાં આખી રચના મળે છે. કુલ ૧૩૫ વૃત્ત છે. વિવિધ ખંડોમાં વિભાજિત હોવા છતાં છંદોની ક્રમસંખ્યા તૂટી નથી, જેથી એને એક જ રચના સમજવાનું પ્રમાણ મળે છે. 'હરિસુઆક્ષરા' ૧૦૩દોહામાં વૃંદાવનનું સૌંદર્ય,હોળી તથા ફાગનો વિષય લઈ લખેલી રચના છે. પ્રારંભિક રચનાની કચાશ આમાં વર્તાય છે. કવિ કૃષ્ણને રાધા તથા અન્ય સખીઓના રૂપમાં ચિત્રિત કરે છે.

કવિ સંતની એક માત્ર રચના ભાગવતનો અનુવાદ મળે છે. આ અપ્રકાશિત ગ્રંથની પ્રાપ્તપ્રતિમાં ૧,૨,૩,૪,૮,૯ અને ૧૧ સ્કંધ પૂર્ણ મળે છે, જયારે દશમસ્કંધ આદિ અને અંતમાં, દ્વાદશસ્કંધ અંતમાં તૂટેલો છે. દોહા ચોપાઈમાં સરલ રીતિએ તેણે આખાયે ભાગવતનો અનુવાદ આપ્યો છે.

એની ભાષામાં મળતા 'અતરિ' જેવા પ્રયોગોને આધારે શ્રી કે.કા.શાસ્ત્રીએ એનો સમય ૧૭મી સદીનો પૂર્વાર્ધ માન્યો છે.[97] પરંતુ આ વિષયમાં અધિક નિશ્ચય થવા માટે અન્ય પ્રમાણોની આવશ્યકતા છે. કૃષ્ણનો સમય શ્રી શાસ્ત્રીજીએ સં.૧૬૫૨ થી સં.૧૬૭૩ ની આસપાસ માન્યો છે.[98] એની કૃષ્ણવિષયક બે રચના મળે છે. 'મલ્લઅખાડાના ચંદ્રાવલા' અને 'રુકિમણીહરણ'. 'મલ્લઅખાડાના ચંદ્રાવલા'નો સમય જ્ઞાત નથી. આમાં કૃષ્ણે ૭૫ ચંદ્રાવલામાં કંસવધનું વર્ણન ભાગવતને આધારે કર્યું છે. આ તથા 'રુકિમણીહરણ' બંને અપ્રકાશિત રચનાઓ છે. 'રુકિમણીહરણ'એ ૧૨ કડવાનું નાનું છતાં આકર્ષક આખ્યાન છે. પ્રસંગોના વર્ણનમાં કવિએ સારું કવિત્વ દર્શાવ્યું છે. રુકિમણીના દેહસૌંદર્યનું વર્ણન પ્રેમાનંદની કલાની યાદ આપી જાય,

Balpane's

તેવી સુરેખતાથી કર્યું છે. રાગ,વલણ તથા કડવાં પધ્ધતિમાં આ આખ્યાનનું નિર્માણ થયું છે. બીજી એક કૃતિ 'પાંડવવિષ્ટિ' સં.૧૬૭૭ માં રચાઇ છે. પરંતુ એની હસ્તપ્રત ઉપલબ્ધ નથી.[૯૮]

સોજીત્રાનો વતની દેવીદાસ ગાંધર્વ ૩૦ કડવામાં વિસ્તરતું,વીર,શૃંગાર અને હાસ્યનાં છાંટણાં છાંટતા રસભર્યાં 'રુકિમણીહરણ' કાવ્યની રચના કરી જાણીતો બન્યો છે. એના અંતિમ કડવામાં રચનાસમયનો ઉલ્લેખ સં.૧૬૬૦ મળે છે. ઉપરાંત કૃષ્ણવિષયક અન્ય બેકૃતિઓ 'ભાગવતસાર'(અપ્રગટ) અને 'રાસપંચાધ્યાયીસાર'(પ્રગટ) પણ મળે છે. પણ તેની યશોદાયી કૃતિ' રુકિમણીહરણ ' છે .લગ્નની તૈયારી,લગ્નસમયની રુકિમણીના અંતરની અવસ્થા,કૃષ્ણના દેહસૌંદર્યનું વર્ણન-ઈત્યાદિ કવિએ રસમય અને રોચક શૈલીમાં નિરુપ્યાં છે. એમાં આવતાં લગ્નગીતો સ્વતંત્ર રીતે પણ સ્ત્રીઓમાં ગવાય છે, એ કવિનું આ આખ્યાન કેટલું લોકપ્રિય બન્યું હશે એના નિદર્શનરુપ છે.

આખ્યાનપ્રવાહમાં નાકર પછી નોંધપાત્ર પ્રદાન ખંભાતના નાગર બ્રાહ્મણ કવિ વિષ્ણુદાસનું છે. તેણે વિપુલ સંખ્યામાં નાકરની ઢબે જ આખ્યાનો લખ્યાં,પણ એના આખ્યાનોમાં નાકર જેવું સત્વ ક્યાંય વરતાતું નથી. કથાપ્રવાહને અનુરુપ સીધીસાદી કથનશૈલી,કથાનો વેગ,આકર્ષક સંવાદો નિરુપવાની અને પાત્રને ઉપસાવવાની આવડત ઈત્યાદિ છે.પરંતુ નાકરમાં કવિત્વના જે ઉન્મેષો છે, એ વિષ્ણુદાસમાં નથી.

ભાગવત પર આધારિત 'લક્ષ્મણાહરણ',[૧૯] 'દ્વારિકાવિલાસ,' 'સુદામાચરિત્ર,'[૨૦] 'ઉષાહરણ' ઈત્યાદિ આખ્યાનો તેણે આપ્યાં છે. સમગ્રપણે એ સાદો કથનકાર છે. લાઘવ એનો ગુણ છે તો એની ગુણસીમા પણ છે.

કૃષ્ણદાસની અપ્રકાશિત રચના -૧૫ કડવાનું આખ્યાન ' સુદામાચરિત્ર' અને ૫૩ કડીની સંક્ષિપ્ત રચના ' રુકિમણીવિવાહ' મળે છે. એમાં અનેક કવિઓનાં પદ સંગ્રહીત છે, જેનું નામ છે 'રાધાકૃષ્ણની પદનો સંગ્રહ'. કેટલાંક પ્રક્ષિપ્ત પદ એવાં છે કે જેમનો પ્રસંગ સાથે કોઈ સંબંધ નથી. કૃષ્ણદાસના પ્રારંભિક પદ અને પાંચ છ અને સાતમા કડવા

Kalpana's

-માં છે. બીજા કડવામાં 'સૂરદાસનું', ત્રીજામાં 'વિજયોનું', ચોથામાં 'જન રઘુનાથ નું' તથા આઠમા અંતિમ 'ટપા'માં 'પીતામ્બરનું નામ છે. છેલ્લા પાંચ પદ 'વલ્લભ' નામના કવિનાં છે, જેને 'રાધાવિવાહ' નામ આપી શકાય. આથી આ કૃતિને કોઈ એક કવિની કહેવી એ અનુચિત નથી લાગતું. પરંતુ જે પદ કૃષ્ણદાસનાં છે એને 'રુકિમણી વિવાહ' કહેવું અનુચિત નથી.

આ કૃષ્ણરુકિમણી વિવાહ નિરુપતું એક હમચડી કાવ્ય છે.[22] કવિતાની દષ્ટિએ સાધારણ કોટિનું કાવ્ય છે. 'વૈષ્ણવોને ત્યાં વિવાહોત્સવ પ્રસંગે ગવાતાં' લખીને પ્રકાશકે એની લોકપ્રિયતા તરફ સંકેત કર્યો છે. એની 'દાણલીલા' અને 'રુકમણીહરણનો શ્લોકો'[23] પણ મળે છે.

સંસ્કૃતજ્ઞ કવિ પરમાણંદે ભાગવત દશમસ્કંધ અને અગિયારમાં સ્કંધને આધારે 'હરિરસ' નામની કૃતિ સં.૧૬૮૯ માં આપી છે. આગળના દેવીદાસના 'અશ્વમેધ' ની વર્ગબધ્ધ કૃતિઓની ઘાટીએ ૧૩૪૩ કડીના લાંબા કાવ્યને કવિએ ૧૨ વર્ગોમાં વિભાજિત કર્યું છે. એની શૈલી વર્ણનાત્મક છે, કેટલાક પ્રસંગો અત્યંત સંક્ષિપ્ત કરાયા છે, જયારેકેટલાક વિસ્તૃત કરાયા છે. આમ કાટછાટ કરી લોકભોગ્ય કૃતિ આપી છે. કવિની આ અપ્રકાશિત રચનામાં અનુવાદ પર વિશેષ આગ્રહ નથી.

કવિનું લક્ષ્ય લોકભોગ્ય પ્રસંગો વધુ વિસ્તારથી આપવા તરફ છે. બેશક પ્રાય: મૂળની કથાને અનુસરવાની સાવચેતી લીધી છે, છતાં ઘણા લોકપ્રસિધ્ધ અને લોકપ્રિય એવા પ્રસંગો પોતા તરફથી એમાં ઉમેરી લીધા છે. ઉદાહરણ તરીકે : કૃષ્ણજન્મ પૂર્વે દેવકીને આવેલું સ્વપ્ન. કવિએ વચ્ચે વચ્ચે વ્રજભાષામાં પદો પણ આપ્યાં છે એ આ કૃતિની વિશિષ્ટતા છે. ઉ.ત. 

વ્દારે ખેલત નંદજીકો લાલ

મૈયા કરગૃહી વ્યોમ નિહાલન

માંગત ચંદુ ગોપાલ - પૃ:૨૪- હરિરસ

વૈકુંઠદાસના સમય સંબંધમાં કશું જાણવા નથી મળ્યું. પોતાની એક માત્ર ઉપલબ્ધ રચના 'રાસલીલા' ના પ્રારંભમાં 'શ્રી ગોકુલચંદનિ' ને પ્રણામ કરે છે. તેથી તેમને ગોકુલનાથજીના શિષ્ય માની ૧૭ મી સદીના ઉત્તરાર્ધમાં એમનો સ્વીકાર કરવામાં આવે છે.[22] ગોકુલનાથના

શિષ્ય સંબંધી કંઈ નિશ્ચયપૂર્વક કહી શકાય નહિ છતાં ભાષા અને વસ્તુને આધારે તે ૧૭ મી સદીનો લાગે. 'રાસલીલા'માં શરદપૂનમની રાત્રિની શ્રીકૃષ્ણ અને ગોપીઓની રાસલીલા નો પ્રસંગ સંક્ષિપ્તરુપે વર્ણવાયેલો છે.

નારાયણ નામના કવિએ 'નવરસ' નામની કૃતિમાં ૧૧ પદ રચી શાસ્ત્રીય રીતે નવરસ ખડા કર્યા છે. એમાં કવિએ કૃષ્ણ અને રાધાનો વિહાર ગાયો છે, ને સાવચેતીપૂર્વક રસની જમાવટ કરી છે, ને રસાલંકારથી યુકત ગુજરાતીકાવ્યની ખોટ પૂરી પાડી છે.

ફાંગ નામના કવિએ ' કંસોધ્ધરણ' નામુ કાવ્ય આપ્યું છે. તે જ્ઞાતિએ મોઢ બ્રાહ્મણ ને લાડોલનો વતની હતો. ૨૭ કડવાના આ કાવ્યમાં કવિએ ચાલુ પૈરાણિક પધ્ધતિએ ભાગવતના દશમસ્કંધનું વસ્તુ લઈ કાવ્ય રચ્યું છે.

કેશવદાસે વૈષ્ણવે 'મથુરાલીલા' નામની કૃતિમાં કંસે અક્રૂરને કૃષ્ણબલરામને લેવા મોકલ્યા, ત્યારથી લઈ જરાસંઘ સાથેના યુધ્ધ સુધીનું કથાનક ગાયું છે. અક્રૂરાગમન, ગોપીઓની વિહ્-વળતા, મથુરાપ્રવેશ, જુદી જુદી લીલા, કંસવધ, ઉધ્ધવસંદેશ વગેરે પ્રસંગોથી કવિ આખ્યાનને સમૃધ્ધ કરી શકયો છે.

વિશ્વનાથ જાનીએ પચીસ પદોની માળારુપે 'પ્રેમપચીસી' નામી કૃતિ આપી છે. એમાં ઉધ્ધવસંદેશ નિરુપાયેલો છે. આરંભમાં મથુરામાં કૃષ્ણને કેમ સોરવતું નથી એ વિશે વસુદેવ દેવકીનો સંવાદ છે. વસુદેવની કૃષ્ણને મથુરામાં આનંદથી રહેવા ને રાજભોગ ભોગવવા વિનંતી છે. એનો જવાબમાં કૃષ્ણ વ્રજની પુણ્ય સ્મૃતિથી ઉભરાતો ઉત્તર આપે છે. ઉધ્ધવ સાથે કૃષ્ણ હૃદયસ્પર્શી સંદેશો પાઠવે છે. ઉધ્ધવનું ગોકુલગમન, નંદજશોદા તથા ગોપીઓના પ્રતિભાવ, ઉત્તર ઈત્યાદિ પ્રસંગો આલેખતી, ભકિતરસે છલકાતી આ સુંદર કૃતિમાં કૃષ્ણના ઉભય માતાપિતાનું વાત્સલ્ય, શ્રીકૃષ્ણનો નંદજશોદા પ્રત્યેનો ભકિતભાવ અને ગોપીઓની પ્રેમલક્ષણા ભકિતસર્વનું ઉત્કટ ભાવનિરુપણ થયું છે.

વ્દારકાદાસ નામના વણિક કવિએ 'બારમાસ' અને 'કૃષ્ણલીલાનાં પદો' રચ્યાં છે. પ્રેમાનંદે ત્રેપનમા અધ્યાયથી અધૂરો મૂકેલો 'દશમસ્કંધ' પૂરો કરનાર સુંદર મેવાડાનું કવિત્વ સામાન્ય

કોટિનું છે.

રાજે મોલેસલામ ગરાસિયો હોવા છતાં ખરો કૃષ્ણભકત હતો. તેણે રચેલી 'રાસપંચાધ્યાયી', 'ગોકુલલીલા', 'વિરહગીતા', 'બારમાસી' વગેરે કૃતિઓમાં તથા શૃંગારનાં પદોમાં સુકોમળ ભકિતકવિતાનું દર્શન થાય છે. રાધા અને ગોપીઓની પ્રેમલક્ષણાભકિતનું અને પ્રિયતમ કૃષ્ણના વિરહ અને મિલને તેમનામાં જગાડેલા ભાવ સંવેદનોનું જે નિરુપણ રાજેનાં પદોમાં થયું છે, તે કેટલીકવાર નરસિંહ અને દયારામની યાદ આપે તેવું છે.

ખેડાનો ભાવસાર રત્નાએ રચેલા રાધાના કૃષ્ણવિરહના 'ઓધવજીના મહિના' માં, જેને 'ડશિયો શ્યામ ભુજંગ' એવી 'વિજોગણ રાધિકા' કારતકથી આસો સુધી મહિને મહિને, પલટાતી ઋતુએ હરિવિરહની વેદના કેવી અનુભવે છે, એનું લલિતમધુર કવિતામાં ભાવાર્દ્ર ગાન ગાયું છે. આ ઊર્મિબકતી કૃતિ નાના નાના પ્રકૃતિચિત્રોથી મનભર બની છે. એની 'દાણલીલા' હજી અપ્રસિધ્ધ છે.

તોરણાનો ખડાયતો વણિક રણછોડે 'રાધાવિવાહ' અને કૃષ્ણ વિષયક પદો આપ્યાં છે. ગોપીના ભાવાનુભવો ગાતાં તેનાં પદો રુઢ પ્રકારનાં છતાં રસિક છે.

રામકૃષ્ણે કૃષ્ણલીલા અને ગોપીઓની પ્રેમલક્ષણાભકિતનાં સેંકડો પદો અને 'રાસપંચાધ્યાયી' લખ્યાં છે.

થોભણે ( રાધિકાના) અબોલા, મહિના અને કૃષ્ણલીલાનાં પદો રચ્યાં છે. 'રાધિકાનું રુસણું ' પણ મળે છે.

જેની ' આવો મારે ઘેર માણવા હોજી રાજ, આવો મારે ઘેર માણવા' એ પંકિતને દયારામે અને 'માછીડા રે હોડી હલકાર મન છે મળવાનું' એ પંકિતને કવિ ન્હાનાલાલે પોતાનાં ગીત માટે ઊંચકી લેવાનું માન આપ્યું છે, અને 'કાનુડો કાળજાની કોર છે બેનીમારે, કાનુડો કાળજાની કોર છે' જેવાં જેનાં પદ સ્ત્રીઓમાં અદ્યાપિ લોકપ્રિય છે, એ શાંતિદાસ તથા ' સાંભળ સહિયર વાતડી ઉત્તમ આસો માસ ' એ પંકિતથી શરુ થતાં કૃષ્ણગોપીઓના રાસના સુંદર લોકપ્રિય પદ જેવાં ઘણાં પદો લખનાર લીંબડીનો મીઠો ઢાઢી—આ ગાળાના ગણનાપાત્ર પદ કવિઓ છે.

બાવળાનો, બારોટ જ્ઞાતિનો કવિ પ્રીતમ વેદાંતી યોગમાર્ગનો અભ્યાસી અને ભક્ત હતો. જ્ઞાનમાર્ગી કૃતિઓ ઘણી લખી હોવા છતાં તેનું કવિત્વ તો સૌથી વધુ ઝળક્યું છે, કર્ણમંજુલ પદોમાં. એનાં ભક્તિવિષયક પદોમાં કૃષ્ણલીલા અને ગોપીભક્તિનાં પદો છે. કૃષ્ણજન્મ, કૃષ્ણજન્મની વધાઈ, કૃષ્ણની બાળલીલા, દાણલીલા, મથુરાલીલા, રાધાકૃષ્ણ વિવાહ વગેરે પદોના વિષયો છે. તેમાં 'વેરણ વાંસલડી' નું તેમજ 'મનમોહનલાલ મારગડો મૂકો તો મથુરા જઈએ' વગેરે ખૂબ જ લોકપ્રિય થયેલાં છે. એનાં પદો લયવાહી છે, ચિત્રાત્મક છે, ભક્તિભાવથી ભરેલાં છે. વીસ વિશ્રામમાં રચેલી એની 'સરસ-ગીતા' માં શ્રીકૃષ્ણે ઉધ્ધવ સાથે મોકલેલો સંદેશો, ગોપીઓએ કૃષ્ણનાં સંસ્મરણો જોડે પ્રેમનીતરતી ભક્તિભર્યો આપેલો ઉત્તર-એ આનો કવનવિષય છે.

એણે પાંચ જાતના 'મહિના' આપ્યા છે, જેમાં રુઢ પ્રકારના રાધાવિરહના તો બેજ છે. આની વિશિષ્ટતા એ કે એમાં શરુઆત આષાઢથી થાય છે ને અંત જેઠમાં આવે છે. આ ઉપરાંત 'શ્રીકૃષ્ણાષ્ટક' જેવી નાની કૃતિ પણ રચી છે.

જ્ઞાની કવિ નિરાંતે 'મહિના'માં હરિવિરહનું રુઢ શૈલીનું ગાન ગાયું છે, તો ગોપીઓની પ્રેમ-લક્ષણા ભક્તિનાં ઘણાં ભાવવાહીપદો પણ લખ્યાં છે.

ભોજો ભગત અનુભવી જ્ઞાનમાર્ગી સંતકવિ છે, છતાં તેનાં ગોપીઓએ ઉધ્ધવ જોડે કહાવેલા સંદેશાનાં બે પદ ભક્તિની ભાવોર્મિથી છલકાતાં મળે છે.

પીજનો મોઢ બ્રાહ્મણ નરભેરામે 'કંસવધ', 'નાગદમન' અને 'સત્યભામાનું રુસણું' જેવી કૃતિઓ આપી છે, અને રાસલીલાનાં પદ આપ્યાં છે. રેવાશંકરની 'કૃષ્ણલીલા', મોતીરામની 'રાસલીલા', 'પ્રેમરસ', હરિભટ્ટનાં કૃષ્ણવિષયક પદો મળે છે.

માતરના વણિક કવિ ગિરિધરે 'ગોકુળલીલા', 'મથુરાલીલા', 'રાધાવિરહના બારમાસ' અને ભક્તિશૃંગારની ગરબીઓ અને પદો રચ્યાં છે.

સ્વામીનારાયણ સંપ્રદાયના કવિ બ્રહ્માનંદે રાસવર્ણનનું કાવ્ય તથા પ્રેમલક્ષણા ભક્તિનાં પદ

'લટકાળા હો લાલ મન મારું લીધું રે લટકે' તથા 'છેલા તારું છોગું ભાળી મોહી છું વનમાળી રે ' જેવાં આપ્યાં છે.

પ્રેમસખી પ્રેમાનંદે પણ કેટલાંક પદો ભાવનીતરતી વાણીમાં આપ્યાં છે.

મધ્યકાલીન સ્ત્રીકવિઓમાં પ્રથમ સ્થાન ગૌરીબાઈનું છે. આ નાગર બાઈએ જ્ઞાનવૈરાગ્ય ઉપરાંત 'કૃષ્ણલીલા' પણ લખી છે. તો કૃષ્ણાબાઈએ ' રુકિમણી ~~વિવાહ~~' હરણ' અને કૃષ્ણનાં હાલરડાં રચ્યાં છે. રાધાબાઈએ 'ભાગવતને આધારે રાધાકૃષ્ણની ભકિત ગાઈ છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના છેલ્લા પ્રતિભાસંપન્ન કવિ દયારામ સાઠોદરા નાગર બ્રાહ્મણ હતા. બાળપણથી વૈષ્ણવસંસ્કાર મળેલા હતા. ઈચ્છારામ ભટ્ટજી પાસેથી શાસ્ત્રજ્ઞાન મેળવી ભારતની અને શ્રીનાથજીની અવારનવાર યાત્રા કરી જીવનચિંતનનું સમૃધ્ધ ભાથું મેળવ્યું હતું.

તેમનું વિપુલ સર્જન તત્ત્વજ્ઞાન અને ભકિતના રંગે રંગાયેલું જોવા મળે છે. સાહિત્યમાં ગોપીજનવલ્લભ કૃષ્ણ સિવાય કોઈને ભજ્યો નથી. પુષ્ટિમાર્ગીય સાંપ્રદાયિક સાહિત્ય ઉપરાંત ભાગવતના 'દશમસ્કંધ' પર આધારિત ઘણી કૃતિઓ આપી છે, જેમકે— 'રાસલીલા,' 'બાળલીલા' 'દાણચાતુરીલીલા' 'ઓખાહરણ' 'કૃષ્ણઉપવીત' 'કૃષ્ણક્રીડા' ' કૃષ્ણજન્મખંડ', 'કૃષ્ણના ધ્યાનનું ધોળ' 'કૃષ્ણનામચિંતામણિ' 'કૃષ્ણસ્તુતિ' 'દશમલીલાઅનુક્રમણિકા', 'નાગ્નજીતિવિવાહ,' 'કમળલીલા' 'મુરલીલીલા' 'રુપલીલા' 'પત્રલીલા' 'પ્રેમરસગીતા' 'બાળલીલા' 'રાધાષ્ટોત્તરશતનામ' 'કૃષ્ણાષ્ટોતરશતનામ,' 'રસિયાજીના મહિના' 'રાધાજીનો વેવાખેલ', 'રાધિકાનાંવખાણ' 'રાધિકાનું સ્વપ્નું' 'રાધાવિરહના દ્વાદશમાસ' 'રુકિમણી વિવાહ,' 'રુકિમણીસીમંત,' 'રુકિમણી હરણ' 'સત્યભામાવિવાહ' સત્યભામાના વિવાહનોગર્વ,' 'શ્રીકૃષ્ણનામ માહાત્મ્ય માધુરી'—ઈત્યાદિ.

આ માધુર્યયુકત રસિક ભકિત કવિતામાં નરસિંહના જ ભકિતશૃંગારની પ્રેરણા જોઈ શકાય છે, જે ભાગવત અને 'ગીતગોવિંદ'ની પ્રણાલીનો જ છે. કવિએ રાધા અને કૃષ્ણનાં લગ્ન

સુધ્ધાં કરાવ્યાં છે, અને પોતે જ ગોપી બની કૃષ્ણશું સ્નેહ, વિરહ, મિલન , શૃંગાર, રિસામણાં, મનામણાં વગેરે ભાવો અનુભવી અવ્દૈત સાધવા મથ્યા છે. આવા ગોપીહૃદયના વિવિધ ભાવોનું અને કૃષ્ણ સાથેના પ્રેમપ્રસંગોનું હૃદયંગમ નિરુપણ ગરબીઓમાં તેમણે કર્યું છે. તેમની કવિત્વશકિતનો સર્વોચ્ચ ઉન્મેષ તેમની ગરબીઓમાં જ પ્રગટ થયો છે. તેમની લયવાહી, ભાવમધુર સ-રસ ગરબીઓ દ્વારા દયારામ મધ્યકાળના સુવર્ણયુગના કાવ્યમહાલયનું છેલ્લું ઝળહળતું શિખર છે.

હવે દશમ સ્કંધ આધારિત કેટલીક વિશિષ્ટ કૃતિઓ જોઈએ-પ્રસિધ્ધ તેમજ અપ્રસિધ્ધ:

**દાણલીલા:**

નરસિંહ, રતનો, રતનીદાસ, રત્નભટ્ટ, બ્રહ્માનંદ, કૃષ્ણદાસ, દાણરસચાતુરી(અજ્ઞાતકવિકૃત), દાસ હરિભટ્ટ, પ્રીતમની 'દાણચાતુરી', ગિરિધર, ગોકુળદાસનું' દાણલીલાનું કાવ્ય, ગોવિંદદાસ , ઘેલાભાઈનું 'દાણલીલાનું કાવ્ય, જીવરાજના 'દાણલીલાના સવૈયા', જોગેશ્વરના 'દાણલીલાના સવૈયા,' દ્વારકાદાસ , પ્રેમાનંદ, પ્રીતમની ગરબીઓ, બેચરના 'દાણલીલાના સવૈયા', દયારામની 'દાણચાતુરી,' બ્રહ્માનંદ સ્વામીનાં 'દાણલીલાનાં પદ, ભીમ, મોતીરામ, રાજે, સેવકરામ, હરિદાસ— ઈત્યાદિ કવિઓની —

કૃષ્ણલીલાનાં પદો: નરસિંહના 'બાળલીલાનાં પદ, 'કૃષ્ણચરિત્ર,' કહાનદાસનાં 'કૃષ્ણજન્મ વધાઈ'નાં, કૃષ્ણદાસની 'કૃષ્ણજીનાં સ્તુતિનાં પદ, કૃષ્ણાબાઈનાં 'શ્રીકૃષ્ણનાં હાલરડાં,' આનંદનાં 'કૃષ્ણનાં પદ,' ગુમાનનાં 'કૃષ્ણલીલાનાં પદ,' 'ગરબીઓ', ચતુર્ભુજનાં 'કૃષ્ણચરિતનાં પદ,' છોટમ શૃંગારી અને જગજીવનનાં, જયરામનાં 'શ્રીકૃષ્ણમહિમાનાંપદ,' જશવંતનાં 'કૃષ્ણમહારાજની સ્તુતિનાં પદ,' જાનકીબાઈનાં, જીવરાજનાં 'કૃષ્ણનાંપદ', જોગેશ્વરનાં 'કૃષ્ણચરિતનાં પદ 'દેવાનંદના 'કૃષ્ણભજનનનાં પદો', દેસાઈભાઈનાં અને દ્વારકાદાસ (૧૭૮૦) અને દ્વારકાદાસ(૧૮૨૯ ) 'કૃષ્ણનાં છૂટક પદ', અને 'કૃષ્ણનો જન્મોત્સવ,' 'કૃષ્ણલીલા,' ઘનજીભાઈની 'કૃષ્ણની બાળલીલા,' નંદદાસનાં 'કૃષ્ણમહિમાનાંપદ' નાનોભટનાં 'કૃષ્ણક્રીડાનાં પદ',

Kalpana's

નારણદાસના 'કૃષ્ણકીર્તનના પદ', નારાયણની 'કૃષ્ણલીલા', નિજાનંદની 'કૃષ્ણસ્તુતિ', પુરુષોત્તમના, પૂજારામના શ્રીકૃષ્ણના પદ, શ્રી પ્રીતમના 'કૃષ્ણજન્મવધાઈના', કૃષ્ણાવતારસંબંધી, પ્રેમાનંદ સ્વામીના કૃષ્ણપ્રેમના, બ્રહ્માનંદ સ્વામીના કૃષ્ણકીર્તનના, ભાલણ, ભુવણદાસ, ભોજાના કૃષ્ણકીર્તન, ભોવનભગત, માધવ, માધોદાસનું 'કૃષ્ણચરિત્ર', માનપુરી, મીરાં, મુકતાનંદ, રઘુનાથદાસના કૃષ્ણક્રીડાના પદ, રઘુરામની કૃષ્ણલીલા, રવિદાસના કૃષ્ણપ્રેમના પદ, રાજારામનું 'કૃષ્ણચરિત્ર', રાધાબાઈની 'બાળલીલા', રામકૃષ્ણભગતના કૃષ્ણલીલાના, નંદનંદનપ્રેમના, રામદાસસુત, રામદાસ, રેવાશંકરની 'બાળલીલા', વિઠ્ઠલના કૃષ્ણભક્તિના, શાંતિદાસની 'કાનુડાની બાળલીલા', શેખાજી, પૂરણપક્ષવાસીની 'બાળલીલા', વેલાસુત ડોસોનો 'બાળલીલાનો સલોકો', અજ્ઞાતવિકૃત 'શ્રીકૃષ્ણલીલા' (બાળલીલા), ભૂમાનંદનું 'બાલચરિત', વલ્લભ ભટ્ટ (રાજનગર) 'કૃષ્ણચરિતના સોરઠા' — ઇત્યાદિ.

રુકિમણીહરણ: દેવીદાસ, કૃષ્ણદાસ, કૃષ્ણરામનું 'રુકમણી સ્વયંવર', અજ્ઞાતકવિકૃત 'રુકિમણીઆખ્યાન', રાઠોડ શ્રી પૃથ્વીરાજની 'કૃષ્ણરુકિમણીવેલ', કૃષ્ણાબાઈ, ગોવિંદદાસ, દયાશંકરનું 'રુકિમણીસ્વયંવર', દેવીદાસ, ભાલણ, માધવ, મુકતાનંદનો 'રુકિમણી વિવાહ', હરિ ભટ્ટ, મેઘજી, હરિરામનું 'રુકિમણીસ્વયંવર', શેઘજી, નાગર કવિ ત્રિકમદાસની હિંદી કૃતિ 'રુકિમણીવ્યાહ,' દયારામ, ધનજીનું 'રુકિમણીવિવાહ' — ઇત્યાદિ.

સતભામાનું રુસણું : નરભેરામ, વલ્લભ ભટ્ટ, ગોવિંદ, ગોવિંદદાસ, નરભેરામ, મીરાંબાઈ.

નાગદમણ: નરસિંહ, મતિસારનો 'કાલીનાગદમની સંવાદ', નરભેરામનું નાગદમણ, ઈસરકવિ, અજ્ઞાત કવિકૃત બે નાગદમણ, મહીદાસસુત, માધવ, રેવાશંકરની 'નાગદમનલીલા', પ્રેમાનંદ, ગંગાદાસ — ઇત્યાદિ.

ભ્રમરગીતા: બ્રેહદેવ, ભીમની 'રસિકગીતા,' (ભીમગીતા), વલ્લભનો 'ઓધવજીનો ગરબો', સારથીભારથીની 'ભ્રમરગીતાસાર', પ્રેમાનંદની 'ભ્રમરપચીસી', કોઈક અજ્ઞાત કવિનો 'ઉધ્ધવગોપીસંવાદ', પ્રીતમની 'સરસગીતા', મુકતાનંદની 'ઉધ્ધવગીતા', નંદદાસ, રઘુનાથનો 'ઓધવજીનો સંદેશો', 'રાધાકૃષ્ણ સંવાદ', રઘુનાથનો 'ઉધ્ધવસંદેશ' અજ્ઞાત કવિકૃત 'કૃષ્ણગોપીસંવાદ', અજ્ઞાત કવિકૃત 'ગોપીગીતા', નરભેરામનો 'ઉધ્ધવનો સંદેશો', નરહરિદાસનો 'ગોપી ઉધ્ધવસંવાદ', નાકર, ભાલણનું 'ગોપીગોવિંદ સંવાદ',

'ઉધ્ધવઆવાગમન' માધવ, મોતીરામનો 'ઓધવજીનો ગરબો'

દયારામની 'પ્રેમરસગીતા', મુકુંદનો 'કાહાનગોપીસંવાદ', ગંગાદાસ.

નરસિંહનાં રાસનાં પદો;

રાસલીલા:

કલ્યાણસુત, કૃષ્ણદાસની 'રાસક્રીડા'; ગણેશ જોષીનાં રાસલીલાનાં છૂટક પદ, જગન્નાથ, જાદવસુત, થોભણનો 'રાધિકાનો રાસ'; દાસનો દાસ 'રાસલીલાનાં કડવાં', દેવીદાસની 'રાસપંચાધ્યાયી', ધીરાની, ભગવાનદાસની 'કૃષ્ણગોપીલીલા', લાણાનેસુત, ભીમની 'ગોપીસ્નેહલીલા', ગિરિધરનો 'રાધાકૃષ્ણનો રાસ', માધવની 'રાસપંચાધ્યાયી' મીઠો, મુકુંદ, મુકતાનંદની 'પ્રેમલીલા', મેહરાજ, મોતીરામ, રણછોડજીની 'રાસપંચાધ્યાયી', રામકૃષ્ણ ભગતનો 'રાધાકૃષ્ણવિલાસ', 'શ્રીકૃષ્ણનો રાસ'; રુપરામનો 'રાસનો ગરબો', રેવાશંકર, શામળદાસની 'કૃષ્ણગોપીલીલા', નરભેરામનાં 'રાસલીલાનાં પદ', અજ્ઞાત કવિકૃત 'રાસપંચાધ્યાયી', વાસણદાસનો 'કૃષ્ણવૃંદાવન રાધારાસ', દ્વારિકેશ, લક્ષ્મીદાસની 'રાસપંચાધ્યાયી', વ્યાસની 'રાસપંચાધ્યાયી', અજ્ઞાતકવિકૃત 'રાસનાંપદ', દયારામ.

માસ: જીવણદાસનાં 'નંદકિશોરના મહીના', થોભણના 'કૃષ્ણવિરહના દ્વાદશમાસ', દ્વારકાદાસ :૧૭૮૦: અને દ્વારકાદાસ :૧૮૨૯:ના 'દ્વાદશમાસ', નાનોભટ્ટ 'કૃષ્ણના દ્વાદશ માસ', ગિરિધરના 'રાધાવિરહનાં દ્વાદશમાસ', માધવના 'કૃષ્ણવિરહના બારમાસ', મેહરાજના 'દ્વાદશમાસ', મોતીરામના 'વિરહના દ્વાદમાસ', રણછોડજીના 'કૃષ્ણના જીવનના મહિના', રત્નેશ્વરના 'રાધાકૃષ્ણના મહિના', રાજેના 'દ્વાદશ મહિના', અજ્ઞાત કવિકૃત 'કૃષ્ણ દ્વાદશમાસ', 'કૃષ્ણજીના મહિના'.

ઓખાહરણ: વીરસિંહ, જનાર્દન, નાકર, કાહાન ભટ્ટ, કાન્હ માધવ, નરસિંહનવલ; વિષ્ણુદાસ, પ્રેમાનંદ, દયારામ.

આ ઉપરાંત નીચેની કેટલીક કૃતિઓ જોઈએ:

અનુભવાનંદનો 'રાધાકૃષ્ણનો ગરબો', 'ચાતુરીઓ', ઓધવનો 'ગોપી વિરહ', કલ્યાણસુતનાં

'રાધાજીના રુસણાના પદ,' કહાનદાસનો 'ગોવર્ધનરાસ,' કુબેરનો 'શ્રીકૃષ્ણનો થાળ,' કુશળદાસનું 'ગોપીગીત,' ગંગારામના 'કૃષ્ણ અને રાધાજીના પદ'; ગોકુળદાસના 'વસંતના પદ,' ગોવિંદનો 'કૃષ્ણગરુડસંવાદ,' ગોવિંદદાસનો 'રાધાહાર,' ઘેલાભાઇના 'રાધાકૃષ્ણવિનોદના પદ,' જયરામની 'શ્રીકૃષ્ણનો થાળ,' જીવણરામની 'કૃષ્ણની થાળ,' થોભણનો 'રાધિકાનો રાસ,' દ્વારકાદાસના 'ગોવર્ધનપૂજા,' 'રાધિકાના વિવાહ,' 'રાધાવિલાસ,' નરપતિની 'ભાગવતહરિલીલા,' નરભેરામનો 'કૃષ્ણવિનોદ,' 'દાવાનળપાન,' 'દામોદરબંધન,' નાકરની 'કૃષ્ણવિષ્ટિ,' ભવાન ભગતનો 'ગોપીપ્રેમ,' ભક્તિદાસ 'કૃષ્ણચરિત્ર,' ભીમની 'ઉખલબંધનલીલા,' 'હરિવંશ,' માધવની 'ગોવર્ધનલીલા,' 'કંસવધ,' 'શ્રીકૃષ્ણ સ્વરુપે,' મુકુંદનો 'રાધાવિનોદ,' 'ગોપિકાનો કાગળ,' 'મથુરાનો કાગળ,' મોતીરામનો 'પ્રેમરસ,' 'ચાતુરીભાવલીલા,' 'ઓધવજીસાથે ગોપીઓએ મોકલેલ પત્ર,' રઘુનાથદાસના 'વસંતના પદ,' રણછોડજીનો 'રાધાવિવાહ,' 'રાધાનું રુસણું,' રસિકદાસની 'કૃષ્ણનીથાળ,' રાજેનો 'કૃષ્ણપ્રત્યે ગોપીનો પત્ર,' 'કૃષ્ણભગવાનનો ઝૂલણા,' 'રાધિકાજીસ્વપનમાં પરણ્યાં,' રાધાબાઈનો 'કૃષ્ણવિવાહ,' 'કૃષ્ણની ગરબીઓ,' 'કંસવધ,' 'મુચકુંદમોક્ષ,' રામકૃષ્ણના 'ગોપીપ્રેમના પદ,' રામદાસના 'વાંસલડીનો પદ'; રેવાશંકરની 'દ્વારિકાલીલા'; લક્ષ્મીદાસનું 'લક્ષ્મણાહરણ,' 'અમૃતરસપચીસી,' વલ્લભભટના 'કૃષ્ણવિરહના પદ,' 'સત્યભામાનો ગરબો'; વિશ્વનાથ જાનીનો 'રાધાવિનોદ,' બ્રહ્મદેવના 'કૃષ્ણવિરહના પદ'; સુદદાસનું 'કૃષ્ણચરિત્ર,' હરિદાસના 'રાધાજીના માનના પદ,' હરિરામના 'કૃષ્ણવિરહના પદ'; રઘુનાથનો 'રુક્મિણીનો વિવાહ,' જગદીશની 'સુદામાબારાખડી'; વિશ્વનાથનો 'કાનુડાનો ગરબો'; રુપરામની 'વાંસળી'; નાથની 'કાહાનાની આતુરી'; રુગનાથનો 'રુક્ષ્મણીનો કાગળ'; ઈસરનો 'હરિરસ,' વિશ્વનાથનું 'રસિકરાજ' યાને 'રાધાકૃષ્ણવિનોદ'; નાથભવાનનો 'રાધાકૃષ્ણનો ગરબો'; વલ્લભનો 'સત્યભામાજીનો ગરબો,' 'ઉધ્ધવજી અને ગોપીનો ગરબો,' અજ્ઞાત કવિકૃત 'દ્વાદશકુંજલીલા,' દામોદરનું 'માધવચરિત્ર,' અજ્ઞાત કવિઓકૃત 'રાધાકૃષ્ણનો શ્લોક,' 'રાધાજીનું રુસણું,' અને 'દ્વારકા આગમન,' 'રાધાદૂતીસંવાદ,' તુલજારામનું 'રંગીલા કહાનનું ધોળ,' નાથનો 'રાધાદામોદરનો ગરબો'; ખીમોની 'કૃષ્ણજીની લાવણી'; વલ્લભભટ શ્રાજનગરના 'રાધાનો

અને બીજા ગરબા, નરસિંહનાં 'રાધાશ્યામના પદો,' માધવદાસની 'શ્રીકૃષ્ણવિનતી;' શિવાનંદનો 'સત્યભામાનો ગરબો,' લાવણ્યકીર્તિકૃત 'રામકૃષ્ણચોપાઈ,' જિનચન્દ્રસૂરિકૃત 'સાંબપ્રદ્યુમ્નચોપાઈ,' કમળશેખરકૃત 'પ્રદ્યુમ્નચરિત;' ગુણરત્નસૂરિશિષ્ય સોમચંદકૃત 'કામદેવકુંવર – રાસ,' સમયસુંદરકૃત 'સાંબપ્રદ્યુમ્નપ્રબંધ,' ગંગાદાસકૃત 'સુદામાખ્યાન,' 'ગોવર્ધનલીલા,' 'કંસવધ,' જ્ઞાનસાગરકૃત 'સાંબપ્રદ્યુમ્નરાસ.'

નીચેની કેટલીક કૃતિઓ ભાગવતના 'દશમસ્કંધ' પર આધારિત છે, પરંતુ તેના કર્તાના નામ વિનાની કૃતિઓ છે.

ઉધ્ધવસંવાદ (તૂટક), ઉધ્ધવગોપીસંવાદ; નાગદમણ; (માર.ગુજ) (તૂટક), ઓખાહરણ, રાસપંચાધ્યાયી; ગોપિકાગીત:ગદ્ય:, પ્રેમગીતા; નાગદમન; ભાગવત(ગદ્યસારમાત્ર), ચતુ:શ્લોકી ભાગવત; ભાગવતસાર; (ગદ્ય તૂટક), રુકિમણી વિવાહ; કૃષ્ણબાલચરિત્ર; દાણલીલા, કાનુડાના વિવાહ; રાધાજીના મહિમા; ઓધવજીની વીંટી; રાધિકા કૃષ્ણાષ્ટક, રાધાકૃષ્ણની ગોઠડી; રુકિમણીહરણ; (૧૦મા કડવાથી અધૂરું), રુકિમણી વિવાહ સપ્તશ્લોકી ભાગવત (ગદ્ય); બાળલીલા (૧૭૫૪), બાળલીલા (૧૭૨૦), હરિરસ; ઓખાહરણ, (તૂટક), ભાગવત ગદ્ય, (૧થી ૩ સ્કંધ તૂટક), દશમસ્કંધ (ગદ્ય–તૂટક), દશમસ્કંધ (ગદ્ય–તૂટક: ૧૬૦૫), દશમસ્કંધ ચોપાઈ; ભાગવત દશમ (૧૭૬૫), ભાગવત (ગદ્ય), ઓખાહરણ, હરિરસ; નાગદમની; ઓખાહરણ (તૂટક), રુકિમણીહરણ; ભાગવત દશમસ્કંધ; હરિલીલા; ચતુ:શ્લોકી ભાગવત; ભાગવત (ગદ્ય–૪ સ્કંધ સુધી), રુકિમણી હરણ, પંચશ્લોકી ભાગવત; ~~ભાગવત:~~ શ્રીરાસ, શ્રી; રાસઉચ્છવ; ઓખાહરણ, કૃષ્ણયુધિષ્ઠિરગોષ્ઠિ; રુકિમણીઆખ્યાન; ચતુ:શ્લોકી ભાગવત:ગદ્ય:, રસગીતા, રાધાજીના બારમાસ; કૃષ્ણજીના મહિના; કૃષ્ણચરિત્ર; દાણલીલા, રાસલીલા ને કૃષ્ણલીલા, રાધાદૂતીસંવાદ, સખીસુંદરવરનો ગરબો; કંસવધ; નાગદમન; કૃષ્ણનંદ દશમાસ; રાધાવહુનો રાસડો, નાગદમણ, ગોપીનો ગરબો, ગોપીપત્ર કૃષ્ણઉપર, રાધાવિયોગ, રાધિકાનાં વખાણ, દશમલીલા (૧થી૮ પાન), ગોપીગીતા,

પાદટીપ:

૧- ઈ:૧૨૯૨માં 'ગીતગોવિંદ'નો શ્લોક 'વેદાનુધ્ધરતે જગન્તિ વહતે ભૂભારમુદ્બિભ્રતે ।' સારંગદેવના તામ્રપત્રમાં ઉતારેલો હોવાનો પુરાવો મળે છે.

૨- દશાવતારચરિત શ્લોક ૮૩,૧૭૦,૧૭૧,૧૭૬

૩- આનંદવર્ધને 'ધ્વન્યાલોક' માં રાધાકૃષ્ણનો એક પ્રાચીન શ્લોક ઉદ્ધૃત કર્યો છે.

૧: તેષાં ગોપવધૂવિલાસસુહૃદાં ... વિગલન્નીલત્વિષ: પલ્લવા:| પૃ:૨૨:

'ધ્વન્યાલોક'માંનો બીજો શ્લોક ઈ:૧૦-૧૧મી સદીના પ્રસિધ્ધ આલંકારિક કુંતકના 'વક્રોક્તિજીવિત 'માં પણ લેવાયો છે.

૨: યાતે દ્વારાવતીં પુરીં મધુરિપૌ| - - ----

જલચરૈરુત્કંઠમાકૂજિતમ્ ||

૪- ૩ :ત: કનકકલશસ્વચ્છે રાધાપયોધરમણ્ડલે... પ્રિયા હસિતો હરિ:|

૫- પંચતંત્ર : તંત્ર :૪ પૃ:૪૬ ' તું રાધા નામની ગોપકુળમાં જન્મેલી મારી સ્ત્રી છો?

૬- અ: સં:૧૬૬૮ ની હસ્તપ્રત ' નરસૈં મહેતાનાં પદ' માં બારમા પદમાં આ પંક્તિ આવે છે.

ગુ.સાનો ઈતિહાસ : પૃ:૮૮ (ગુ.સા.પરિ:)

બ: નરસિંહના એક ગીત—

'ત્વમસિ શૃંગાર મમ હાર ઉરભૂષણ

ત્વમસિ મમ મગ્નચિત્ત સંગ દોલે ', માં ' ગીતગોવિંદ:૧૧-૩)

માંથી શબ્દો ઉતાર્યા છે. ' ચાતુરીઓ' માં ગીતગોવિંદનું સ્પષ્ટ અનુગુંજન છે.

૭- શ્રી; જેઠાલાલ ત્રિવેદી: 'પ્રાચીન કાવ્યમંજરી:' ૧૯૬૫:

૮- કવિચરિત: (ભા:૧-૨), પૃ:૨૩૮: કેશવરામની આ કૃતિ ભાલણના દશમથી ચડિયાતી છે, જ, પણ પ્રેમાનંદના દશમસ્કંધને પણ કયાંક હઠાવે એવી છે. પાંચમી સાહિત્યપરિષદના પ્રદર્શનમાં

૯ મૂકાયેલી હસ્તલિખિત પુસ્તકોની સૂચિમાં આ કાવ્ય નોંધાયું છે. કેશવરામના દશમસ્કંધનોજ તે એક ભાગ હશે કે સ્વતંત્ર કાવ્ય તે નથી જાણી શકાયું.

Kalpana's

તે નથી જાણીશકાયું.

૧૦ કવિચરિત પૃ:૧૧૪ ( શ્રીધરની ૧૬ કડવાની ટૂંકી રચના 'ગૌરીચરિત્ર'માં પદ અને કડવાં પધ્ધતિ ધીમે ધીમે પરસ્પરની વધુ નજીક આવતી જોવા મળે છે. નરસિંહની ચાતુરીઓની અસર કાવ્યબંધમાં દેખાઇ આવે છે. આ સંદર્ભમાં શ્રી શાસ્ત્રી કહે છે તેમ પદપ્રકાર અનેકડવા-પ્રકાર વચ્ચે સમન્વય સાધતી પધ્ધતિનો વિકાસ સં:૧૫૬૫ સુધીમાં જોવા મળે છે. 'ભાલણ એક અધ્યયન )

૧૧ - સંપાદક: 'હરિવિલાસ'-એક મધ્યકાલીન જૈનેત્તર ફાગુ:

૧૨ - ગુજરાતી સાહિત્ય: મધ્યકાલીન:શ્રી અનંતરાય રાવળ પૃ:૧૧૯:

૧૩ - કવિચરિત: ભા:૧: શ્રી કે.કા.શાસ્ત્રી: પૃ:૨૨૨-૨૨૩:

૧૪ - એજન: ભાગ:૧: શ્રી કે.કા.શાસ્ત્રી:પૃ:૨૨૪:

૧૫ - એજન: ભાગ:૧: પૃ:૨૮૭:૨૨૮:

૧૬ - એજન:ભાગ:૨: પૃ:૨૬૨:

૧૭ - એજન:ભાગ૨: પૃ:૪૧૧

૧૮ - એજન: ભાગ:૨: પૃ:૪૧૪

૧૯ - કૂડની 'પાંડવવિષ્ટિ'ના અંતિમ પૃષ્ઠનો ઉલ્લેખ સુરત સાહિત્ય પરિષદના વિવરણમાં પૃ:૭૮ પર આપેલો છે.

૨૦ - આ કાવ્યની નોંધ ભાનુસુખરામ મહેતાએ કરી છે. તે સિવાય આમાં અસ્તિત્વ વિશે બાજુ કાંઇ જાણી શકાયું નથી.

૨૧ - કવિચરિત: પૃ:૪૫૪-૪૫૬

૨૨ - એજન: પૃ:૫૪૧: